२०३ वर्ष

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 27 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

LAKE એ LADAKH માં અને SNOW & GONDOLA કાશ્મીર માં મળી જસે જોવા,
લાખ્ખો રૂપિયા ખર્ચીને ના જતા LAKE અને SNOW જોવા -10 Degree મા

જુવો USA મા ખાસ




ZION NATIONAL PARK | ANTELOPE CANYON | HORSESHOE BEND | BRYCE CANYON

જે છે USAની ખાસિયત જે મળશે તમને ફક્ત USA માજ જોવા, ના કે દુનિયા ના કોઈ બીજા ભાગ મા

તમેજ વિચારો

૨ રાત્રિ કુદરતનો નજારો અને WORLD HERITAGE સાઇટ જોસો કે બગાડશો LAKE
અને SNOW જોવામા, એ પણ એક એક રાત માટે.


WHY USA WITH
URVI TOURS ?
21 NIGHTS / 22 DAYS
અમારા ટુરની વિશેષતાઓ
૨૨ દિવસની ટુરમાં ૨૦ દિવસ માણો આપણું Indian Breakfast.
૨૧ રાત્રીમાં થી ૧૯ રાત ૪ સ્ટાર હોટેલમાં મુકામ.
Orlando માં ૩ Theme પાર્ક ટુર કોસ્ટમાં સામેલ.
૨ રાત Utah માં મુકામ Antelope Canyon સાથે.
Las Vegas માં ૪ રાત્રિનો મુકામ.
૩ National Park ની મુલાકાત ફક્ત Urvi Luxury Destination સાથે.
૨ ઇન્ટરનલ ફ્લાઈટ ટુર કોસ્ટમાં સામેલ.
આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજનની મજા માણો Urvi Luxury Destination સાથે.
SAN FRANCISCO | LOS ANGELES | UTAH | LAS VEGAS | NIAGARA | WASHINGTON D.C | NEW YORK | ORLANDO
2 NIGHTS SAN FRANCISCO
• Guided City Tour
• Lombard Street
• Twin Peaks
• Golden Gate Bridge Recreation Area Etc.
• Golden Gate Bay Cruise
• 17 Miles Drive.
3 NIGHTS LOS ANGELES
UNIVERSAL
• Guided City Tour
• Kodak Theatre
• Chinese Theatre
• Hollywood Walk Of Fame Etc.
• Santa Monica Beach
• Universal Studio
4 NIGHTS LAS VEGAS
• The Sphere
• David Copperfield Magic Show
• Helicopter Ride
• Limousine Ride
• Fremont Street
Outlet Mall.
2 NIGHTS UTAH
• Horseshoe Bend
• Antelope Canyon
• Bryce Canyon
• Zion National Park.
2 NIGHTS NIAGARA FALLS
• Maid of the Mist
• Cave of the Winds
• Scenic Trolley
1 NIGHT WASHINGTON
• Hershey's Chocolate Factory
• Guided City Tour of Washington D.C
3 NIGHTS NEW YORK
• Statue Of Liberty
• Guided City Tour
• The Edge
• Summit One Vanderbilt
• Beast Boat Ride
4 NIGHTS ORLANDO
• Magic Kingdom
• Islands Of Adventure
• Epcot Center
URVI LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.
DEPARTURES OF 2025 :
APR : 15 ( SOLD OUT ) 19 | MAY : 3, 10 ( SOLD OUT ), 17 ( SOLD OUT ) , 31
JUNE : 14, 28
JITEN DHAROD +91 98191 33199
DHIREN RUPARELIA +91 99305 49258
NIRAV MEHTA +91 80822 78468
1/A, PALM VIEW, L.N. ROAD, NEAR SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR EAST, MUM : 14
CONTACT US : +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 27 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા વધુ આર્થિક સુધારાની હિમાયત

## શાકભાજીના ભાવ ઘટવાની આશાઃ સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કરાયું

નવી દિલ્હીઃ સંસદમાં અંદાજપત્રની પહેલાં શુક્રવારે રજૂ કરેલા આર્થિક સર્વેક્ષણમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વધુ આર્થિક સુધારા કરવાની હિમાયત કરી હતી.

તેણે આગામી દિવસોમાં શાકભાજીના ભાવ ઘટવાની સાથે ખાદ્યસામગ્રી પર આધારિત ફુગાવાનો દર ઓછો થવાની આશા વ્યક્ત કરાઇ હતી.

આર્થિક સર્વેક્ષણમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ સુધીમાં) દરમિયાન દેશનો આર્થિક વિકાસદર ૬.૩થી ૬.૮ ટકા રહેવાની ધારણા વ્યક્ત કરાઇ હતી. આ વિકાસદર ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષના ૮.૨ ટકા કરતાં ઘણો ઓછો છે. અહેવાલમાં જણાવાયું હતું કે જો ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય, તો વાર્ષિક આર્થિક વિકાસદર આઠ ટકા જેટલો કે તેનાથી વધુ રાખવો જોઇએ.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરનની સાથે નાણાં મંત્રાલયની ટીમે આર્થિક સર્વેક્ષણ તૈયાર કર્યું હતું.

વી. અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે દેશના આર્થિક વિકાસ માટે કૃષિ ઉત્પાદનમાં વધારો કરવાની સાથે સ્થિર 'મેક્રો-ઇકોનોમિક એન્વાયર્નમેન્ટ' જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે ભારતે વિકસિત દેશ બનવા માટે આગામી એકાદ-

(જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 75,240/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## કેનેડા, મેક્સિકો, ચીન સામે કડક પગલાં જાહેર કરતું અમેરિકા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટેરિફ લાદવાની શનિવારે જાહેરાત કરી હતી અને ચીન સામે પણ આવાં પગલાં લેવાની ચીમકી આપી હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે જે ચીજો પરની ઇમ્પોર્ટ ડ્યૂટી વધારી છે, તેની યાદીમાં તેલ (ઓઇલ)નો પણ સમાવેશ કરવો કે નહિ, તે અંગે હું

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્દ્ર સરકાર ત્રીજી મુદતમાં ત્રણ ગણી ઝડપે દેશહિતાર્થના વિકાસકાર્ય કરી રહી છેઃ રાષ્ટ્રપતિ

### નદીઓને જોડવાની યોજનાને ઐતિહાસિક ગણાવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે દાવો કર્યો હતો કે કેન્દ્ર સરકાર ત્રીજી મુદતમાં ત્રણ ગણી ઝડપે દેશહિતના વિકાસકાર્ય કરી રહી છે.

તેમણે સરકાર દ્વારા દેશની વિવિધ નદીઓને જોડવા, વકફ બોર્ડ માટે, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી', મહિલા સશક્તીકરણ, 'મિશન મૌસમ' જેવા વિવિધ મુદ્દે લેવાઇ રહેલા પગલાંની સંસદના અંદાજપત્ર સત્રને સંબોધતી વખતે પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની વિવિધ નદીઓને એકબીજા સાથે જોડવાનું કામ હાથ ધર્યું છે અને તેનાથી લોકોની પીવાના પાણીની તેમ જ સિંચાઇની મોટા ભાગની જરૂરિયાત પૂરી થશે.

મુર્મૂએ જણાવ્યું હતું કે 'નેશનલ રુરલ લાઇવલિહૂડ મિશન' હેઠળના ૯૧ લાખથી વધુ

(જુઓ પાનું ૨) ▶▶


This is a public announcement for information purposes only and is not a prospectus announcement and does not constitute an invitation or offer to acquire, purchase or subscribe to securities. Not for release, publication or distribution directly or indirectly, outside India. Initial public offer of Equity Shares (as defined below) on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

DrA

DR. AGARWAL'S HEALTH CARE LIMITED

(Please scan the QR code to view the RHP and the Abridged Prospectus)

Our Company was incorporated as 'Dr. Agarwal's Health Care Limited' at Chennai, Tamil Nadu as a public limited company under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated April 19, 2010, issued by the Registrar of Companies, Tamil Nadu and Andaman and Nicobar Island at Chennai (**"RoC"**) and commenced operations pursuant to a certificate for commencement of business dated May 29, 2010 issued by the RoC. For details in relation to changes in the registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** on page 250 of the Red Herring Prospectus dated January 23, 2025 filed with the ROC (**"RHP"** or the **"Red Herring Prospectus"**).

**Registered Office:** 1st Floor, Buhari Towers, No.4 Moores Road, Off Greams Road, Near Asan Memorial School, Chennai 600 006, Tamil Nadu, India
**Corporate Office:** 3rd Floor, Buhari Towers, No.4, Moores Road, Off Greams Road, Chennai 600 006, Tamil Nadu, India; **Telephone:** +91 44 4378 7777;
**Website:** www.dragarwals.co.in; **Contact person:** Thanikainathan Arumugam, Company Secretary and Compliance Officer; **E-mail:** secretarial@dragarwal.com;
**Corporate Identity Number:** U85100TN2010PLC075403

**THE PROMOTERS OF OUR COMPANY: DR. AMAR AGARWAL, DR. ATHIYA AGARWAL, DR. ADIL AGARWAL, DR. ANOSH AGARWAL, DR. ASHVIN AGARWAL, DR. ASHAR AGARWAL, DR. AMAR AGARWAL FAMILY TRUST, DR. ADIL AGARWAL FAMILY TRUST, DR. ANOSH AGARWAL FAMILY TRUST, DR. ASHVIN AGARWAL FAMILY TRUST AND DR. ASHAR AGARWAL FAMILY TRUST, DR. AGARWAL'S EYE INSTITUTE AND DR. AGARWAL'S EYE INSTITUTE PRIVATE LIMITED**

INITIAL PUBLIC OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 EACH ("EQUITY SHARES") OF DR. AGARWAL'S HEALTH CARE LIMITED ("COMPANY") FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹[●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹[●] MILLION COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹3,000 MILLION BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 67,842,284 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION ("OFFERED SHARES") BY THE SELLING SHAREHOLDERS, CONSISTING OF UP TO 2,176,239 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. AMAR AGARWAL, UP TO 2,629,829 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ATHIYA AGARWAL, UP TO 3,071,188 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ADIL AGARWAL, UP TO 3,614,508 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ANOSH AGARWAL, UP TO 241,269 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ASHVIN AGARWAL, UP TO 1,883,869 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. AGARWAL'S EYE INSTITUTE (COLLECTIVELY "THE PROMOTER SELLING SHAREHOLDERS"), UP TO 7,083,010 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY ARVON INVESTMENTS PTE. LTD., UP TO 16,148,150 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY CLAYMORE INVESTMENTS (MAURITIUS) PTE. LTD., AND UP TO 30,755,592 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY HYPERION INVESTMENTS PTE. LTD. (COLLECTIVELY THE "INVESTOR SELLING SHAREHOLDERS"), UP TO 119,315 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY FARAH AGARWAL, UP TO 119,315 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY URMILA AGARWAL (COLLECTIVELY THE "OTHER SELLING SHAREHOLDERS") (THE PROMOTER SELLING SHAREHOLDERS, THE OTHER SELLING SHAREHOLDERS AND THE INVESTOR SELLING SHAREHOLDERS, COLLECTIVELY REFERRED TO AS THE "SELLING SHAREHOLDERS") AND SUCH EQUITY SHARES OFFERED BY THE SELLING SHAREHOLDERS ("OFFER FOR SALE", AND TOGETHER WITH THE FRESH ISSUE, THE "OFFER").

THE OFFER INCLUDES A RESERVATION OF UP TO 1,579,399 EQUITY SHARES OF FACE VALUE OF ₹1, AGGREGATING UP TO ₹[●] MILLION (CONSTITUTING UP TO [●]% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL), FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES ("EMPLOYEE RESERVATION PORTION") AND A RESERVATION OF UP TO 1,129,574 EQUITY SHARES AGGREGATING UP TO ₹[●] MILLION (CONSTITUTING UP TO [●]% OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL) FOR SUBSCRIPTION BY ELIGIBLE AEHL SHAREHOLDERS ("SHAREHOLDER RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION AND THE SHAREHOLDER RESERVATION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE [●] % AND [●] % OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY, RESPECTIVELY.

**CORRIGENDUM: NOTICE TO INVESTORS**

Please note that in the issue closing advertisement published in The Economic Times, Mint, Hindu Business Line, Financial Express, Jansatta, Business Standard and Mumbai Samachar, "Bid/ Offer Opens Today" was inadvertently mentioned instead of "Bid/ Offer Closes Today".
Please note that the Bid/Offer opened on Wednesday, January 29, 2025 and the Bid/Offer closes on Friday, January 31, 2025.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **DR. AGARWAL'S HEALTH CARE LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Thanikainathan Arumugam**
Company Secretary & Compliance Officer

**Place:** Chennai
**Date:** January 31, 2025

**DR. AGARWAL'S HEALTH CARE LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the RHP with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the websites of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com, Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india, Jefferies India Private Limited at www.jefferies.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.dragarwals.co.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section titled ***"Risk Factors"*** beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision and instead should place reliance on the RHP.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) pursuant to Section 4(a) of the Securities Act, or (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

CONCEPT


## ભારત સતત બીજા અન્ડર-૧૯ વિમેન્સ વર્લ્ડ કપની ફાઇનલમાં

### 'ચાર લેફ્ટી ક્રિકેટરો'એ ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ વિશ્વ કપની સેમિ ફાઇનલમાં અપાવ્યો વિજય

ક્વાલાલમ્પુરઃ મહિલાઓના અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે ગઈ કાલે સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડને નવ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ટીનેજ છોકરીઓનો આ બીજો ટી-૨૦ વર્લ્ડ કપ છે અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતની આ સતત બીજી ફાઇનલ છે જેમાં આવતી કાલે સાઉથ આફ્રિકા સામે મુકાબલો થશે. આ સેમિ ફાઇનલમાં ત્રણ લેફ્ટ-આર્મ સ્પિનર અને લેફ્ટ-હૅન્ડ બૅટરના

(જુઓ પાનું ૨) ▶▶

## પંજાબમાં માર્ગ અકસ્માતમાં ૧૧નાં મોત

ફિરોઝપુરઃ પંજાબમાં શુક્રવારે ધુમ્મસના લીધે એક પિકઅપ વાન ટ્રક સાથે અથડાતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં ૧૧ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

આ અકસ્માત ગુરુહરસહાય સબ-ડિવિઝનના ગોલુ કા મૌર ગામ નજીક થયો હતો. ગુરુહરસહાયના નાયબ પોલીસ અધિક્ષક સતનામ સિંહના જણાવ્યા અનુસાર ઘટનાની માહિતી મળતા જ રોડ સેફ્ટી ફોર્સ(એસએસએફ)ની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને જલાલાબાદના ગુરુહરસહાયની નજીકની હોસ્પિટલોમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક ગંભીર રીતે ઘાયલોને ફરીદકોટની ગુરુ ગોવિંદ

(જુઓ પાનું ૨) ▶▶




મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નિર્મલાના બજેટમાં મધ્યમ વર્ગને કંઈક મળે તો સારું

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારનું વધુ એક બજેટ રજૂ કરવાનો દિવસ આવી ગયો છે અને મોદી સરકારનાં સાવ દમ વિનાનાં નાણાં મંત્રી નિર્મલા સીતારામન શનિવારે રજૂ થનારા બજેટમાં શું પિરસે છે તેના પર સૌની નજર છે. નિર્મલા સીતારામને નાણાં મંત્રી તરીકે પાંચ વર્ષની આખી ટર્મ પૂરી કરી ને એ દરમિયાન રજૂ કરેલા કોઈ બજેટમાં ભલી વાર નહોતો. ભાજપની ટિપિકલ સ્ટાઈલમાં આંકડાની માયાજાળ લોકોને બતાવીને મોટી મોટી રાહતોનું ચિત્ર ઉભું કરાતું પણ એવી કોઈ રાહત મળી નથી. આ દેશમાં સૌથી મોટો વર્ગ મધ્યમ વર્ગ છે ને નિર્મલા જ નહીં પણ અત્યાર સુધીના ભાજપના તમામ નાણાં પ્રધાનોના બજેટથી એકાદ વર્ષના અપવાદ સિવાય નિરાશ જ થયો છે.

આપણે જૂના ઘા ખોતરવા નથી પણ એક વાત કહેવી જ પડે કે, ભાજપે મધ્યમ વર્ગનાં લોકો સાથે રીતસરની છેતરપિંડી ને વચનદ્રોહ કર્યો છે. ભાજપ સત્તામાં નહોતો આવ્યો ત્યારે નોકરિયાતો અને મધ્યમ વર્ગને રીઝવવા માટે આવકવેરા મર્યાદા વધારીને પાંચ લાખ કરવા સહિતનાં વચનો આપીને કરવેરામાં રાહતો આપવાની મોટી મોટી વાતો કરતો હતો પણ એવું કશું થયું નથી. આંકડાની માયાજાળ દ્વારા આવકવેરાની મુક્તિ મર્યાદા ૭ લાખ રૂપિયા કરી દેવાઈ છે ખરી પણ સામે પહેલાં મળતી રાહતો છિનવી લેવાઈ છે તેથી મધ્યમ વર્ગને કોઈ રાહત મળી નથી.

જો કે આ વખતે કંઈક રાહત મળશે એવી આશા રાખી શકાય કેમ કે આ વખતે મોદી સરકારની સ્થિતી અલગ છે. ગુજરાતીમાં કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે ને આ કહેવત નરેન્દ્ર મોદી સરકારને બરાબર લાગુ પડી રહી છે. લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સળંગ ત્રીજી વાર ભાજપને સ્પષ્ટ બહુમતી ના અપાવી શક્યા પછી જવાહરલાલ નહેરુ કરતાં મોટા નેતા હોવાની ને દેશના અત્યાર સુધીના સૌથી મહાન વડા પ્રધાન હોવાની ડંફાશો તો બંધ થઈ જ ગઈ છે પણ કેટલાક લોકોને સીધો ફાયદો કરાવે એવા નિર્ણયો પણ લેવાયા છે. પહેલાં જે મુદ્દાને અહમના પ્રશ્નો બનાવી દેવાયેલા એવા મુદ્દે પણ મોદી સરકાર ઢીલીઢફ થઈ ગઈ છે ને લોકોને ખુશ કરવા પગોમાં આળોટી રહી છે. આ જ ફોર્મ્યુલા બજેટમાં અપનાવાય એવો આશાવાદ રાખી શકાય.

મોદી સરકારની ગુલાંટબાજીનો તાજો દાખલો આઠમા પગાર પંચની જાહેરાત છે.

મોદી સરકારના મંત્રીઓ સરકારી કર્મચારીઓ માટે હવે પછી નવું કોઈ પગાર પંચ નહીં આવે એવું વારંવાર કહી ચૂક્યા છે. સરકારી કર્મચારીઓના પગારના કારણે સરકારના માથે બહુ બોજ આવે છે ને એ ખમી શકાય એમ નથી એવું પણ મંત્રીઓ કહી ચૂક્યા છે. આ કારણે નવું પગાર પંચ નહીં જ આવે એવું મનાતું હતું પણ લોકસભાની ચૂંટણીમાં ૨૪૦ બેઠકો મળી તેમાં ભાજપ સરકાર સરકારી કર્મચારીઓના પગોમાં આળોટી ગઈ. ખાલી નવા પગાર પંચની રચનાની જાહેરાત જ નથી કરી પણ ૨૦૨૬થી તેનો અમલ કરવાની જાહેરાત પણ કરી નાખી.

મોદી સરકારે એવું જ સરકારી કર્મચારીઓ માટેના પેન્શન મુદ્દે કર્યું છે. અટલ બિહારી વાજપેયી સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે પેન્શન રદ કરીને નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ) શરૂ કરાઈ તેની સામે કર્મચારીઓ લાંબા સમયથી વિરોધ કરીને જૂની પેન્શન યોજના લાગુ કરવાની માગ કરી રહ્યા હતા પણ મોદી સરકાર તેમની માગણીને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખતી હતી. સરકારી કર્મચારીઓના પેન્શનના કારણે સરકારના માથે બહુ બોજ આવે છે ને એ ખમી શકાય એમ નથી એવી દલીલ કરાતી હતી. કૉંગ્રેસ સહિતના વિપક્ષોની કેટલીક સરકારોએ જૂની પેન્શન યોજના દાખલ કરી તો ભાજપના નેતા તેને પ્રજાનાં નાણાંનો વેડફાટ ગણાવતા હતા. લોકસભાની ચૂંટણીમાં હાર્યા એટલે આ બધું જ્ઞાન જતું રહ્યું. તેના બદલે હવે નવી યુનિફાઈડ પેન્શન સ્કીમની જાહેરાત કરી નાખી.

આ તો બે ઉદાહરણ આપ્યાં પણ આયુષ્માન યોજનાનો લાભ ૭૦ વર્ષથી વધારે ઉંમરના લોકોને આપવા સહિતની ઘણી ગુલાંટબાજી છેલ્લા સાત મહિનામાં આપણે જોઈ છે. નિર્મલાના બજેટમાં પણ એ જ વલણ અપનાવાશે એવી અપેક્ષા વધારે પડતી નથી. આ દેશના મધ્યમ વર્ગના કારણે ભાજપ સત્તામાં આવ્યો છે ત્યારે બીજું કંઈ ના કરે ને કમ સે કમ આવકવેરાની મુક્તિ મર્યાદા વધારીને ૧૦ લાખની આસપાસ કરી દે તો પણ ઘણું છે. એ જરૂરી પણ છે કેમ કે બીજું કશું કરવાનું આ સરકારના હાથમાં નથી ને તેનું ગજું પણ નથી. મોદી સરકાર મોંઘવારી રોકવામાં સદંતર નિષ્ફળ ગઈ છે ને જે રીતે ભાવો બેફામ વધે છે તેના પરથી સ્પષ્ટ છે કે, આ સરકાર થૂંક ઉડાડવામાં પાવરધી છે, મોંઘવારી રોકવામાં નહીં.

મધ્યમ વર્ગને સૌથી વધારે સ્પર્શતી ને સૌથી વધારે પરેશાન કરતી ચાર બાબતોમાં મોંઘવારી ઉપરાંત બીજી ત્રણ બાબતો શિક્ષણ, આરોગ્ય અને ઘર છે. મોદી સરકારનો આ ત્રણેય બાબતો પર કોઈ જ અંકુશ નથી. મોંઘવારી રોકાતી નથી એટલે ઘર મોંઘાં થઈ રહ્યાં છે. મુંબઈ જેવા શહેરમાં તો સામાન્ય માણસ માટે ઘરનું ઘર સપનું જ છે પણ અમદાવાદ જેવા શહેરોમાં પણ હવે ઘરનાં ભાવ મધ્યમ વર્ગની પહોંચથી બહાર નિકળી ગયા છે. શિક્ષણ અને આરોગ્યમાં પણ એ જ હાલત છે. ભાજપના નેતા જ એજ્યુકેશન ને હેલ્થ માફિયા બનીને બેઠા છે તેથી તેનો બોજ પણ મધ્યમ વર્ગે વેંઢારવો પડે છે ને મોદી સરકાર કશું કરી શકવાની નથી.

આ સંજોગોમાં આવકવેરાની મુક્તિ મર્યાદા વધે તો પણ બહુ છે. કમ સે કમ થોડી ઘણી બચત તો લોકો કરી શકે ને રાહતનો શ્વાસ લઈ શકે. મોદી સરકારે અત્યાર લગી મધ્યમ વર્ગને છેતર્યો છે ને એ પાપનું પ્રાયશ્ચિત કરે એવી આશા તો નથી પણ લોકસભાની ચૂંટણીમાં મળેલી હારના કારણે મધ્યમ વર્ગને સાચવવો જરૂરી છે એવો અહેસાસ પણ આટલી રાહત આપવા ભાજપ સરકારને પ્રેરે એવી આશા રાખીએ.

મોદી સરકાર પર અમેરિકાનું પણ ભારે દબાણ છે કેમ કે ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાને ફરી મહાન બનાવવા માટે ભૂરાંટા થયા છે. આ કારણે નિર્મલાનું આ વખતનું બજેટ અગાઉની જેમ બીબાઢાળ નહીં હોય એવું લાગે છે પણ અમેરિકાને રાજી કરવામાં ભારતીયોનો ખો ના નીકળી જાય એ જોવું પડશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૧-૨-૨૦૨૫
શ્રી ગણેશ જયંતી, વરદ્ ચતુર્થી

ભારતીય દિનાંક ૧૨, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ-૩
જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૩
પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૩જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
ચંદ્ર કુંભમાં ક. ૨૦-૫૭ સુધી, પછી મીનમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૫ સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક.૧૩-૫૩ મધ્યરાત્રિ પછી ક.૦૨-૧૭ (તા.૨)
ઓટઃ સવારે ક. ૭. ૫૫, રાત્રે ક.૧૯-૫૦
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - તૃતીયા, વિનાયક ચતુર્થી, તિલકુંદ ચતુર્થી, શ્રી ગણેશ જયંતી, વરદ્ ચતુર્થી, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૬.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી ગણેશ ચતુર્થી ઉત્સવ, રાહુ દેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદમ્બનું વૃક્ષ વાવવું, શનિ દેવતાનું પૂજન, હનુમાન ચાલિસા, સુંદર કાંડ વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો. ધજા, કળશ પતાકા ચઢાવવી. માલ લેવિ, નોકરી, દુકાન, રત્ન ધારણ, વૃક્ષ વાવવાં, ધાન્ય વેચવું, પશુ લે-વેચ.
આચમનઃ ચંદ્ર શનિ યુતિ સતત વિચારશીલ , ચંદ્ર મંગળ ત્રિકોણ પુરુષાર્થી, શુક્ર-નેપચ્યુન વ્યવસાય
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર શનિ યુતિ, ચંદ્ર મંગળ ત્રિકોણ, શુક્ર-નેપચ્યુન યુતિ.
ગોચરગ્રહોઃગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# રાષ્ટ્રપતિ પર સોનિયા ગાંધીના નિવેદનને લઇને ભાજપે સાધ્યું નિશાન, કહ્યું- 'આ ઉચ્ચ પદનું અપમાન'

નવી દિલ્હીઃ સંસદના બજેટ સત્રના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના અભિભાષણ પર કૉંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ આપેલા નિવેદનને લઇને હોબાળો મચી ગયો હતો. વાસ્તવમાં પૂર્વ કૉંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ બજેટ સત્રના પ્રથમ દિવસે કથિત રીતે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ પોતાના ભાષણ દરમિયાન ખૂબ થાકી ગયાં હતાં. સોનિયા ગાંધી રાહુલ ગાંધીને કથિત રીતે એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે રાષ્ટ્રપતિ ભાષણના અંતમાં ખૂબ થાકી ગયાં હતાં. 'બેચારી મહિલા' ખૂબ મુશ્કેલીથી બોલી રહ્યાં હતાં. તેમની આ ટિપ્પણી તેમની આસપાસ ઊભા રહેલા પત્રકારોને સ્પષ્ટ સંભળાઇ રહી હતી.

સોનિયા ગાંધીના 'બિચારી મહિલા'ના નિવેદનને લઇને ભાજપે નિશાન સાધ્યું હતું અને આરોપ લગાવ્યો કે કૉંગ્રેસના નેતા દ્વારા રાષ્ટ્રપતિને ''બિચારી'' કહેવું ઉચ્ચપદનું અપમાન કરે છે અને તેમની સામંતવાદી માનસિકતા પ્રતિબિંબિત થાય છે.

રાષ્ટ્રપતિ દ્વારા સંયુક્ત બેઠકમાં ભાષણ આપ્યા પછી તરત જ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ભાષણ પર ચર્ચા કરતા જોવા મળ્યાં હતાં. સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલા એક વીડિયોમાં સોનિયા ગાંધીને કથિત રીતે કહેતા સાંભળવામાં આવ્યા હતા કે ''બિચારી મહિલા'', રાષ્ટ્રપતિ અંત સુધીમાં ખૂબ થાકી ગઈ હતી. તે ખૂબ મુશ્કેલીથી બોલી શકતાં હતાં.

આ ટિપ્પણી પર ભાજપના આઈટી વિભાગના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે ''સોનિયા ગાંધી દ્વારા રાષ્ટ્રપતિને 'બિચારી મહિલા' કહેવું એ ઉચ્ચ પદનું અપમાન છે અને તેમની સામંતવાદી માનસિકતા પ્રતિબિંબિત થાય છે. આ પહેલી વાર નથી જ્યારે કૉંગ્રેસે દેશના સર્વોચ્ચ બંધારણીય પદ સંભાળનારી પ્રથમ આદિવાસી મહિલાની મજાક ઉડાવી હોય.''

તેમણે કહ્યું હતું કે ''વિપક્ષના નેતા રાહુલ ગાંધી જે વારંવાર બંધારણની નકલ સાથે રાખીને પ્રચાર કરે છે, તેમણે રાષ્ટ્રપતિની સૌજન્ય મુલાકાત લેવાનું વિચાર્યું પણ નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે કૉંગ્રેસને બાબાસાહેબ આંબેડકરના બંધારણ, બંધારણીય મૂલ્યો, અથવા સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો - એટલે કે દલિતો, ઓબીસી અને આદિવાસીઓ - પ્રત્યે કોઈ સન્માન નથી.

# વારાણસીમાં ગંગા આરતી પાંચ ફેબ્રુઆરી સુધી બંધ

વારાણસી : ભીડમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, સત્તાવાળાઓએ વારાણસીના ઘાટ પર થતી ગંગા આરતી ૫ ફેબ્રુઆરી સુધી સામાન્ય જનતા માટે બંધ કરી દીધી છે.

પોલીસ કમિશનર મોહિત અગ્રવાલે કાશીના લોકોને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા અને ભક્તોને સહકાર આપવા અપીલ કરી છે.

ગંગા સેવા નિધિના પ્રમુખ સુશાંત મિશ્રાએ શુક્રવારે જણાવ્યું હતું કે દશાશ્વમેઘ ઘાટ પર થતી ગંગા આરતી ૫ ફેબ્રુઆરી સુધી સામાન્ય જનતા માટે બંધ રહેશે.

આ સાથે, શીતલા ઘાટ, અસ્સી ઘાટ અને અન્ય ઘાટ પર ગંગા આરતી કરતી સમિતિઓએ પણ સામાન્ય જનતા, મુલાકાતીઓ અને ભક્તોને ૫ ફેબ્રુઆરી સુધી ત્યાં ન આવવા અપીલ કરી છે.

પ્રયાગરાજ મહાકુંભથી પરત ફરતા મોટી સંખ્યામાં ભક્તો હજુ પણ વારાણસી કેન્ટ અને બનારસ રેલવે સ્ટેશનો પર ફસાયેલા છે. ઘણા ભક્તોએ જણાવ્યું હતું કે વધુ પડતી ભીડને કારણે તેઓ તેમની ટ્રેન ચૂકી ગયા હતા. આ ઉપરાંત, કેટલીક ટ્રેનો રદ થવાને કારણે સેંકડો લોકો સ્ટેશનો પર ફસાયેલા છે.

# સુનીતા વિલિયમ્સે અવકાશમાં બનાવ્યો નવો રેકોર્ડ

### સૌથી વધુ સમય સુધી સ્પેસવોક કરનારી મહિલા બની

વોશિંગ્ટનઃ ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સે ૬૨ કલાક અને છ મિનિટ સુધી અવકાશમાં સ્પેસવોક કર્યું હતું. આ સાથે સુનીતા વિલિયમ્સ સૌથી વધુ સમય સુધી સ્પેસવોક કરનારી મહિલા બની ગઇ હતી. જૂન, ૨૦૨૪થી આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (આઇએસએસ) પર ફસાયેલા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોરે ગુરુવારે સ્પેસવોક કર્યું હતું.

બન્નેએ આઇએસએસમાંથી બહાર આવીને ખરાબ થઇ ગયેલા રેડિયો સંચાર હાર્ડવેરને હટાવ્યો તથા સેમ્પલ એકઠા કર્યા હતા. જેનાથી જાણી શકાય કે પરિક્રમા કરી રહેલી પ્રયોગશાળાના બહારના ભાગમાં સૂક્ષ્મ જીવાણુઓ અસ્તિત્વમાં છે કે નહીં. સ્પેસવોક ઇએસટી સમય અનુસાર, સવારે ૭:૪૩ વાગ્યે શરૂ થયું હતું અને બપોરે ૧:૦૯ વાગ્યે પૂર્ણ થયું હતું. આ પ્રક્રિયા પાંચ કલાક અને ૨૬ મિનિટ સુધી ચાલી હતી. ઇએસટી એટલે યુએસ સ્ટાન્ડર્ડ ટાઇમ જે આઇએસટી (ભારતીય સ્ટાન્ડર્ડ ટાઇમ) કરતાં ૧૦.૫ કલાક પાછળ છે.

નાસાએ 'એક્સ' પર પોસ્ટમાં જણાવ્યું હતું કે ''નાસાની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સે ભૂતપૂર્વ અવકાશયાત્રી પેગી વ્હિટસનના સૌથી વધુ સમય સુધી અવકાશમાં સ્પેસવોક કરવાના સમય ૬૦ કલાક અને ૨૧ મિનિટને પાછળ છોડી દીધો છે. તેણીએ મહિલા અવકાશયાત્રી દ્વારા સૌથી વધુ સમય સુધી સ્પેસવોકના વ્હિટસનના રેકોર્ડને તોડી નાખ્યો હતો.'' નાસા અનુસાર, વિલિયમ્સનો અત્યાર સુધીનો કુલ સ્પેસવોક સમય ૬૨ કલાક અને છ મિનિટ છે, જે નાસાની સર્વકાલીન યાદીમાં ચોથા ક્રમ પર છે. વિલિયમ્સ (૫૯) અને વિલ્મોર જૂન ૨૦૨૪માં બોઇંગના સ્ટારલાઇનર મારફતે આઇએસએસના આઠ દિવસના મિશન પર ગયા હતા.

# મોદીએ 'આપ' પર કર્યો દિલ્હીના વિકાસને રોકવાનો અને રાજકીય એટીએમ તરીકે ઉપયોગ કરવાનો આક્ષેપ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે આમ આદમી પાર્ટી 'આપ' પર દિલ્હીના વિકાસને રોકવાનો અને રાજકીય એટીએમ તરીકે તેનો ઉપયોગ કરવાનો આક્ષેપ કર્યો હતો.

દિલ્હીના વિકાસ અને પ્રગતિ માટે ભાજપની ડબલ એન્જિન સરકારને ચૂંટી કાઢવાની મોદીએ લોકોને વિનંતી કરી હતી.

દ્વારકામાં એક જાહેરસભાને સંબોધન કરતાં મોદીએ તાજેતરમાં જ ખુલ્લાં મૂકવામાં આવેલા યશોભૂમિ કન્વેન્શન સેન્ટરને આધુનિક દિલ્હી માટેની ભાજપની દૂરંદેશીની ઝાંખી લેખાવી હતી.

ભાજપ દિલ્હીને અત્યાધુનિક બનાવવા માગે છે અને દ્વારકામાં ખુલ્લાં મૂકવામાં આવેલા કન્વેન્શન સેન્ટરમાં તેની ઝાંખી દેખાઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

'આપ' પર પ્રહાર કરતાં મોદીએ આક્ષેપ કર્યો હતો કે આમ આદમી પાર્ટીએ અન્ય રાજ્યોમાં પોતાની મહત્ત્વાકાંક્ષાની પૂર્તિ કરવા દિલ્હીને રાજકીય એટીએમ બનાવી દીધું છે.

'આપ'ને 'આપ-દા' લેખાવતાં તેમણે કહ્યું હતું કે 'આપ-દા'એ દિલ્હીવાસીઓના રૂપિયા લૂંટીને અન્ય રાજ્યોમાં તેની પ્રવૃત્તિઓ વિસ્તારવા તેનો ઉપયોગ કરી રહ્યું છે. 'આપ' દિલ્હીવાસીઓનાં ખિસ્સાં ખાલી કરી રહ્યો છે એમ જણાવી મોદીએ દિલ્હીને 'આપ'ના શાસનથી મુક્ત કરવાની વિનંતી કરી હતી.

સુચારુ વહીવટ પર ધ્યાન આપવાને બદલે સતત લડવામાં વ્યસ્ત રહેવાનો મોદીએ 'આપ' પર આરોપ મૂક્યો હતો.

છેલ્લાં થોડાક વર્ષથી દિલ્હીની 'આપ' સરકાર ઉત્તર પ્રદેશ, હરિયાણા, અને કેન્દ્ર સરકાર સામે સતત લડી રહી છે. જો આવા લોકો દિલ્હીના શાસન પર ચાલુ રહેશે તો દિલ્હી પાછળ રહી જશે એવી ચેતવણી મોદીએ આપી હતી. મોદીએ દિલ્હીની જનતાને વચન આપ્યું હતું કે અમારી સરકાર સત્તા પર આવશે તો અમે ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરીશું.

દિલ્હીમાં ભાજપની સરકાર આવતાં ની સાથે જ 'આપ-દા'નાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

'આપ' કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)નો અહેવાલ દબાવી રાખવાના પ્રયાસ કરે છે. અમારી સરકાર દિલ્હીમાં સત્તા પર આવતાં જ 'આપ-દા'ના કૌભાંડ અંગેનો કેગનો અહેવાલ વિધાનસભામાં રજૂ કરશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# 'આપ'ના સાત વિધાનસભ્યનું રાજીનામું

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે 'આપ'ના ઓછામાં ઓછાં સાત વિધાનસભ્યોએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું હોવાનાં અહેવાલ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેની ટિકિટ ન મળવાને કારણે આ વિધાનસભ્યો નારાજ હતા અને અન્ય પક્ષના સંપર્કમાં હતા.

મોટાભાગના વિધાનસભ્યોએ રાજીનામાંનો પત્ર સોશિયલ મીડિયા પર મૂક્યો હતો તેમ જ ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દાઓને મામલે 'આપ' પર પ્રહાર કર્યા હતા.

કસ્તુરી નગર મતદારક્ષેત્રના વિદાય લઈ રહેલા વિધાનસભ્ય મદનલાલે શુક્રવારે દાવો કર્યો હતો કે પક્ષના અન્ય છ વિધાનસભ્યએ પણ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે અને તેમણે દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલને રાજીનામું મોકલી આપ્યું છે.

રાજીનામું આપનારાં 'આપ'ના વિધાનસભ્યોમાં ભાવના ગૌડ, નરેશ યાદવ, રોહિત મહેરુલિયા, પવન શર્માનો પણ સમાવેશ થાય છે.

૭૦ બેઠક ધરાવતી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પાંચમી ફેબ્રુઆરીએ યોજાશે અને આઠ ફેબ્રુઆરીએ મતગણતરી કરવામાં આવશે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### દેશને વિકસિત

બે દાયકા સુધી આર્થિક વિકાસદર અંદાજે આઠ ટકા કે તેનાથી વધુ રાખવાની અને રોકાણનો હાલનો દર કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)ના ૩૧ ટકાથી વધારીને ૩૫ ટકા કરવાની જરૂર છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ)એ ૨૦૨૮ના નાણાકીય વર્ષ સુધીમાં ભારતનું અર્થતંત્ર પાંચ ટ્રિલ્યન ડૉલરનું અને ૨૦૩૦ના નાણાકીય વર્ષ સુધીમાં ૬.૩ ટ્રિલ્યન ડૉલરનું થવાની આગાહી કરી છે. સર્વેક્ષણમાં દેશના આર્થિક વિકાસને વેગવાન બનાવવા માટે આર્થિક નિયંત્રણ હળવા કરવાની, વેપારમાં વધુ છૂટછાટભરી નીતિ અપનાવવાની, નવી શોધને પ્રોત્સાહન આપવાની અને વિવિધ ટેરિફમાં ઘટાડો કરવાની ભલામણ કરાઇ હતી. અહેવાલમાં જણાવાયું હતું કે જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક-ગાળા દરમિયાન શાકભાજીના ભાવ ઘટવાની આશા હોવાથી ફૂડ (ખાદ્યસામગ્રી) આધારિત ફુગાવો ઘટશે.

તેણે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે ભારતના નાણાકીય ક્ષેત્રે વિકાસ કર્યો છે. બૅન્કોનો સરેરાશ નફો વધ્યો છે તેમ જ ધિરાણ અને ડિપોઝિટ (બાંધી મુદતની થાપણ)માંના વધારાના દર વચ્ચેનો તફાવત ઘટ્યો છે. મૂડી, સંપત્તિ ઊભી કરવામાં અને બચતમાં મૂડી-બજાર મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૩ અને નાણાકીય વર્ષ ૨૦૨૪ની વચ્ચે આઇપીઓના લિસ્ટિંગ્સમાં છ ગણો વધારો થયો હતો. યુવા રોકાણકારો વધુ ને વધુ ઇક્વિટી માર્કેટમાં ભાગ લઇ રહ્યા છે. કેન્દ્રનું અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરી, શનિવારે રજૂ થવાનું છે. (એજન્સી)

### કેન્દ્ર સરકાર

સેલ્ફ-હેલ્પ ગ્રૂપ્સ દ્વારા ૧૦ કરોડથી વધારે મહિલાને આર્થિક સહાય અપાઇ રહી છે અને તેઓના સશક્તીકરણ માટે કાર્ય કરાઇ રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે આજે ૧.૧૫ કરોડથી વધારે 'લખપતિ દીદી' સન્માન સાથે જીવે છે અને પોતાના પરિવારને આર્થિક મદદ કરે છે. સરકારે તાજેતરમાં 'વીમા સખી' અભિયાન પણ શરૂ કરાવ્યું હતું. દેશની મહિલાઓ ઑલિમ્પિક્સમાં ચંદ્રકો જીતીને દેશનું માન આંતરરાષ્ટ્રીય સ્તરે વધારી રહી છે. મુર્મૂએ જણાવ્યું હતું કે સરકારે નેશનલ મિલિટરી સ્કૂલ્સ અને નેશનલ ડિફેન્સ એકેડેમીમાં મહિલાઓને પણ પ્રવેશ આપવાનું શરૂ કર્યું છે.

રાષ્ટ્રપતિએ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને અને મહાકુંભમાં તાજેતરમાં થયેલી ધક્કામુક્કીમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે 'પ્રધાન મંત્રી આવાસ યોજના'માં વધુ ત્રણ કરોડ પરિવારને નવા ઘર આપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સરકાર 'આયુષ્માન ભારત સ્કીમ' હેઠળ ૭૦ વર્ષથી મોટી વયના વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમાની સુવિધા આપી રહી છે. આ ઉપરાંત, યુવાનોને રોજગારી પૂરી પાડવા રોજગારીને નવી તક ઊભી કરાઇ રહી છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં મેટ્રો નેટવર્ક ૧,૦૦૦ કિલોમીટરથી વધારે ફેલાયું છે. ગર્ભવતી મહિલાઓ અને તેઓનાં બાળકોને રસી આપવા 'યુ-વિન' પોર્ટલ શરૂ કરાયું છે.

મુર્મૂએ જણાવ્યું હતું કે સરકારે હવામાનની જાણકારી મેળવવા શરૂ કરેલું 'મિશન મૌસમ' સફળ રહ્યું છે અને તેને લીધે હવામાન અંગેની સચોટ માહિતી નાગરિકો, ખાસ ખેડૂતોને પૂરી પાડવામાં આવે છે. સરકાર કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)ને વિકસાવવા પણ પગલાં લઇ રહી છે. (એજન્સી)

### કૅનેડા, મેક્સિકો,

મંગળવારે રાતે નિર્ણય લઇશ. અમેરિકાના નવા પ્રમુખે વાઇટ હાઉસની ઓવલ ઓફિસમાં પત્રકારોને જણાવ્યું હતું કે હું અનેક કારણસર કેનેડા અને મેક્સિકોની સામે આ પગલાં લઇ રહ્યો છું. આ બે દેશમાંથી અમેરિકામાં સૌથી વધારે ગેરકાયદે વસાહતીઓ આવે છે અને કેફી પદાર્થોની દાણચોરી કરાય છે.

તેમણે જણાવ્યું હતું કે આ બે દેશ સાથેના વેપારમાં અમેરિકાની વ્યાપારની ખાધ ઘણી વધારે છે. તેઓ અમેરિકાની સાથે વાજબી ધોરણે વેપાર નથી કરતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે આપણી પાસે પૂરતું તેલ (ઓઇલ) છે. આપણા દેશની પાસે લાકડાં માટે જરૂરી વૃક્ષો પણ પૂરતી સંખ્યામાં છે. અમેરિકા પાસે અન્ય દેશોની સરખામણીમાં તેલનો સૌથી વિશાળ ભંડાર છે. આપણે ઓઇલ અને લાકડાં માટે બીજા દેશ પર આધાર રાખવાની જરૂર નથી.

અમેરિકાના નવા પ્રમુખે જણાવ્યું હતું કે આપણે કેનેડા અને મેક્સિકોને કોઇ પણ પ્રકારની આર્થિક સહાય કરવાની પણ જરૂર નથી. તેમણે જણાવ્યું હતું કે ચીને આપણા દેશમાં ફેન્ટાનિલ (દરદશામક દવા) મોકલીને અમેરિકાના લોકોને 'મારવાનું' બંધ કરી દેવું જોઇએ. (એજન્સી)

### પંજાબમાં માર્ગ

સિંહ મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા હતા. પિકઅપ વાનમાં ૨૦થી વધુ લોકો સવાર હતા, જેમાંથી મોટાભાગના વેઇટરનું કામ કરતા હતા. જેઓ જલાલાબાદમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા જઇ રહ્યા હતા. પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ધુમ્મસને કારણે પિકઅપ વાનચાલકે વાહન પરનું સંતુલન ગુમાવ્યું હતું અને ટ્રક સાથે અથડાઇ હતી.

### ભારત સતત

સૌથી મોટાં યોગદાન હતાં. નિકી પ્રસાદના સુકાનમાં ભારતને જીતવા માત્ર ૧૧૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતે ૧૫ ઓવરમાં એક વિકેટે ૧૧૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. એમાં લેફ્ટ-હૅન્ડ વિકેટકીપર-ઓપનર જી. કમલિની (૫૬ અણનમ, ૫૦ બૉલ, આઠ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તેની અને સાથી ઓપનર ગૉન્ગાડી તૃષા (૩૫ રન, ૨૯ બૉલ, પાંચ ફોર) વચ્ચે ૬૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી અને ત્યાર પછી કમલિનીએ સનિકા ચળકે (૧૧ અણનમ, ૧૨ બૉલ, એક ફોર) સાથે ૫૭ રનની અતૂટ ભાગીદારી કરી હતી. ઇંગ્લૅન્ડની છ બોલરમાંથી એકમાત્ર ફૉબે બ્રેટને એકમાત્ર વિકેટ મળી હતી.

એ પહેલાં, ત્રણ લેફ્ટ-આર્મ સ્પિનરે બ્રિટિશ ટીમને શરૂઆતથી છેક સુધી અંકુશમાં રાખી હતી. ઇંગ્લૅન્ડે આઠ વિકેટે ૧૧૩ રન મળ્યા હતા. તમામ આઠ વિકેટ લેફ્ટ-આર્મ સ્પિનરે લીધી હતી. પારુણિકા સિસોદિયાએ ૨૧ રનમાં ત્રણ વિકેટ, વૈષ્ણવી શર્માએ ૨૩ રનમાં ત્રણ વિકેટ અને આયુષી શુક્લાએ ૨૧ રનમાં બે વિકેટ લીધી હતી.

ઇંગ્લૅન્ડની ઓપનર ડેવિના પેરિનના ૪૫ રન ટીમમાં હાઇએસ્ટ હતા. કૅપ્ટન ઍબી નોરગ્રોવ ૩૦ રન બનાવી શકી હતી.

ભારત-સાઉથ આફ્રિકાની ફાઇનલ રવિવાર, બીજી ફેબ્રુઆરીએ બપોરે ૧૨.૦૦ વાગ્યાથી રમાશે.

સાઉથ આફ્રિકાની ટીમ પહેલી જ વાર આ સ્પર્ધાની ફાઇનલમાં પહોંચ્યું છે. સેમિ ફાઇનલમાં તેમણે ઑસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

# ફડણવીસ-શિંદે વિરુદ્ધના કાવતરાની તપાસ માટે એસઆઈટી રચાઇ

મુંબઈઃ દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેને ખોટા કેસમાં ફસાવી દેવાના અગાઉની સરકારના કથિત કાવતરાંની તપાસ કરવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)નું ગઠન કરવામાં આવ્યું છે.

મુંબઈ પોલીસના જોઈન્ટ પોલીસ કમિશનર (લો એન્ડ ઓર્ડર) સત્યનારાયણ ચૌધરીની અધ્યક્ષતા હેઠળ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હોવાની માહિતી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સરકારી આદેશ (જીઆર)માં આપવામાં આવી છે.

ત્રીજી વખત રાજ્યના મુખ્ય પ્રધાન બનેલા દેવેન્દ્ર ફડણવીસ મહાવિકાસ આઘાડીની સરકાર વખતે રાજ્યના વિપક્ષી નેતા હતા. અત્યારના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ત્યારે ઉદ્ધવ ઠાકરે ની સરકારમાં નગર વિકાસ ખાતાના પ્રધાન હતા. ભાજપના પ્રવીણ દરેકર દ્વારા રાજ્ય વિધાન પરિષદના શિયાળુ સત્રમાં આપવામાં આવેલી માહિતીને આધારે આ એસઆઈટીનું ગઠન કરવામાં આવ્યું હતું એમ સરકારી આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

દરેકરે એવો દાવો કર્યો હતો કે ફડણવીસ અને શિંદે સામે ખોટા કેસ નોંધવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

ચાર સભ્યોની એસઆઈટીમાં સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ રાજીવ જૈન, મુંબઈ પોલીસના ડેપ્યુટી પોલીસ કમિશનર નવનાથ ધવલે, મુંબઈના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર આદિકરાવ પોળનો સમાવેશ થાય છે.

સમિતિને તપાસ પૂરી કરવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. ■

વિલેપાર્લે (ઈસ્ટ)
પ્રીમિયમ - મોકાની જગ્યા
સ્ટેશન સામે, અગ્રવાલ માર્કેટમાં, બીજા માળે,
સિંગલ તથા જોડી ઓપશન ફ્લેટ/ઓફિસ વેચાણ થી.
તથા દુકાન પણ ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્કઃ
+91 77770 65380
+91 98699 58140




# ધરપકડનાં કારણોની જાણ ક્યારે ને કેવી રીતે આરોપીને કરવી?

## આ સંબંધી કાનૂની મૂંઝવણને દૂર કરવા હાઈ કોર્ટની ત્રણ કે એથી વધુ ન્યાયાધીશની બેન્ચ ચુકાદો આપશે

મુંબઈ આરોપીની ધરપકડ પહેલા તેના માટેનાં કારણો લેખિતમાં જણાવવા કે નહીં અને ધરપકડ પહેલા નોટિસ જારી કરવી કે નહીં એનો નિર્ણય કરવા માટે બોમ્બે હાઈ કોર્ટની ત્રણ કે તેથી વધુ ન્યાયાધીશોનો સમાવેશ કરતી બેન્ચ કરશે.

આ પ્રોસિજરલ મુદ્દાઓ પર નસ્ત્રમૂંઝવણસ્ત્રસ્ત્ર છે, અને કેટલીકવાર જઘન્ય ગુનાઓમાં આરોપીઓ જામીન મેળવવા માટે સ્પષ્ટતાના અભાવનો લાભ લે છે, એવું અવલોકન હાઈ કોર્ટે શુક્રવારે કર્યું હતું. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૫૦ હેઠળ પોલીસે ધરપકડ સમયે વ્યક્તિને ધરપકડનાં કારણો જણાવવા પડે છે.

સીઆરપીસીની કલમ ૪૧એ મુજબ, પોલીસ આરોપીને નોટિસ જારી કરી શકે છે, જ્યાં સુધી તેઓ એવું ન માને કે તે જરૂરી છે, અને જ્યાં સુધી તેઓ એવું ન માને ત્યાં સુધી વ્યક્તિની ધરપકડ કરશે નહીં.

ન્યાયાધીશ સારંગ કોટવાલ અને એસ.એમ. મોડકની ડિવિઝન બેન્ચે વિવિધ અરજીઓમાં ઉઠાવાયેલા આ મુદ્દાઓને મોટી બેન્ચને સોંપ્યા હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા દ્વારા સીઆરપીસીને બદલતા પહેલા આ કેસોમાં ધરપકડ કરવામાં આવી હતી. તેથી, મોટી બેન્ચ આ જોગવાઈઓ ફરજિયાત બને ત્યાં સુધી કટ-ઓફ્ફ તારીખ પણ નક્કી કરશે. આ બધા કેસોમાં, અરજદારોએ ધરપકડ ગેરકાયદે હોવાનો દાવો કરીને મુક્તિની માંગ કરી હતી કારણ કે પોલીસે કલમ ૫૦ અથવા ૪૧એ નું પાલન કર્યું નથી. બેન્ચે કહ્યું હતું કે આ મુદ્દાઓ પર ગંભીર વિચારણાની જરૂર છે. (પીટીઆઈ)■

### ઘાટકોપર હૉર્ડિંગ કેસ

# બરતરફ આઈપીએસ અધિકારી ખાલિદ સામે ફોજદારી તપાસની ભલામણ

મુંબઈઃ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના ગૃહ વિભાગને ૧૩મી મેએ ઘાટકોપરમાં હોર્ડિંગ તૂટી પાડવાની દુર્ઘટના સંદર્ભમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ સસ્પેન્ડેડ આઇપીએસ અધિકારી કૈઝર ખાલિદ સામે ફોજદારી તપાસ શરૂ કરવાની ભલામણ કરી હોવાનું અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

રાજ્યના ગૃહ વિભાગને સુપરત કરવામાં આવેલા અહેવાલમાં ક્રાઇમ બ્રાન્ચે ખાલિદ પર આરોપ મૂક્યો હતો કે નિયમોનો તેમજ ટેન્ડરનાં ધારાધોરણોનો ભંગ કરી તેણે રેલવે પોલીસની જમીન પર હોર્ડિંગને ઊભું કરવાની મંજૂરી આપી હતી. હોર્ડિંગ તૂટી પડ્યું ત્યારે ખાલિદ મુંબઈ રેલવે પોલીસ કમિશનર હતા. આ દુર્ઘટનામાં ૧૭ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૮૦ જણાને ઈજા થઈ હતી.

ઉદ્યોગપતિ મોહમ્મદ રઈસ ખાને ખાલિદ અને તેની પત્નીના બિઝનેસ પાર્ટનરને પોતે કથિત સ્વરૂપે ૩૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા અને હોર્ડિંગનો કોન્ટ્રેક્ટ મેળવવા માટે અમેરિકા તેમના હોટલમાં રોકાણને સ્પોન્સર કર્યું હતું એવો આરોપ મુખ્ય બાદ મહારાષ્ટ્ર એન્ટિ કરપ્શન બ્યુરોએ પણ તપાસ શરૂ કરી છે. (પીટીઆઈ) ■

# પુણેમાં જીબીએસનો વધુ એક ભોગ

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં ગીઆન-બૅરે સિન્ડ્રોમ (જીબીએસ)ને કારણે વધુ એક મૃત્યુ નોંધાયું હતું. ૩૬ વર્ષીય પિમ્પલ ગુરવ નામક ડ્રાઇવરને ૨૧ જાન્યુઆરીના યશવંતરાવ ચવાણ મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર દરમ્યાન ગઈ કાલે તેનું મૃત્યુ થયું હતું. આ બીમારીને કારણે અત્યાર સુધીમાં કુલ ચાર લોકોનાં મોત થયા છે. મહારાષ્ટ્ર અત્યાર સુધીમાં આના ૧૩૦ દર્દી નોંધાયા છે. ન્યુમોનિયાને કારણે શ્વસનતંત્રને તકલીફ થવાથી શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી પડતા મૃત્યુ થયું હતું. ■

# દાદરમાં રાણકપુર એક્સપ્રેસમાંથી મૃતદેહ મળ્યો

મુંબઈ : મુંબઈના દાદર રેલવે ટર્મિનલ પર ઊભેલી રાણકપુર એક્સપ્રેસમાં એક વ્યક્તિએ આપઘાત કર્યાની ઘટનાએ ભારે હોબાળો મચાવ્યો હતો. ટ્રેનના ટોઇલેટમાંથી ઇસમનો મૃતદેહ મળી આવ્યો હતો. તેણે ટુવાલની મદદથી ગળે ફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો. બુધવારે સાંજે રાણકપુર એક્સપ્રેસ દાદર સ્ટેશન પર આવ્યા બાદ આરપીએફ ટ્રેનનું નિરીક્ષણ કરી રહી હતી ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. આથી ભારે ઉત્તેજનાનો માહોલ સર્જાયો છે અને રેલવે પોલીસે મુંબઈ સેન્ટ્રલ રેલવે પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાણકપુર એક્સપ્રેસ બુધવારે મોડી સાંજે દાદર સ્ટેશન પર આવી હતી. ટ્રેન ખાલી થયા બાદ આરપીએફ જવાનો આખી ટ્રેનની તપાસ કરી રહ્યા હતા. ત્યારે એક્સપ્રેસના એક કોચનો બાથરૂમનો દરવાજો અંદરથી બંધ હતો. આરપીએફ પોલીસે દરવાજો ખટખટાવતા કોઈ પ્રતિસાદ ન મળ્યો કે ન તો દરવાજો ખુલ્યો. જેના કારણે પોલીસને શંકા ગઈ હતી. અંતે પોલીસે બળજબરીથી બાથરૂમનો દરવાજો ખોલ્યો તો સામેનું દ્રશ્ય જોઈને ચોંકી ગયા.■

Prahladrai Dalmia Lions College of Commerce & Economics
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)
(A Hindi Linguistic Minority College)
ISO 21001 : 2018 Certified • NAAC Accredited with 'A' Grade
Tel: 022- 35112985/ 35115316 Website : www.dalmialionscollege.ac.in
54 Years of Sterling Performance in Education
Applications are invited for the post of
Clerk & Peon Full Time on Contractual Basis
**Clerk:** Graduate in any Stream, well versed in Computers, Tally & proficient in English, Hindi, & Marathi language having MS-CIT Certificate. Candidate having Knowledge of College Administration work & proficient with daily operations of the college will be given preference. Having excellent communication skills via Mobile.
**Peon:** Minimum qualification 12th Pass. Candidate having knowledge of College work will be given preference can read & write in English, Hindi & Marathi. Candidate residing in western suburbs will be preferred.
Application should reach within 15 days from the date of advertisement, To The Hon. Secretary (G.C.), Prahladrai Dalmia Lions College of Comm. & Eco., Sunder Nagar, S. V. Road, Malad (W), Mumbai – 400 064, with complete resume, Xerox copies of all marks sheets of examination & qualifications passed & experience certificate.
Resume can additionally be forwarded by email to dalmialionscollege@gmail.com
(For Further details scan QR code)




# યાદ છેને?: આજથી રિક્ષા, ટૅક્સીના ભાડાં વધી ગયાં છે

મુંબઇઃ ઓટો રિક્ષા અને ટેક્સીની મુસાફરી આજથી મોંઘી થશે. છેલ્લા ઘણા સમયથી ઑટો રિક્ષા અને ટેક્સીના ભાડામાં વધારો કરવાની દરખાસ્તને આખરે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ (ઓથોરિટીએમએમઆરટીએ) એ મંજૂરી આપી હતી.

એમએમઆરટીએ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ ભાડામાં વધારો કરવાનો નિર્ણય જીવન, વાહનો, ઇંધણ, ઓપરેશનલ ખર્ચ, જાળવણી ખર્ચ અને અન્ય પરિબળોને કારણે લેવામાં આવ્યો હતો. ઑટોના દોઢ કિલોમીટર સુધીના અંતર માટે મિનિમમ ૨૩ રૂપિયાને બદલે ૨૬ રૂપિયા, ટેક્સીના ૨૮ રૂપિયાથી ૩૧ રૂપિયા કરવામાં આવ્યા છે. ■

# પીડિત પરિવારને ન્યાય મળે એ મહત્ત્વનું કે મારું રાજીનામું?: મુંડે

છત્રપતિ સંભાજી નગરઃ બીડમાં સરપંચની હત્યાના મુદ્દે ઘેરાયેલા મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેએ આ મુદ્દે રાજનીતિ કરવામાં આવી રહી છે એવો દાવો કરી સવાલ કર્યો હતો કે પીડિત પરિવારને ન્યાય મળે એ વધુ મહત્વનું છે કે તેમનું રાજીનામું વધુ મહત્વનું છે?

મુંડેનું આ નિવેદન વણઝારા સમુદાયના આધ્યાત્મિક નેતા નામદેવ શાસ્ત્રીએ એનસીપીના નેતાને ટેકો જાહેર કર્યા બાદ મુંડેએ આ નિવેદન કર્યું છે. ભગવાનગડ સંસ્થાના વડા શાસ્ત્રીએ જણાવ્યું હતું કે મુંડે ખંડણીના પૈસા ઉઘરાવે એવી વ્યક્તિ નથી.ગયા મહિને મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સંકળાયેલા ખંડણીના કેસમાં મુંડેના સાથી વાલ્મિક કરાડની ધરપકડ બાદ મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષોના નેતાઓ મુંડેના રાજીનામાની માગ કરી રહ્યા છે.(પીટીઆઈ) ■



# ગર્લફ્રેન્ડને અગાશી પરથી ધક્કો મારવાના કેસનો આરોપી નિર્દોષ છુટ્યો

## દહિસરની ઘટનાઃ ગર્લફ્રેન્ડે જ નિવેદનો બદલતાં આરોપી બચી ગયો

મુંબઇઃ દહિસરમાં એક ઊંચી ઇમારતની ટેરેસ પરની પાણીની ટાંકી પરથી પોતાની ગર્લફ્રેન્ડને ધક્કો મારવાનો આરોપ ધરાવતી એક વ્યક્તિને સેશન્સ કોર્ટે તાજેતરમાં નિર્દોષ જાહેર કરી હતી. અમેય દરેકરની ૧૩ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ દહિંસર (પૂર્વ)ની લા બેલેઝા કોઓપરેટીવ સોસાયટીની ટેરેસ પરની પાણીની ટાંકી ઉપરથી પ્રિયાંગી સિંહને કથિત રીતે ધક્કો મારવાના આરોપમાં ધરપકડ કરી હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

અમેય સામે ફરિયાદ પ્રિયાંગીના પિતા મનીષ સિંહે નોંધાવી હતી. તેમણે આરોપ મૂક્યો હતો કે પ્રિયાંગી અને અમેય લા બેલેઝાના ટેરેસ પર મળ્યા હતા અને દારૂ પીધો હતો. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને અમેયએ પ્રિયાંગીની મારપીટ કરી તેને ટેરેસ પર ધકેલી દીધી હતી. પ્રિયાંગીને સંખ્યાબંધ ઈજા થવાથી બેભાન થઈ ગઈ હતી. એમીની માતા તેને હોસ્પિટલમાં લઈ ગઈ હતી.

પ્રિયાંગીએ પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે તે અને અમેય પાણીની ટાંકી પર બેઠા હતા. ‘સૂર્યોદય થઈ ગયો હતો. આરોપી (અમેય દરેકર) અને હું વાત કરી રહ્યા હતા. ત્યાર પછી શું થયું એમાનું મને કશું યાદ નથી. પછી હું જાગી ત્યારે હોસ્પિટલમાં હતી,’ એમ તેણે જણાવ્યું હતું.

બચાવ પક્ષના વકીલ અરુણ જાધવે દલીલ કરી હતી કે મનીષ અને પ્રિયાંગીના નિવેદનો વિરોધાભાસી છે. તેઓએ પહેલા એવો દાવો કર્યો હતો કે પ્રિયાંગી અમેયના ઘરની અંદર પડી હતી અને પછી ટેન્ક પરથી ધક્કો મારવાનો અમેય પર આરોપ મૂક્યો હતો. પ્રિયાંગી તેની જુબાનીમાં અમેય જવાબદાર હોય એ દર્શાવવામાં નિષ્ફળ રહી હતી એમ અદાલતે જણાવ્યું હતું. વધુ પુરાવાના અભાવે અદાલતે ગુરુવારે તેને હત્યાના પ્રયાસના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો. ■

# હવે એલ્ફિન્સ્ટન રોડ ઓવરબ્રિજ બંધ થવાનો : ભયંકર ટ્રાફિક જૅમ થશે

મુંબઈઃ મધ્ય અને પશ્ચિમ રેલવેના બે સ્ટેશન પરેલ અને પ્રભાદેવી વચ્ચેની મહત્ત્વની કડી એવો એલ્ફિન્સ્ટન રોડ ઓવરબ્રિજ (આરઓબી) બે વર્ષ માટે બંધ રહેવાનો હોવાથી દક્ષિણ મધ્ય મુંબઈમાં ટ્રાફિક જામની સમસ્યા થવાની છે. અહેવાલ અનુસાર આ પુલ આ મહિનામાં બંધ કરવામાં આવશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) શિવડી - વર્લી કનેક્ટર પ્રોજેક્ટના ભાગરૂપે આ પુલને તોડી પાડવાની અને તેનું પુનઃનિર્માણ કરવાની યોજના ધરાવે છે.

નવો એલ્ફિન્સ્ટન બ્રિજ ડબલ ડેકર ફ્લાય ઓવર હશે. એનાથી સેનાપતિ બાપટ રોડ અને ડો.બી.આર.આંબેડકર રોડ વચ્ચે કનેક્ટિવિટી વધશે. આ ઉપરાંત પુલનો એક ભાગ શિવડી ખાતેની મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (એમટીએચએલ) અને વરલી ખાતે બાંદ્રા-વરલી સી લિંક વચ્ચે સીધો સંપર્ક થશે. રિડેવલપમેન્ટનો હેતુ લાંબા ગાળે ટ્રાફિકની સમસ્યા હળવી કરવાનો છે, પરંતુ કામચલાઉ બંધ થવાથી મોટી અડચણ ઊભી થવાની ધારણા છે.

સાયન આરઓબી, કર્નાક બ્રિજ, બેલાસિસ બ્રિજ અને રે રોડ બ્રિજ બંધ થયા બાદ એલ્ફિન્સ્ટન બ્રિજ મુંબઈનો પાંચમો બ્રિટિશ યુગનો પુલ હશે જેને બંધ કરવામાં આવશે. આ બધા પુલ બંધ થવાને કારણે શહેરના વિવિધ ભાગોમાં ટ્રાફિક જૅમની સમસ્યા વકરી છે. ■

# કર્ણાક રેલવે બ્રિજના ૫૫૦ મેટ્રિક ટન વજનના ગર્ડરને ખસેડવાનું કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બંદર પુલના ઉત્તર બાજુએ ૫૫૦ મેટ્રિક ટનના વિશાળ લોખંડના ગર્ડરને શુક્રવારે વહેલી સવારના ખસેડવામાં સફળતા મળી હતી. ગર્ડરને ખસેડવાનું કામ ૨૬ જાન્યુઆરીથી શરૂ થયું હતું, પરંતુ ૧૨ મીટરનું કામ બાકી રહ્યું હતું અને ટેક્નિકલ સમસ્યા સર્જાતા કામ અટવાઈ ગયું હતું. જોકે બાદમાં મધ્ય રેલવે સાથે સંકલન કરીને આ અઠવાડિયે નાઈટ બ્લોક લઈને સુરક્ષિત રીતે કામ ફરી શરૂ કરીને ગર્ડરને ખસેડવાનું કામ પૂરું કરવામાં પાલિકાને સફળતા મળી છે.

મધ્ય રેલવે દ્વારા ગુરુવાર મધરાત બાદ રાતના ૧.૩૦ વાગ્યાથી શુક્રવાર વહેલી સવારના ચાર વાગ્યા સુધી અઢી કલાક માટે વીજ પુરવઠો અને રેલવ્યવહાર ખંડિત કરીને સ્પેશિયલ બ્લોક આપ્યો હતો. એ દરમ્યાન ગર્ડર બેસાડવાનું પડકારજનક કામ પૂરું કરવામાં આવ્યું હતું. ટેક્નિકલ નિષ્ણાતોની દેખરેખ હેઠળ આ કામ પાર પાડવામાં આવ્યું હતું. રેલવે દ્વારા વધારાના બ્લોક મળ્યા બાદ હવે ગર્ડર બેસાડવાનું બાકીનું કામ પૂરું કરવામાં આવશે.

૫૫૦ મેટ્રિક ટનના સ્ટીલના ગર્ડરને શરૂઆતમાં ૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રાયલ ઓપરેશન દરમિયાન ૯.૩૦ મીટર ખસેડવામાં આવ્યો હતો. ૨૫થી ૨૬ જાન્યુઆરી વચ્ચે રાતના ૫૮ મીટરનું ફાઈનલ શિફ્ટિંગ કામ બાકી પૂરું કરવામાં આવ્યું હતું. ટેક્નિકલ ખામીને કારણે છેલ્લા ૧૨ મીટરનું કામ અટવાઈ પડયું હતું. જોકે શુક્રવારે વહેલી સવારના આ કામ પૂરું કરવામાં સફળતા મળી હતી.

ગર્ડર બેસાડયા બાદ હવે ફાઉન્ડેશનના પાઈલિંગનું કામ, કૉંક્રીટનું કામ અને લોડ ટેસ્ટિંગનું કામ હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ જૂન ૨૦૨૫ સુધી પૂરું કરવાનું લક્ષ્યાંક છે.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને મસ્જિદ બંદરને જોડતો કર્ણાક બ્રિજ ૨૦૨૨ની સાલમાં તોડી પાડવામાં આવ્યો તો. જોકે હૅંકૉક બ્રિજ પર ચાલી રહેલા કામ અને અતિક્રમણને કારણે પુલનું કામ અટવાઈ પડ્યું હતું. કર્ણાક બ્રિજનો અંદાજિત ખર્ચ ૪૯ કરોડ રૂપિયા છે. નવો પુલ ૭૦ મીટર લાંબો અને ૨૬.૫ મીટર પહોળો હશે. ■

# મુંબઈનાં નાળાસફાઈના કામ માટે ૩૯૫ કરોડ રૂપિયાનાં ટેન્ડર બહાર પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શહેર સહિત પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના નાળાસફાઈના કામ માટે મુંબઈ મહાનગરપાલિકાએ ટેન્ડર બહાર પાડ્યા છે. નાળામાંથી ગાળ કાઢવા માટે લગભગ ૩૯૫ કરોડ રૂપિયાના ટેન્ડર કાઢવામાં આવ્યા છે. એ સિવાય મીઠી નદીને સાફ કરવા માટે પણ ૯૬ કરોડ રૂપિયાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ટેન્ડર પ્રક્રિયાને યોગ્ય પ્રતિસાદ મળ્યો તો ફેબ્રુઆરી સુધીમાં પ્રશાસકીય પ્રક્રિયા પૂરી કરીને માર્ચથી નાળાસફાઈનું કામ ચાલુ કરવામાં આવશે.

મુંબઈમાં દર વર્ષે ચોમાસા પહેલા નાળાસફાઈનું કામ સ્ટોર્મવોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવે છે, જેમાં વૉર્ડ સ્તરે નાના નાળા અને ગટરોનું કામ કરવા માં આવે છે.

નાળામાંથી ગાળ કાઢવાથી ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય છે. ગયા વર્ષે પાલિકાએ ૩૧ કૉન્ટ્રક્ટરોને નાળાસફાઈના કામ આપ્યા હતા, તે માટે ૨૪૧.૨૭ કરોડ રૂપિયાનો ખર્ચ ગર્યો હતો અને ૧૦ લાખ ૨૨ હજાર ૧૩૧ મેટ્રિક ટન ગાળ કાઢવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

છતાં ગયા વર્ષે ચોમાસામાં પહેલા વરસાદમાં જ અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયાં હતાં. છેલ્લા થોડા વર્ષોના અનુભવને ધ્યાનમાં રાખીને પાલિકા જાન્યુઆરી મહિનાના અંતમાં જ નાળાસફાઈના કામ માટે ટેન્ડર બહાર પાડતી હોય છે.

પાલિકા આખા વર્ષ દરમ્યાન ચોમાસા પહેલા ૭૫ ટકા, ચોમાસામાં ૧૫ ટકા અને ચોમાસા બાદ ૧૦ ટકા એમ ત્રણ તબક્કામાં નાળાસફાઈનું કામ કરે છે. મુંબઈમાં લગભગ ૩૦૯ મોટા નાળા અને ૧,૫૦૮ નાના નાળા છે. તેમ જ રસ્તાને લાગીને ૧,૩૮૦ ગટરો છે.

મીઠી નદીની સફાઈ માટે ૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તો પૂર્વ ઉપનગરમાં મોટા નાળા માટે ૫૮ કરોડ ૧૮ લાખ ૪૭ ૧૪૦ રૂપિયા અને નાના નાળા, કલ્વર્ટસ માટે ૯૦ કરોડ ૨૪ લાખ ૯૦ હજાર ૭૯૦ રૂપિયા ખર્ચવામાં આવવાના છે. શહેરમાં મોટા નાળા માટે ૧૪ કરોડ ૯૧ લાખ ૫૯ હજાર ૪૨૬ અને નાના નાળા, કલ્વટર્સ માટે ૨૪ કરોડ ૮૫ લાખ ૩ હજાર ૧૨૨ તો પશ્ચિમ ઉપનગરમાં મોટા નાળા માટે ૬૫ કરો ૯૭ લાખ ૧૧ હજાર ૭૫૦ રૂપિયા અને નાના નાળા, કલ્વર્ટસ માટે ૧૪૧ કરોડ ૮૭ લાખ ૩૨ હજાર ૭૦૫ રૂપિયાનો સમાવેશ થાય છે. ■

# સાંતાક્રુઝમાં સ્કૂલનો પિલર તૂટીને ચાલ પર પડતા ચાર જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝ (પશ્ચિમ)માં સ્કૂલનું ડિમોલિશન કામ ચાલી રહ્યું હતું એ દરમિયાન તેના પિલરના હિસ્સા બાજુમાં આવેલી ચાલ પર તૂટી પડતા ચાર લોકો જખમી થયા હોવાની દુર્ઘટના બુધવારે સાંજે બની હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સાંતાક્રુઝમાં જુહુ તારા રોડ પર માણિકજી કૂપર હાઈ સ્કૂલ નજીક શુક્રવારે બપોરના ડિમોલિશનનું કામ ચાલી રહ્યું હતું ત્યારે સ્કૂલના પિલરનો અમુક હિસ્સો બાજુમાં આવેલી ચાલ પર તૂટી પડ્યો હતો, જેમાં ચાર લોકો જખમી થયા હતા. તેમને તુરંત નજીક આવેલી કૂપર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જખમીઓમાં ૨૮ વર્ષના કમલેશકુમાર યાદવ પર સારવાર ચાલી રહી છે, ૨૪ વર્ષનો મનીષ કુમાર સહાનીની હાલત ગંભીર હોઈ તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. તો ૨૦ વર્ષના શ્યામકુમાર યાદવ અને ૨૬ વર્ષના કૃષ્ણકુમાર યાદવને સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ■

# વેસ્ટર્ન રેલવે દ્વારા ટીસીઓને બોડી કેમેરા આપવામાં આવશે

મુંબઈઃ ટ્રેનમાં યોગ્ય ટિકિટ વિના પ્રવાસ કરતા લોકોને ટિકિટ ચેકર ઘણીવાર પકડે ત્યારે મુસાફરો દંડ ભરવા માટે તૈયાર થતા નથી અને આવા સમય ઝઘડા અને મારપીટના બનાવો પણ ઘણીવાર બને છે. આ ઘટનાને અટકાવવા વેસ્ટર્ન રેલવે દ્વારા ટીસીને બોડી કેમેરા આપવામાં આવશે. જેથી ટિકિટ ચેકિંગ દરમિયાન કોઈ અયોગ્યતા કે વિવાદ થાય તો તેને રેકોર્ડ કરવામાં અને તેમની સામે પગલાં લેવામાં અનુકૂળતા રહેશે.

ટિકિટ ચેકિંગ દરમિયાન ટીસીના શરીર લગાવવામાં આવેલા બોડી કેમેરા દ્વારા વિડિયો રેકોર્ડ કરવામાં આવશે અને રેકોર્ડ કરવામાં આવેલ વિડિયો રેલવે એક્ટ ૧૯૮૯ની કલમ ૧૪૦ હેઠળ ટિકિટ ન ધરાવતા અને દંડ ભરવા માટે તૈયાર ન હોય તેવા મુસાફરો સામે પગલાં લેવા માટે ઉપયોગી થશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

લોકલમાં ટિકિટ વિના મુસાફરી કરતા પકડાયા પછી, જો મુસાફર દંડ ભરવાનો ઇનકાર કરે તો, મુસાફરને પશ્ચિમ રેલવે દ્વારા રેલવે સ્ટેશનોના પ્લેટફોર્મ પર સ્થાપિત પૂર્વ-કસ્ટડી વિસ્તારમાં રાખવામાં આવશે.

જો પેસેન્જર દંડ ભરવાનો ઇનકાર કરશે, તો એક મેમો જારી કરવામાં આવશે અને તેને રેલવે પ્રોટેક્શન ફોર્સને સોંપવામાં આવશે. હાલમાં, બોરીવલી અને અંધેરી સ્ટેશનો પર પ્રી-કસ્ટડી વિસ્તારો બનાવવામાં આવી રહ્યા છે.

૨૩ જાન્યુઆરીથી, કેટલાક સ્ટેશનો પર ટિકિટ ચેકિંગ દરમિયાન કેમેરાનું પરીક્ષણ કરવા માટે એક વિશેષ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી, જેમાં અમુક ટીસીને બોડી કેમેરા આપવામાં આવ્યા હતા. ■

# કલ્યાણમાં વૃદ્ધ ખૂલ્લી ગટરમાં પડ્યા

કલ્યાણઃ કલ્યાણમાં એક રાહદારી ગટરમાં પડી જતાં ઘાયલ થયાની ઘટના સામે આવી છે. જેના કારણે શહેરીજનોમાં ભારે રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ કલ્યાણમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે, ત્યાં બીજી તરફ કોન્ટ્રાક્ટરો દ્વારા આ જ કામોમાં બેદરકારી દાખવવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. જેના કારણે શહેરીજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

કલ્યાણ કોર્ટ અને તહસીલદાર કચેરીની બહાર મુખ્ય માર્ગ સાથે ખોદવામાં આવેલી ગટરોને ઢાંકવામાં આવી નથી. કોન્ટ્રાક્ટરોએ નિયમોની અવગણના કરી ઢાંકણને બદલે માત્ર લાકડાનું પાટિયું રાખ્યું હતું. ગઈકાલે આ પાટાયા પરથી જતી વખતે એક વૃદ્ધ નાગરિક ફંગોળાઈને સીધા ગટરમાં પડ્યા હતા. આસપાસના વિસ્તારના પોલીસ અને નાગરિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને વૃદ્ધને ગટરમાંથી બહાર કાઢ્યા હતા. આ બેદરકારીભર્યા વહીવટ સામે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ■

# ઘાટકોપરમાં કમર્શિયલ બિલ્ડિંગમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પૂર્વ)માં ઓડિયન મોલ નજીક આવેલા કૈલાશ પ્લાઝામાં બિલ્ડિંગમાં શુક્રવારે વહેલી સવારના આગ ફાટી નીકળી હતી. આગમાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ઘાટકોપર (પૂર્વ)માં આર.એન. ભાટકર માર્ગ પર ઓડિયન મોલ નજીક કૈલાશ પ્લાઝા નામની કમર્શિયલ બિલ્ડિંગ આવેલી છે. શુક્રવારે વહેલી સવારના લગભગ ૬.૧૫ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના ત્રીજા અને ચોથા માળા પર અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાસ્થળે ફાયરબ્રિગેડને કલાકોની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં ત્રીજા અને ચોથા માળા પર નુકસાન થયું હતું.

દિવસ દરમિયાન ચર્ચગેટમાં પણ ઈન્કમટેક્સ ઓફિસ નજીક મરીન લાઈન્સમાં એક રહેણાંક ઈમારતના ચોથા માળ પર આવેલા ફ્લેટમાં બપોરના સમયે મામૂલી આગ લાગી હતી. જોકે તેને તુરંત બુઝાવી દેવામાં સફળતા મળી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## સૈફ પરનો હુમલાખોર

શરણ ઈમારતના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડતો શકમંદ શરીફુલ ન હોવાના આક્ષેપો થયા હતા. શરીફુલ અને ફૂટેજમાં નજરે પડતા શકમંદનો ચહેરો અલગ હોવાનો દાવો કરાયો હતો. શરીફુલના પિતાએ પણ ફૂટેજમાં દેખાયેલો યુવાન તેનો પુત્ર ન હોવાનું કહ્યું હતું. પરિણામે પોલીસે ફેશિયલ રેકગ્નિશન ટેસ્ટ કરાવવાનો નિર્ણય લીધો હતો.

પોલીસને શુક્રવારે ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીનો રિપોર્ટ મળ્યો હતો, જેમાં ધરપકડ કરાયેલા આરોપીની તસવીર અને વિવિધ સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલો શકમંદ એક જ હોવાની સ્પષ્ટતા કરાઈ હતી. આ કેસમાં ફેશિયલ રેકગ્નિશન ટેક્નોલૉજીએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હોવાનું અધિકારીનું કહેવું છે.

સૈફ પર હુમલા બાદ ફોરેન્સિક લૅબના નિષ્ણાતોએ ઘટનાસ્થળેથી ફિંગરપ્રિન્ટ્સ લીધા હતા. એ ફિંગરપ્રિન્ટ્સ ધરપકડ કરાયેલા આરોપી શરીફુલના ફિંગરપ્રિન્ટ્સ સાથે મેળ ખાતા ન હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું હતું. જોકે આ બાબતે વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે હજુ સુધી ફિંગરપ્રિન્ટ્સનો અહેવાલ આવ્યો નથી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ફેશિયલ રેકગ્નિશન રિપોર્ટ ઉપરાંત આરોપી ઘટનાસ્થળે હાજર હોવાના પોલીસ પાસે સીસીટીવી ફૂટેજ, મોબાઈલ ફોન લૉકેશન અને આઈપીડીઆર (ઈન્ટરનેટ પ્રોટોકોલ ડિટેલ્સ રિપોર્ટ) સહિત અનેક સબળ પુરાવા છે. ■

## શિંદે-સેનાના

ઘોડી કામસર મીરા રોડ ગયો હતો. પોલીસે ઘોડી જ્યાં જવાનો હતો એ સ્થળોએ લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ૨૦ જાન્યુઆરીની બપોરે એક વાગ્યે ઘોડી મીરા રોડમાં સાંઈબાબા નગર સ્થિત શ્રીનગર એપાર્ટમેન્ટના સીસીટીવીમાં નજરે પડ્યો હતો. ત્યાંથી તે ક્યાં ગયો તેની કોઈ માહિતી પોલીસને મળી નહોતી. અશોક ઘોડીનું અપહરણ કરાયું હોવાની ફરિયાદને આધારે બાદમાં પાલઘર જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટ બાળાસાહેબ પાટીલની સીધી દેખરેખમાં આ કેસની તપાસ કરવામાં આવી રહી હતી. દરમિયાન ઘોડીની કાર ભિલાડ પાસેના નિર્જન સ્થળે તળાવમાં નજરે પડી હોવાની માહિતી પોલીસને શુક્રવારે બપોરે મળી હતી. તાત્કાલિક પાલઘર જિલ્લાની પોલીસની ટીમ ભિલાડ પહોંચી હતી. કહેવાય છે કે સરિગ્રામ પાસે માળાફળિયા ખાતેની પથ્થરની બંધ ખાણ પાસેના તળાવમાંથી કાર મળી આવી હતી. કારમાં ઘોડીનો મૃતદેહ પણ હતો. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.દરમિયાન પાલઘરના એસપી બાળાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે તપાસમાં મળેલા અમુક પુરાવાને આધારે આ કેસમાં ગુરુવારે ચાર જણની ધરપકડ કરાઈ હતી. કોર્ટે ચારેય આરોપીને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ અશોક ઘોડીની હત્યાનો મુખ્ય આરોપી તેનો ભાઈ અવિનાશ હોવાનું ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછમાં જણાયું હતું. અવિનાશ હાલમાં ફરાર હોવાથી તેની શોધ હાથ ધરાઈ છે. અવિનાશ અને અશોક વચ્ચે છેલ્લાં ૧૦ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે અને બન્ને જણે એકબીજા વિરુદ્ધ અનેક વાર પોલીસ ફરિયાદ કરી હતી. ૨૦ જાન્યુઆરીએ ઘોલવડમાં માથામાં લોખંડનો સળિયો ફટકારી અશોકની હત્યા કરવામાં આવી હતી. પછી તેના મૃતદેહને ગૂણીમાં ભરી તેની જ કારની ડિકીમાં મૂકવામાં આવ્યો હતો. કારને ભિલાડમાં પથ્થરની ખાણ નજીકના તળાવમાં ધકેલાઈ હતી. ■

# હિન્દુ મરણ

**કોડીનાર મોઢ વણિક**

હિમાંશુ શાહ (ઉં.વ. ૭૦) સ્વ. વિઠ્ઠલદાસ તુલસીદાસ શાહ તથા પુષ્પાબેનના સુપુત્ર ગુરુવાર, તા. ૩૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઈલાબેનના પતિ. ચિ. દર્શનના પિતા. મિત્તલના સસરા. કૌશિકભાઈ, સોનલબેન અને સ્વ. મયૂરભાઈના ભાઈ. સાસરા પક્ષે સ્વ. શાંતિલાલ અને અંસુયાબેન દેસાઈના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણીક**

સ્વ.મથુરાદાસ વિઠ્ઠલદાસ ગોરસીયા (ઉં. વ. ૮૪) રાજકોટ તે સ્વ.મનમોહનદાસ, શરદભાઈ, મહેશભાઈ, સ્વ.મંગળાબેન ફૂલચંદભાઈ, મંજુલાબેન હરજીવદાસ, સ્વ.શારદાબેન મનસુખભાઇ, સ્વ.મંછાબેન પ્રભુદાસભાઇ, ધનલક્ષ્મીબેન મનસુખલાલ, રમાબેન દિલીપકુમારના ભાઈ. કિરીટભાઈ, રાજેન્દ્રભાઈ, રશ્મિબેન સંજયકુમાર, મીનાબેન હિતેશકુમારના પિતાશ્રી. સ્વ.શાંતિલાલ જેચંદ કાટકોરીયા (કુતિયાણા)ના જમાઈ. સ્વ.કાંતિલાલ ગોપાલજી વિભાકરના વેવાઈ. અ.સૌ.ઇલાબેન કિરીટકુમારના સસરા તા.૨૯/૧/૨૦૨૫ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા ૧/૨/૨૦૨૫ શનિવારના ૪:૩૦ થી ૬:૦૦. ભીમનાથ મહાદેવ મંદિર, ગાયત્રીનગર શેરીનંબર ૨/૯, રાજકોટ.

**વિશા સોરઠીયા વણિક**

શીડોકરવાળા હાલ કાંદિવલી સ્વ.મણીબેન રામજીભાઈ શાહના પુત્ર હીરાલાલ શાહ (ઉં. વ. ૮૩) તે દમયંતીબેનના પતિ. ભાવેશ, રાજેશ, પરિમલના પિતા. રિટા, હર્ષા, દીપ્તિના સસરા. સ્વ.કાંતિભાઈ, કિશોરભાઈ, સ્વ.કિરીટભાઈ, તારાબેન, સ્વ.લીલાબેનના ભાઈ. ઉપલેટાવાળા સ્વ.કાંતાબેન ગોરધનભાઈ દેસાઈના જમાઈ. ૨૯/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

સરસીયા નિવાસી હાલ મલાડ સ્વ.શાંતિલાલ વનમાળીદાસ મુછાળાના ધર્મપત્ની ગં.સ્વ. મધુકાન્તા (ઉં. વ. ૮૫) ૨૮/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ધારી નિવાસી સ્વ.જયંતીલાલ ભીમજી ગાંધીના દીકરી. સ્વ. તારામતી શશીકાંત મુછાળાના દેરાણી. કમલેશ, હિના, દિવ્યા, જયેશના માતુશ્રી. પંકજભાઈ દોલતરાય પારેખ, જયશ્રી તથા નેહલના સાસુ. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મૂળગામ સતાપર નિવાસી હાલ બોરીવલી અ.સૌ.નિરંજનાબેન તથા અરવિંદભાઈ શિવજીભાઈ રાજલના પૌત્રી. કિરણબેન મિતેશભાઈ રાજલના દીકરી દિયાના રાજલ (ઉં. વ. ૪) તે દીક્ષિતા વૈભવ રાજલના ભત્રીજી, શોર્યના બહેન. મોસાળપક્ષે કુસુમબેન કિર્તીકુમાર બથિયાના દોહિત્રી. તા.૨૯/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

મૂળગામ લોઢવાવાળા હાલ પાર્લા સ્વ.જીવીબેન અમૃતલાલ ઓઝાના પુત્ર હર્ષદભાઈ ઓઝા (ઉં. વ. ૭૮) ૨૮/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નિરંજનાબેનના પતિ. કલ્પેશ તથા વિરલબેનના પિતા. શીતલ તથા ઉદયકુમાર બિપીનભાઈ ઠાકરના સસરા. સાસરાપક્ષે સ્વ.સવીતાબેન અમૃતલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા ૧/૨/૨૫ના ૪ થી ૬. પહેલા માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ બોરીવલી સ્વ.પિતામ્બરદાસ દુર્લભદાસ વોરાના સુપુત્ર ચંદ્રવદન (ઉં. વ. ૮૫) તે હર્ષા (હંસા) ના પતિ. સ્વ.નિર્મળાબેન, સ્વ.હીરાબેન, સ્વ.હંસાબેન, સ્વ.પુષ્પાબેન, કાંતિલાલ, કૌશિકભાઈ, ભરતભાઇના ભાઈ, રાજુલાવાળા નટવરલાલ છગનલાલ ગોરડિયાના જમાઈ. ગ્વાલિયરવાળા શામળદાસ દેવચંદ મોદીના ભાણેજ. સ્વ.શશીકલાબેન બાલકૃષ્ણ મહેતા, સોનલબેન ભદ્રિકભાઈ દલાલ, જયશ્રી પ્રિયવદન મહેતા, દિપકભાઈ, રાજેશભાઈના બનેવી તા.૨૯/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટીયા**

સૌ. દિપ્તી દિનેશ સંપટ, તે દિનેશ જનકસિંહના ધર્મપત્ની (ઉં. વ. ૫૮) તા. ૩૦-૧-૨૦૨૫, કાંદીવલી શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.નર્મદાબાઈ (મધુરી) ને જનકસિંહ હરિદાસ (મોઝામ્બિકવાળા) ના પુત્રવધૂ. નિર્મલા અને નરોત્તમ પુરુષોત્તમદાસ આશર (અદ્દેની વાળા)ના પુત્રી, હર્શિક, ભવ્યના માતા, સંજય, હિતેશ અને વર્ષા અડાનીના ભાભી. અ. સૌ. પારુ તનિલ હિંગવાલા, નીતિનના મોટીબેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાથળિયા ઊનેવાળ બ્રાહ્મણ**

નવનિતભાઈ હરિશંકર ઓઝા (નીગાંળા/ વિક્ટર) તા.૩૧/૧/૨૫ શુક્રવારના કૈલાસવાસી થયા છે. માતા પાર્વતી હરિશંકર ઓઝા. પિતા હરિશંકર લિલાધર ઓઝા. પુત્ર રાજેશ, જય પુત્રવધૂ. માનસી રાજેશ ઓઝા, સ્વાતિ જય ઓઝા પુત્રી રચના અતુલ ભટ્ટ. સાસુ વસુમતી વસંત મહેતા, સસરા વસંત દયાશંકર મહેતા. પ્રાર્થનાસભા તા.૧/૨/૨૫ના. તેરાપંથ ભવન, જૈન મંદિર રોડ, લક્ષ્મી કુટીરની સામે, વિરાર (વેસ્ટ).

**અનાવિલ**

રમણલાલ મણીભાઇ નાયક અમલસાડ હાલ (બોરીવલી) (ઉં. વ. ૯૨) તા. ૩૦-૧-૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. શાંતાબેન રમણલાલ નાયક (પત્ની). મૃગેશ રમણલાલ નાયક (પુત્ર), હિના મૃગેશ નાયક (પુત્રવધૂ). સ્મિતા મયુર નાયક (પુત્રી જમાઇ). મયૂરી ગજેન્દ્ર દેસાઇ (પુત્રી જમાઇ).

# પારસી મરણ

ઝરીન દારાયસ હોડીવાલા તે દારાયસ એરચ હોડીવાલાના ધનીયાની. તે મરહુમો દાદી ને મરહુમ જર ઘડીયાલીના દીકરી. તે તેહેમી ઘડીયાલીના બહેન. તે પર્લ ને આયમીના કાકી. તે મેહેરનોશ હોડીવાલા ને જુલી હોડીવાલાના ભાભી. (ઉં. વ. ૮૪) રે. ઠે. એડન ૫-એ, ૫મો માળ, ૯૭ એમ. કર્વે રોડ, મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા.૨-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી, ડુંગરવાડી.

# જૈન મરણ

**જૈન દશા શ્રીમાળી**

ફોફળિયાવાડો, વખતજીની શેરી પાટણ, હાલ-મરીનડ્રાઈવ-મુંબઈ સ્વ. વસુમતીબેન શાહ (ઉં.વ. ૯૮) તે ગુરુવાર, તા. ૩૦-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચંપાબેન જેશંગલાલના પુત્રવધૂ. તે સ્વ. મહેન્દ્રભાઈના પત્ની. સ્વ. ચંપાબેન સફરીના દીકરી. તે લત્તીકાબેન, રેણુકાબેન, બીનાબેન તથા હિનાબેનના માતુશ્રી. યોગેશભાઈ, કમલભાઈ, ભરતભાઈ અને પંકજભાઈના સાસુ. પૂજ્ય સાધ્વીશ્રી પૂર્ણિતાશ્રીજીના સંસારી માતુશ્રી. ઠેઃ પંચાસર બિલ્ડિંગ, પાટણ જૈન મંડળ, મરીનડ્રાઈવ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના અશ્વિન મોરારજી સૈયા (ઉં. વ. ૫૬) તા. ૩૦-૧-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મોરારજી સૈયાના પુત્ર. સ્મિતાના પતિ. ફોરમ, હેતલ, ચાર્મીના પિતા. મેઘજી, સ્વ. દીના, સ્વ.મંજુલા, વસંત, હેમવંતી પ્રવિણાના ભાઈ. ગં.સ્વ.ઝવેરબેન નાનજી ગાલાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ હોલ, દાદર. ટા. ૪ થી ૫-૩૦. ચક્ષુદાન કરેલ છે. એ. સ્મિતા સૈયા, એ-૧૫, મહાજન સોસાયટી, રઘુવીર નગર, ડોમ્બીવલી (ઇ).

નાગલપુરના પોપટલાલ કુંવરજી ટોકરશી વીરા (ઉં. વ. ૮૮) તા. ૩૦-૧-૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ/વિમળાબેન કુંવરજીના પુત્ર. દિવાળીબેનના પતિ. વિપુલ, ભાવનાના પિતા. મધુકાંત, નીતીન, કિરણ, પુષ્પાના ભાઇ. બિદડાના નાનબાઇ (સાકરબાઇ) ધનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપુલ પોપટલાલ વીરા, એ ૫/૬, શિવઓમ, એસ.વી.રોડ, દહીંસર (ઇ.).

મોટા લાયજાના હંસાબેન પોપટલાલ છાડવા (ઉં. વ. ૬૭) તા. ૩૦-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મઠાંબાઇ પ્રેમજીના પુત્રવધૂ. સ્વ. પોપટલાલના ધર્મપત્ની. નેહલ, જીમીતના માતુશ્રી. રાયણના મણીબેન માલશીના પુત્રી. રમેશ, કલ્પના કેતન, જ્યોત્સના/પારૂલ નરેન્દ્ર, કુસુમ પ્રદીપના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. નિ. જીમીત છાડવા, ૧૩ કૃષ્ણ કુંજ, સ્ટેશન રોડ, ૨જે માળે, વિક્રોલી (પૂર્વ).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારી કુ.નમ્રતા હસમુખ ગડા (ઉં. વ. ૩૦) મંગળવાર તા. ૨૮.૦૧.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રાજીબેન હરખચંદ રામજી ગડા, સ્વ. જીવાબેન સુરજીની પરપૌત્રી. સ્વ. ગોમતીબેન વિજપારની પૌત્રી. જ્યોતીબેન હસમુખ ગડાની સુપુત્રી. અનિષની બહેન. ચંદ્રિકાબેન ધીરજ ભચુ ગાલાની ભત્રીજી. ભચાઉના સ્વ. મોંઘીબેન કેશવજી છેડાની દોહિત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે.બી-૧, ભાનુપાર્ક (કુમકુમ બિલ્ડીંગ) વિશાલ હોલની સામે, અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ઘાણીથર, હાલે ગાગોદરના સ્વ. રામુબેન વાલજી નાથા નિસર (ઉં. વ. ૮૫) ગુરુવાર, તા. ૩૦.૧.૨૫ના અવસાન પામેલ છે. રમાબેન નાથાની પુત્રવધૂ. સ્વ. વાલજી નાથાની ધર્મપત્ની. કમળા, નવિન પાલણ ગાલા, સ્વ. ગોમતી, સ્વ. પુંજીના ભાભી. પેથાપરના વાલી લાખા છાડવાની દિકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠે.૨૦૨, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ, કુરાર વિલેજ, મલાડ-ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ સુલતાનપુર ગોંડલ નિવાસી હાલ ચિંચપોકલી સ્વ. વ્રજકુંવરબેન મુળજીભાઇ કપૂરચંદભાઇ ઉદાણીના સુપુત્ર વિરેન્દ્રભાઇ ઉદાણી (ઉં. વ. ૮૨) તે સ્વ. મુક્તાબેન સંઘવી, સ્વ. સુરભીબેન તથા જગદીશભાઇના ભાઇ. નયનાબેનના જેઠ. અદિતી-રીનુ, મીરા-દિપેનના મોટા કાકા. નિલના કાકા-દાદા. તા. ૨૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ અંધેરી (વેસ્ટ) શિરીષભાઈ સંઘવી (ઉં. વ. ૮૨) તે સ્વ.સાવિત્રીબેન માણેકલાલ મણીલાલ સંઘવીના પુત્ર. સ્વ.પ્રતિભાબેનના પતિ. પૂનમ વિક્રમ, પ્રેરણા, નિકિતા વિશાલ વોરાના પિતાશ્રી. ખુશાંક તથા ધરમના દાદાજી. સ્વ.નિર્મળાબેન ચંપકલાલ રાયચંદ ગાંધીના જમાઈ તા.૩૦.૧. ૨૦૨૫ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મોટા વરાછા : શ્વસુર પક્ષ : સ્વ. દોલતભાઇ છગનભાઇ દેસાઇ, સ્વ. નવીનભાઇ છગનભાઇ દેસાઇ. ઠે. ૧૧૦૧, વીર અભિમન્યુ કો. ઓ. હા. સોસાયટી, કસ્તુર પાર્ક, શિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ).

## આવતા અઠવાડિયે

પાણીપુરવઠો બંધ રહેશે.

એસ વોર્ડમાં ભાંડુપ (પશ્ચિમ)નો વિસ્તાર સહિત એલ.બી.એસ. રોડ, એલ વોર્ડમાં કુર્લા (પશ્ચિમ), કુર્લા-અંધેરી રોડ, જરીમરી, ઘાટકોપર-અંધેરી લિંક રોડ, સાકીવિહાર રોડ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. જી-ઉત્તર વોર્ડમાં ધારાવી, માહિમ જેવા વિસ્તારોમાં પાંચ ફેબ્રુઆરી બુધવારના રોજ પાણીપુરવઠો બંધ રહેશે. પાઈપલાઈન ચાલુ કર્યા બાદ અમુક દિવસ નાગરિકોને ડહોળું પાણી મળશે,તેથી પાણી ઉકાળીને અને ગાળીને પીવાનું રહેશે.

જી-ઉત્તર વોર્ડમાં ધારાવી, માહીમ, માટુંગા, કે- પૂર્વમાં અંધેરી (પૂર્વ), ઈન્ટરનેશનલ ઍરપોર્ટ વિસ્તાર, સીપ્ઝ ચકાલા, મલપા ડોંગરી એક નંબર અને બે નંબર, સાંતાક્રુઝ (પૂર્વ) અને વિલેપાર્લેના અમુક વિસ્તાર સહિતના વિસ્તારોમાં પાણીપુરવઠો પાંચ અને છ ફેબ્રુઆરી બંને દિવસ બંધ રહેશે. એચ-પૂર્વ વોર્ડના બાન્દ્રા પૂર્વના બાન્દ્રા ટર્મિનસ, ખેરવાડી, બહેરપાડા, ખેરનગર, નિર્મલ નગરમાં છ ફેબ્રુઆરીના પાણીપુરવઠો બંધ રહેશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ૧૨ વર્ષે રણજી રમવા આવેલા કોહલીનું ૧૫મા બૉલ પર ડાંડિયું ડૂલ

## ફક્ત છ રન બનાવીને રેલવેના ફાસ્ટ બોલર સંગવાનના બૉલમાં ક્લીન બોલ્ડ



દિલ્હીમાં ગઈ કાલે રેલવેનો હિમાંશુ સંગવાન (ડાબે) વિરાટનું ઑફ-સ્ટમ્પ ઉખાડ્યા બાદ બેહદ જોશમાં હતો. વિરાટ થોડા સમય પહેલાં ૧૦૦મી ટેસ્ટ રમ્યો એ બદલ ગઈ કાલે તેનું બાળપણના કોચ રાજકુમાર શર્માના હસ્તે બહુમાન કરાયું હતું.

નવી દિલ્હીઃ વિરાટ કોહલી ૧૨ વર્ષે રણજી ટ્રોફીમાં પહેલી વખત રમ્યો અને ફક્ત ૧૪ બૉલ સુધી ક્રીઝમાં ટકી શક્યો હતો અને ૧૫મા બૉલ પર તે આઉટ થઈ ગયો હતો.

ગઈ કાલે અહીં રેલવે સામેની મૅચમાં વિરાટ તેના ફક્ત ૬ રનના સ્કોર પર ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.

વિરાટે ૧૪ બૉલ ખૂબ સાવચેતીપૂર્વક અને સંઘર્ષભરી સ્થિતિમાં રમી લીધા હતા અને તેણે એક ફોર પણ ફટકારી હતી, પરંતુ રેલવેની ટીમ વતી રમતા દિલ્હીના જ ૨૯ વર્ષના ફાસ્ટ બોલર હિમાંશુ સંગવાનના બૉલમાં વિરાટનું ઑફ સ્ટમ્પ ઉખડીને દૂર ફંગોળાઈ ગયું હતું.

વિરાટ આટલો જલ્દી આઉટ થઈ જતા હજારો પ્રેક્ષકો સ્તબ્ધ થઈ ગયા હતા. આખા સ્ટેડિયમમાં સન્નાટો છવાઈ ગયો હતો. ગુરુવાર પછી ગઈ કાલે પણ હજારો લોકો માત્ર વિરાટને જોવા આ રણજી મુકાબલો જોવા આવ્યા હતા.

વિરાટે ઑફ સ્ટમ્પની જરાક બહારના બૉલમાં શૉટ મારવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેના બૅટ અને પૅડ વચ્ચે મોટો ગૅપ રહી ગયો હતો અને બૉલ સીધો સ્ટમ્પ્સમાં ગયો હતો અને ઑફ સ્ટમ્પ નીકળી ગયું હતું.

વિરાટની વિકેટ વખતે દિલ્હીનો સ્કોર ત્રણ વિકેટે ૮૬ રન હતો. બીજા દિવસની રમતને અંતે દિલ્હીનો સ્કોર ૩૩૪/૭ હતો.

જોકે પચીસ વર્ષીય દિલ્હીનો કૅપ્ટન આયુષ બદોની (૯૯ રન, ૭૭ બૉલ, ત્રણ સિક્સર, બાર ફોર) ઘણું સારું રમ્યો હતો, પરંતુ ચોથી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી એક રન માટે ચૂકી ગયો હતો. તેની અને સુમિત માથુર (૭૮ રન, ૧૮૯ બૉલ, સાત ફોર) વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૩૩ રનની ભાગીદારી થઈ હતી.

રેલવેએ ગુરુવારે પ્રથમ દાવમાં ૨૪૧ રન બનાવ્યા હતા. ■

# વિરાટ ચિલ્લી-ચિકનમાંથી હવે ચિલ્લી-પનીર પર આવી ગયો

નવી દિલ્હીઃ દિલ્હી વતી ૧૨ વર્ષે રણજી ટ્રોફીમાં ફરી રમવા આવેલો વિરાટ કોહલી ગઈ કાલે અહીં રેલવે સામેની મૅચમાં ફક્ત છ રન બનાવ્યા બાદ ક્લીન બોલ્ડ થઈ ગયો એ વાત અલગ છે, પણ બે-ત્રણ દિવસથી તે અરુણ જેટલી સ્ટેડિયમ (ફિરોઝશા કોટલા સ્ટેડિયમ)ની કૅન્ટીનની મનપસંદ વાનગી જરૂર માણી રહ્યો છે. કોહલી થોડા વર્ષોથી વેજિટેરિયન થઈ ગયો છે. અગાઉ તે આ કૅન્ટીનમાં ચિલ્લી-ચિકન ખૂબ ખાતો હતો. એ તેની મોસ્ટ ફેવરિટ વાનગી હતી, પણ શાકાહારી બન્યા પછી તેની પસંદગીની વાનગીઓ બદલાઈ ગઈ છે અને તે હવે ચિલ્લી-પનીર વધુ ખાવાનું પસંદ કરે છે.

કોહલીએ વર્તમાન મૅચ પહેલાં પ્રૅક્ટિસના એક દિવસે દિલ્હીની ટીમના સાથી ખેલાડીઓ સાથે કઢી-ચાવલનો સ્વાદ માણ્યો હતો.

અરુણ જેટલી સ્ટેડિયમની કૅન્ટીનના ચીફ સંજય ઝાએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે કોહલીએ તેના માટે લંચમાં ચિલ્લી-પનીર બનાવવાનું અમને કહ્યું હતું.

સંજય ઝાએ કહ્યું, 'હું પચીસ વર્ષથી આ સ્ટેડિયમની કૅન્ટીન ચલાવું છું. કોહલી નાનો હતો ત્યારથી તે અમારી કૅન્ટીનમાં આવે છે અને સામાન્ય માણસની જેમ જ અમારી સાથે વર્તે છે. અગાઉ ચિલ્લી-ચિકન તેની ફેવરિટ ડિશ હતી, પરંતુ તે શાકાહારી બની ગયો છે ત્યારથી તેણે કોઈ પણ પ્રકારનું માંસ કે નૉન-વેજ ફૂડ ખાવાનું બંધ કરી દીધું છે અને હવે ચિલ્લી-પનીર તેની ફેવરિટ ડિશ છે.' ■

# સચિનને બીસીસીઆઇનો 'લાઇફટાઇમ અચિવમેન્ટ' અવૉર્ડ

મુંબઈઃ ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા 'લાઇફટાઇમ અચિવમેન્ટ' અવૉર્ડથી સન્માનિત કરવામાં આવશે. શનિવારે બોર્ડના મુંબઈ ખાતેના વાર્ષિક સમારોહમાં લિટલ ચૅમ્પિયનને આ પ્રતિષ્ઠિ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

૫૧ વર્ષનો સચિન ભારત વતી ૬૬૪ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો જેમાં તેણે વિક્રમજનક કુલ ૧૦૦ સેન્ચુરી ફટકારી હતી. બોર્ડના સૂત્રોએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'ટેસ્ટમાં તેમ જ વન-ડેમાં સૌથી વધુ રન બનાવનાર સચિનને આ ભવ્ય સમારંભમાં 'સી. કે. નાયુડુ લાઇફટાઇમ અચિવમેન્ટ અવૉર્ડ'થી સન્માનિત કરવામાં આવશે.

સચિને ૨૦૦ ટેસ્ટમાં ૧૫,૯૨૧ રન અને ૪૬૩ વન-ડેમાં ૧૮,૪૨૬ રન બનાવ્યા હતા જે વિશ્વવિક્રમ છે.

તેન્ડુલકર ૨૪ વર્ષની શાનદાર કારકિર્દીમાં ફક્ત એક ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમ્યો હતો.

૨૦૨૩માં ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીને તથા મહાન વિકેટકીપર અને ઓપનિંગ બૅટર ફરોખ એન્જિનિયરને આ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

પોતાના યુગના ગ્રેટેસ્ટ બૅટર તરીકે જાણીતા સચિનની ગણના કોઈ પણ પરિસ્થિતિમાં સહજતાથી રનનો ઢગલો કરનાર ખેલાડી તરીકે થાય છે. તેણે નવેમ્બર ૧૯૮૯માં ૧૬ વર્ષની ઉંમરે પાકિસ્તાન સામેની ટેસ્ટથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું અને બીજા જ મહિને તેણે વન-ડે કારકિર્દી પણ શરૂ કરી હતી.

સચિન ૨૦૧૧માં ભારતની વન-ડે વર્લ્ડ ચૅમ્પિયન ટીમનો મેમ્બર હતો. એ તેનો છઠ્ઠો અને અંતિમ વર્લ્ડ કપ હતો.



સચિન તેના સર્વોત્તમ ફૉર્મમાં હતો ત્યારે વિશ્વના ભલભલા બોલર તેની સામે બોલિંગ કરતા ડરતા હતા. ઘણા દિગ્ગજ બોલર કહી ચૂક્યા છે કે તેમને આખી કરીઅરમાં સચિન સામે બોલિંગ કરવામાં ખૂબ પરેશાની થતી હતી.

સચિન આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનાર ૩૧મો ખેલાડી છે. ૧૯૯૪માં ભારતના સૌપ્રથમ કૅપ્ટન સી. કે. નાયુડુની સ્મૃતિમાં આ પુરસ્કારની રચના કરવામાં આવી હતી. કર્નલ સી. કે. નાયુડુનો જન્મ ઑક્ટોબર ૧૮૯૫માં નાગપુરમાં થયો હતો અને ૧૯૬૭માં તેઓ ૭૨ વર્ષની ઉંમરે અવસાન પામ્યા હતા. રાઇટ-હૅન્ડ બૅટર અને ઑફ-સ્પિનર સી. કે. નાયુડુની ટેસ્ટ ક્રિકેટ સહિતની પ્રથમ કક્ષાની કરીઅર ૧૯૧૬થી ૧૯૬૩ સુધી (૪૭ વર્ષ સુધી) ચાલી હતી જે વિશ્વવિક્રમ છે. તેમણે ભારતીય ક્રિકેટમાં વહીવટકર્તા તરીકેની સેવા પણ આપી હતી. ■

# ત્રણ સેન્ચુરી, ત્રણ હાફ સેન્ચુરી બાદ હવે મુંબઈ જીતવાની તૈયારીમાં

મુંબઈઃ ચાર દિવસીય રણજી મૅચમાં ગઈ કાલે બીજા દિવસે મુંબઈએ મેઘાલય સામે પ્રથમ દાવમાં સાત વિકેટે ૬૭૧ રનના સ્કોર પર દાવ ડિક્લેર કરીને ૫૮૫ રનની તોતિંગ સરસાઈ લીધી હતી અને પછી બીજા દાવમાં મેઘાલયની ૨૭ રનમાં બે વિકેટ લઈ લીધી હતી. પહેલા દાવમાં મેઘાલયના ૮૬ રન હતા. મુંબઈને બીજા દાવમાં ૬૫૦-પ્લસનો સ્કોર અપાવવામાં સિદ્ધેશ લાડ (૧૪૫ રન), વિકેટકીપર આકાશ આનંદ (૧૦૩ રન), શમ્સ મુલાની (૧૦૦ અણનમ) તેમ જ કૅપ્ટન અજિંક્ય રહાણે (૯૬ રન), સૂર્યાંશ શેડગે (૬૧ રન) અને શાર્દુલ ઠાકુર (૮૪ રન)ના સૌથી મહત્ત્વનાં યોગદાન હતાં. તનુષ કોટિયન ૩૪ રને અણનમ રહ્યો હતો. રહાણે ચાર રન માટે ૪૧મી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી ચૂકી ગયો હતો. મેઘાલયના સાત બોલરે બોલિંગ કરી હતી. પ્રથમ દાવમાં ચાર વિકેટ લેનાર શાર્દુલે ગઈ કાલે બીજી ઇનિંગ્સમાં બન્ને વિકેટ લીધી હતી. ■

### અન્ય રણજી મૅચોમાં શું બન્યું?

(૧) વડોદરામાં રણજીના બીજા દિવસે જમ્મુ અને કાશ્મીરે બરોડાને ૧૬૬ રનમાં આઉટ કરીને ૮૦ રનની સરસાઈ લીધી હતી અને બીજા દાવમાં એક વિકેટે ૧૨૫ રન બનાવ્યા હતા.

(૨) અમદાવાદમાં હિમાચલ પ્રદેશ પ્રથમ દાવમાં ૨૧૫ રનમાં આઉટ થયા બાદ ગુજરાતની ટીમ જયમીત પટેલના પંચાવન રન તથા હેમાંગ પટેલના આક્રમક ૪૧ રનની મદદથી ૨૪૭ રન બનાવીને ૩૨ રનની સરસાઈ લીધી હતી. હિમાચલે બીજા દાવમાં ૬૩ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી.

(૩) રાજકોટમાં સૌરાષ્ટ્રએ ૪૭૪ રન બનાવ્યા બાદ આસામની ટીમ ધર્મેન્દ્રસિંહ જાડેજાની ચાર વિકેટને લીધે ૧૬૪ રનમાં આઉટ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રની ૩૧૦ રનની લીડ પછી ફૉલો-ઑન બાદ આસામના એક વિકેટે ૬૭ રન હતા. ■

# શું સેહવાગ અને પત્ની આરતી વચ્ચે કારમાં ઝઘડો થયેલો?



નવી દિલ્હીઃ ભારતનો ભૂતપૂર્વ ક્રિકેટર વીરેન્દર સેહવાગ અને પત્ની આરતી ૨૦ વર્ષના લગ્નજીવન બાદ હવે છૂટાછેડા લેવાના છે એવા અહેવાલો વચ્ચે એક રિપોર્ટ એવો આવ્યો છે કે થોડા મહિના અગાઉ બંને વચ્ચે કારમાં ઝઘડો થયો હતો. એવું મનાય છે કે બંને વચ્ચેનું અંતર ત્યારથી જ વધવા લાગ્યું હતું.

સેહવાગ અને આરતી લગભગ એક વર્ષથી સાથે નથી રહેતા. તેમને બે પુત્રો છે અને એમાંથી એક પુત્ર સેહવાગની સાથે અને બીજો પુત્ર આરતી સાથે રહે છે એવું સાંભળવા મળ્યું છે. દંપતીએ થોડા સમયથી એકબીજાને સોશિયલ મીડિયા પર અનફૉલો કર્યા છે.

સેહવાગ અને આરતી વચ્ચે કારમાં થયેલા કથિત ઝઘડાનો વીડિયો વાઇરલ થયો છે.

જોકે આ વીડિયો નવો નથી અને એનો ઑડિયો પણ બંધ છે એટલે એના વિશે ચાહકોને શંકા થઈ રહી છે. ■

# પુણેમાં ભારતનો પરચો, સિરીઝ જીતી લીધી

## ટીમ ઇન્ડિયાના ૧૮૧/૯ સામે ઇંગ્લૅન્ડના ૧૬૬/૧૦ : બિશ્નોઈ, રાણા, વરુણનો તરખાટ

પુણેઃ સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં ભારતે અહીં આજે ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટી-૨૦ પંદર રનથી જીતીને સિરીઝની ટ્રોફી પર ૩-૧ના માર્જિન સાથે કબજો કરી લીધો હતો. બૅટિંગમાં હાર્દિક પંડ્યા તથા શિવમ દુબેએ પરચો બતાવ્યો ત્યાર બાદ બોલિંગમાં ખાસ કરીને રવિ બિશ્નોઈ, હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીએ કમાલ કરી દેખાડી હતી.

જૉશ બટલરની ટીમ ૧૮૨ રનના લક્ષ્યાંક સામે ૧૯.૪ ઓવરમાં ૧૬૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી જેમાં હૅરી બ્રૂકના ૫૧ રન હાઇએસ્ટ હતા. સ્પિનર રવિ બિશ્નોઈએ ૨૮ રનમાં ત્રણ તથા પેસ બોલર હર્ષિત રાણાએ ૩૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. સિરીઝના સુપરસ્ટાર સ્પિનર વરુણ ચક્રવર્તીએ ૨૮ રનમાં બે વિકેટ અને અર્શદીપ સિંહે ૩૫ રનમાં એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, બૅટિંગ મળ્યા બાદ શરૂઆતના જોરદાર ધબડકા બાદ ભારતે બે શાનદાર ઇનિંગ્સની મદદથી છેવટે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૮૧ રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યા (૫૩ રન, ૩૦ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) અને શિવમ દુબે (૫૩ રન, ૩૪ બૉલ, બે સિક્સર, સાત ફોર)ની જોડીએ છઠ્ઠી વિકેટ માટે ૮૭ રનની જે ભાગીદારી કરી એનાથી ભારતીય ટીમની આબરૂ સચવાઈ હતી અને બ્રિટિશ ટીમને ૧૮૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપી શકાયો હતો.

રાજકોટની ત્રીજી મૅચમાં ખૂબ ધીમી શરૂઆત કર્યા બાદ ૩૫ બૉલમાં ૪૦ રન બનાવનાર હાર્દિકે ગઈ કાલે ધમાકેદાર બૅટિંગ કરીને પુણેનું સ્ટેડિયમ ગજવ્યું હતું. તેણે માત્ર ૨૭ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને કુલ ૩૦ બૉલમાં ૫૩ રન બનાવ્યા હતા.

એ પહેલાં, ભારતની શરૂઆત આઘાતજનક હતી. ૨૭ વર્ષના રાઇટ-આર્મ પેસ બોલર સાકિબ મહમૂદે પોતાની પહેલી ઓવરના પહેલા બે બૉલમાં સંજુ સૅમસન (૧), તિલક વર્મા (૦) અને છઠ્ઠા બૉલમાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (૦)ને આઉટ કરીને ધમાલ મચાવી દીધી હતી.

પહેલા ૧૨ રનમાં ભારતની ત્રણ વિકેટ પડી ગઈ હતી. જોકે અભિષેક શર્મા (૨૯ રન, ૧૯ બૉલ, એક સિક્સર, ચાર ફોર)એ કમબૅકમૅન રિન્કુ શર્મા (૩૦ રન, ૨૬ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની જોડીએ ચોથી વિકેટ માટે ૪૫ રનની પાર્ટનરશિપથી બાજી સુધારી લીધી હતી.

આવતી કાલે વાનખેડેમાં છેલ્લી ટી-૨૦ રમાશે. ■

# વરસાદે ઑસ્ટ્રેલિયાના રંગમાં ભંગ પાડ્યો

ગૉલઃ ઑસ્ટ્રેલિયાએ અહીં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં ગુરુવારના બીજા દિવસે પ્રથમ દાવ ૬૫૪/૬ના સ્કોર પર ડિક્લેર કરી દીધો ત્યાર બાદ આજે મેઘરાજાએ કાંગારૂઓની મજા બગાડી નાખી હતી. વરસાદને કારણે શ્રીલંકાની ટીમના પ્રથમ દાવમાં માત્ર ૪૨ ઓવર બોલિંગ થઈ હતી અને પાંચ વિકેટે ૧૩૬ ર બન્યા હતા.

જો મેઘરાજા નડતરરૂપ ન થયા હોત તો સ્ટીવ સ્મિથની ટીમે યજમાન ટીમને આજે જ ઑલઆઉટ કરીને જંગી લીડ સાથે એને ફૉલો-ઑન આપી હોત. દિનેશ ચંદીમલ ૬૩ રન સાથે રમી રહ્યો હતો.

ઑસ્ટ્રેલિયાના મિચલ સ્ટાર્ક અને મૅથ્યૂ કુહનેમને બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ નૅથન લાયનને મળી હતી.

પહેલા દાવમાં ઉસમાન ખ્વાજાએ ૨૩૨ રન, સ્ટીવ સ્મિથે ૧૪૧ રન અને જૉશ ઇંગ્લિસે ૧૦૨ રન બનાવ્યા હતા.

શ્રીલંકન બોલર પ્રભાત જયસૂર્યાએ ૧૯૩ રનમાં ત્રણ અને જેફરી વૅન્ડરસેએ ૧૮૨ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. નિશાન પેઇરિસ નામના ઑફ-સ્પિનરને ૧૮૯ રનમાં એક પણ વિકેટ નહોતી મળી. અસિથા ફર્નાન્ડો પણ ૭૭ રનના ખર્ચ છતાં વિકેટ વિનાનો રહ્યો હતો. ■




Deepak Somaiya



KAAJAL ADS



KAAJAL ADS



KAAJAL ADS



Theatrix



Deepak Somaiya



Theatrix



# વીક એન્ડ

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

### ખૂંખાર ત્રાસવાદીથી લઈને રીઢા અપરાધીને કઈ રીતે શોધીને સપડાવે છે...

# આ લેટેસ્ટ ‘ફેસ રેકગ્નિશન’ ટેકનિક..

### મુંબઈનાં ગીચ લોકલ સ્ટેશન્સ-અતિવ્યસ્ત ઍરપૉર્ટ્સ અને ગાઢ જંગલોમાં લપાયેલા આતંકવાદીઓને ઝડપી લેતી આ અતિ આધુનિક ટેકનિકનું જાણી લો, A ટુ Z!



ડૉ. પારુલ શાહ

સૈફ પર હુમલો કરનાર આરોપીની સીસી ટીવી ઈમેજ અને ઝડપાયો પછી..

આપણે આવી હેડલાઈન્સ અવારનવાર વાંચીએ છીએ કે પછી ટીવી ન્યૂઝમાં સાંભળીએ છીએ, જેમકે

#પાંચેક આતંક્વાદી પંજાબ બોર્ડરથી પાટનગર દિલ્હીમાં પ્રવેશ્યા હોવાની બાતમી બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) તરફથી દિલ્હી પોલીસને મળી છે.

#પાકિસ્તાનના ૧૫ જેટલા લશ્કરી જવાન ‘જૈશ-એ-મહમ્મદ’ના નામે જમ્મુ-કશ્મીરમાં આતંકી હુમલાની તૈયારીમાં છે.. એ બધાને શોધી કાઢી એમને ‘ન્યુટ્રલાઈઝસ્’ (ઝબ્બે કરો!) કરવાની કામગીરી મિલિટરી ગુપ્તચર એજન્સીને સોંપી દેવામાં આવી છે...

આ પ્રકારના સમાચાર વાંચી-સાંભળીને મોટા ભાગના લોકોને જિજ્ઞાસા જાગે: આવા દેશદ્રોહીઓનો અત્તોપત્તો આપણી સુરક્ષા એજન્સી કે ગુપ્તચર વિભાગ કઈ રીતે મેળવતાં હશે?

માત્ર આતંક્વાદીઓને જ નહીં, પોલીસને ચોપડે ચઢેલા ને ભાગતા ફરતા ખૂની-ઉઠાવગીરો-બૅન્ક લુટારુઓ જેવા પીઢ અપરાધીઓને કાયદાના લાંબા હાથ શોધીને જે રીતે ઝબ્બે કરે છે એ કામગીરી આમ તો બહુ કડાકૂટવાળી છે, પણ હવે ચિત્ર પલટાયું છે. ડિજિટલ ક્ષેત્રે થયેલી નવી શોધખોળ તેમ જ ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એટલે કે કૃત્રિમ બુદ્ધિની મદદથી એ દિશામાં ઝડપી ને સઘન પ્રયાસ થઈ રહ્યા છે.

કોઈ સંભવિત આતંકવાદી કે પછી કોઈ લાપતા ગુનેગારની આગોતરા ભાળ મેળવી લઈને એમને સમયસર સપડાવવા માટે કાયદાના રક્ષકો પણ હવે એક લેટેસ્ટ ટેકનિક અને ‘મોડસ ઑપરેન્ડિ’ (ચોક્કસ કાર્યપદ્ધતિ) અપનાવી રહ્યા છે, જે ‘ફેસ રેકોગ્નિશન’ કે ‘ફેસિયલ રેકોગ્નિશન ટેકનિક તરીકે ઓળખાય છે.

આજે કોઈ પણ ગુનેગારનું પગેરું મેળવવા અપરાધના સ્થળે ઝડપાયેલી સીસીટીવી ફૂટેજની સાથે પોલીસ બાતમીદારોએ પૂરી પાડેલી વિગત અથવા તો કોઈ સાક્ષી હોય તો એ બધાના સરવાળાના આધારે પોલીસ ગુનેગારની વધુ ને વધુ સમીપ પહોંચી શકે છે.

હવે વાત કરીએ તાજેતરમાં ચકચાર મચાવી દીધા એ સમાચારની..

બોલિવૂડ સ્ટાર સૈફ અલી ખાન પર હમણાં એના જ ફ્લૅટમાં મધરાતે એક હિંસક હુમલો થયો. ફિલ્મોમાં ડુપ્લિકેટના સહારે વિલનોને પછાડતા સૈફે અહીં ખરા અર્થમાં હુમલાખોરનો હિંમતથી સામનો કર્યો. સૈફને લોહીલુહાણ કરી એ ગુનેગાર છટકી ગયો, પણ સૈફ રહે છે એ ઇમારતના ક્લોઝ્ડ સર્કિટ ટીવીના ફૂટેજમાં એ હુમલાખોર દેખાય છે. એ ફૂટેજ અને પોલીસ ટીમે એકઠી કરેલી અન્ય માહિતી-બાતમી પરથી એ કહેવાતા હુમલાખોર શરીફુલ ફકીરને પોલીસે ઝડપી પણ લીધો. સૈફે પણ પોતાના પર હિંસક હુમલો કરનાર શરીફુલને ઓળખી બતાવ્યો છે. જોકે, પેલાએ કોર્ટમાં કહ્યું છે કે ‘સીસીટીવીવાળો શખસ હું નથી!’ (એનો બાંગ્લાદેશી બાપ પણ એમ જ કહે છે!)

હવે ફૂટેજમાં દેખાતો હુમલાખોર શરીફુલ ફકીર છે કે નહીં એ ચકાસવા માટે પોલીસ ‘ફેસ રેકોગ્નિશન’ ટેકનિક દ્વારા પુરવાર કરવા પ્રયત્ન કરશે કે ફૂટેજનો ચહેરો આરોપી સાથે મૅચ થાય છે કે નહીં.

આ ‘ફેસ રેકોગ્નિશન’ ટેકનિક એટલે કે તમારા ચહેરા-મોહરાની બાયોમેટ્રિક ઓળખ. બીજા શબ્દોમાં કહીએ તો આપણો ચહેરો જ બની જશે એક નવા પ્રકારનું ‘આધાર’ કાર્ડ અને ગુનેગાર માટે તો આવું ‘આધાર કાર્ડ’ બની જશે એની ક્રાઈમ કુંડળી!

-તો સૈફના આ તાજા કેસમાં, જેનો ઉપયોગ થશે એ ‘ફેસ રેકોગ્નિશન’ ટેકનિક હકીકતમાં શું છે? એમાં ઊંડા ઊતરીએ એ પહેલાં આ પણ જાણી લઈએ કે ખરેખર કોઈ પણ વ્યક્તિની આંખ-કાન-હોઠ-નાક અને વાળ એની ખરી કે ચોક્કસ ઓળખ આપી શકે. આ બધા ઉપરાંત એ વ્યક્તિની હાઈટ-હાથ-પગ -સ્થૂળતા, ઇત્યાદિને લીધે આપણી સમક્ષ એનું પૂર્ણ વ્યક્તિત્વ ખડું થાય છે. જોકે પ્રાથમિક ઓળખ માટે એનો ફેસ-ચહેરો કાફી છે. એ માટે ચહેરાના છબી જરૂરી છે. સારી ક્ષમતાવાળા CCTV કૅમેરા દ્વારા આવી તસવીર ઝડપી લેવામાં આવે પછી એની ઓળખ માટેના વિભિન્ન તબક્કા છે.

આપણને જાણીને નવાઈ લાગે, પરંતુ થોડાં વર્ષ અગાઉ આ દિશામાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું મુંબઈનાં ડૉ. પારુલ નીલેશ શાહ નામનાં એક ગુજરાતી માનુનીએ..

આ વાત થોડી વિગતે જાણીએ એક ઉદાહરણ લઈને.. ધારી લો કે નક્સલવાદીઓના અડ્ડા જેવા ગઢચિરોલીના ગાઢ જંગલમાં લપાઈને બેઠેલી એક ટોળકીની શોધમાં લશ્કરની એક ટુકડી છે.. નરી આંખે ગાઢ જંગલમાં એ ટોળકીને શોધવી મુશ્કેલ છે. ઈન્ફ્રારેડ કૅમેરામાં એમની તસવીરી ઝલક ઝડપાય ખરી, પરંતુ ઓછા પ્રકાશમાં સ્થળ બરાબર ઓળખી ન શકાય માટે એમની અસ્પષ્ટ તસવીરો અને વીડિયોના એક સોફટવેરની મદદથી બન્નેનું ફ્યુઝન (મિશ્રણ-સંયોજન) કરવામાં આવે તો ચોક્કસ સ્થળ-વિસ્તારની પાકી માહિતી મળી શકે. આવી ‘મલ્ટિ મૉડેલ ઈમેઝ ફ્યુઝન’ ટેકનિક-સોફટવેર તૈયાર કર્યું છે પારુલબહેને!

આના માટે એમને વિખ્યાત ‘માઈક્રોસોફ્ટ’ કંપની તરફથી પ્રતિષ્ઠિત રિસર્ચ એવોર્ડ પણ એનાયત થયો છે. એ ઉપરાંત અમેરિકન આર્મીએ તથા મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પણ એમનાં દ્વારા વિકસાવાયેલી આ ટેકનિકની વિશેષ નોંધ પણ લીધી છે..

પારુલ શાહનું આ ‘મલ્ટિ મૉડેલ ઈમેજ ફ્યુઝન’ સોફ્ટવેર આજે ડિફેન્સ સર્વેલન્સમાં ઉપયોગી હોવા ઉપરાંત બીજાં ક્ષેત્રોમાંય એનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે.

‘મલ્ટિ મૉડેલ ઈમેઝ ફ્યુઝન’ ટેકનિક પર Ph.D. કર્યું છે એવાં પારુલ શાહે ફિંગર પ્રિન્ટ્સ તેમ જ બાયોમેટ્રિક અને આ જ ક્ષેત્રને લગતાં અન્ય વિષયો વિશે સઘન સંશોધન કર્યું છે. પારુલબહેન એમાંથી ‘સ્ટેગનોગ્રાફી’ વિશે રસપ્રદ માહિતી તથા સમજ આપતાં ઉમેરે છે કે આ ‘સ્ટેગનોગ્રાફી’ એક એવી ટેકનિક છે કે જેમાં ગુપ્ત માહિતીની ઈમેજ વીડિયો-ઑડિયોમાં સંતાડવામાં આવે છે.

ઉદાહરણ તરીકે લાદેનના ત્રાસવાદીઓએ અમેરિકા પર ૯/૧૧નો હુમલો કર્યો ત્યારે એની આગોતરી માહિતી એક ફિલ્મ દ્વારા પોતાની ટોળકીને પહોંચાડવા આતંકવાદીઓએ આ ‘સ્ટેગનોગ્રાફી’ ટેકનિકનો બખૂબી ઉપયોગ કર્યો હતો!

એ જ રીતે, પારુલબહેનની ‘મલ્ટિ મૉડેલ ઈમેઝ ફ્યુઝન’ ટેકનિકનો ઉપયોગ બીજાં અનેક ક્ષેત્રમાં પણ થઈ રહ્યો છે એની માહિતી પણ રસપ્રદ છે, પણ સ્થળસંકોચને કારણે આજે નહીં, પણ ફરી ક્યારેક!

અલબત્ત, આજે તો આ ‘ફેસ રેકોગ્નિશન’ ટેકનિક’ની દિશામાં જબરી પ્રગતિ થઈ છે. આપણે ત્યાં ખાસ કરીને, રેલવે સ્ટેશન - ઍરપૉર્ટ - જાહેર સભાઓ કે પછી ક્રિકેટ કે ફૂટબોલ મૅચ વખતે મોટી સંખ્યામાં દર્શકો ઊમટે એવાં સ્ટેડિયમો વગેરે સ્થળોમાં ‘ફેસ રિકોગ્નિશન સિસ્ટમ’ ગોઠવવામાં આવે તો આવી ગિરદીમાં બીજાની સાથે ભળી ગયેલા ગુનેગારોના ચહેરા પણ ઝડપાઈ જાય. એ પછી પોલીસ ચોપડે જે ગુનેગારોની માહિતી અગાઉથી સંઘરી રાખવામાં આવી હોય એની સાથે સરખાવતાં ભીડમાં ભળી ગયેલા અપરાધીની ઓળખ તરત થઈ જાય.. જોકે, આપણે ધારીએ છીએ- જેટલી સરળતાથી કહીએ છીએ એટલી સરળ આ ક્રિયા-પ્રકિયા નથી.

જાહેરસ્થળોએ ગોઠવવામાં આવેલા ‘ક્લોઝડ સર્કિટ ટીવી નેટવર્ક’ને ‘વીડિયો સર્વેલન્સ સિસ્ટમ’ (VSS) સાથે સાંકળી લેવામાં આવે છે, જે ગિરદીમાં ઝડપેલા ચહેરાઓની છબી ઑપ્ટિકલ ફાઈબર કેબલ દ્વારા નિયત કરેલા મુખ્ય મથક કન્ટ્રોલ રૂમ સુધી પહોંચાડવામાં આવે છે. અહીં ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદથી મળેલી તસવીરોનું પોલીસ ચોપડે નોંધાયેલી અપરાધીઓની છબીઓ (Criminals Digital Data) સાથે આપોઆપ સરખામણીની સાથોસાથ પૃથક્કરણ થાય અને એમાંથી અપરાધીની છતી થયેલી ઓળખ લાગતી-વળગતી ઈન્ટેલિજન્સ એજન્સીને પહોંચતી કરવામાં આવે છે. આ અટપટી પ્રક્રિયા આપણે વિચારીએ એ કરતાં પણ બહુ ઝડપી હોય છે.

ગુનેગારને પારખવાની આ પ્રકારની અતિઆધુનિક વ્યવસ્થા આપણે ત્યાં પણ શરૂ થઈ છે. દેશના મહત્ત્વના કહી શકાય એવાં ૨૪ ઍરપૉર્ટ પર આ ‘ફેસિયલ રિકગ્નિશન’ ટેકનોલૉજી અમલમાં આવી ચૂકી છે. આ ટેકનોલૉજી ધરાવતી ‘ડિજયાત્રા’ એપની મદદથી ઍરપૉર્ટના પ્રવાસીઓની લાંબી કતાર ઓછી થઈ જશે અને વિમાનયાત્રા વધુ સરળ ને ઝડપી થશે.

આપણે ત્યાં રેલવે સ્ટેશનો પર લોકોની સૌથી વધુ અવરજવર હોવાથી ખાસ પ્રકારના ‘ફેસ રેકગ્નિશન’ યુક્ત ૪૦૦૦થી વધુ કૅમેરા દેશના ૮૦૦ રેલવે સ્ટેશન પર તબક્કાવાર કાર્યરત થઈ રહ્યા છે. એ જ રીતે, ૬૦૦૦થી વધુ કૅમેરા મુંબઈના લોકલ સ્ટેશન્સ પર ગોઠવાઈ રહ્યા છે.

ફરી મૂળ વાત પર પરત આવીએ તો કોઈ પણ અજાણ્યા કે શંકાસ્પદ ચહેરાની ઝલક ઝડપીને એની તાત્કાલિક ઓળખ માટે પાયાની ટેકનિક તો ‘ફેસ રિકગ્નિશન સિસ્ટમ’ પર જ નિર્ભર છે. સમયાનુસાર, એમાં બહુ ઝડપથી ફેરફાર આવી રહ્યા છે. એ મુજબ, ઝડપાયેલી તસવીરવાળી વ્યક્તિના ચહેરા પરના હાવભાવથી એની માનસિક સ્થિતિ કેવી છે એનું પણ પરીક્ષણ થઈ શકે એવી ‘ફેસિયલ ઈમોશન રિકગ્નિશન’ (FER) પ્રક્રિયા પણ વિકસી રહી છે..!

(સૈફના હુમલાખોર માટે પણ આ ટેકનિક વાપરી શકાય!)

આ બધા વચ્ચે, નવાઈની વાત એ છે કે ચહેરા ઓળખની આવી અનેક ટેકનોલૉજી એટલી બધી ઝડપથી વિકસી રહી છે કે આતંકવાદીઓ-અપરાધીઓને ઝબ્બે કરવા ઉપરાંત એનો ઉપયોગ શોપિંગ કરનારાથી લઈને હોટલ-રેસ્ટોરાંના ગ્રાહકો સુધી એ વિસ્તરી રહી છે.


તાજેતરનું એક વિશ્વવ્યાપી સર્વેક્ષણનું તારણ કહે છે કે આગામી ત્રણ વર્ષ એટલે કે ૨૦૨૮ સુધીમાં ‘ફેસિયલ રિકગ્નિશન’ની માર્કેટ ૧૪ અબજ ડૉલર અર્થાત્ રૂપિયા ૧૪૦૦ કરોડનો અધધધ આંક વળોટી જશે! ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# સેરામિક ટાઇલ્સમાં સમય બંધ કરીને બેઠેલું ફિરગાસ...









સાન માટેઓની કેનેરી આયલૅન્ડની ખાસિયત ગણાતી માર્કેટ અને નાનકડા ગામમાં જલસા કર્યા પછી અમે વધુ એક નાનકડા ગામ તરફ નીકળી પડ્યાં. રસ્તામાં બધે ક્રિસમસ ડેકોરેશન્સ દિવસમાં તડકા અને ગરમીમાં પણ સ્નો અને સેન્ટાની તસવીરો નજર સામે આવતાં હતાં. જોકે અમે ત્યાં ક્રિસમસ માટે નહીં, કેનેરી ટાપુની ખાસિયતો માટે પહોંચેલાં. ત્યાં ક્યાંય દરિયો તો નજીકમાં ન હતો, પણ ટાપુ કેટલો ઉબડખાબડ હતો તે દરેક રસ્તા પર અનુભવી શકાતું હતું. ઓલમોસ્ટ દરેક વિસ્તાર જાણે ખડકોને જોડીને, તેની સપાટીને ક્યાંક સમતળ તો ક્યારેક લેયર પર પગથિયાંની જેમ બનાવેલા વિસ્તારો પર ઘરો બાંધવામાં આવેલાં. ઢાળથી તો હવે નવાઈ લાગવાની પણ બંધ થઈ ગઈ હતી અને નવા નાનકડા ગામે પહોંચ્યા પછી ખબર પડી કે અહીં સમતળ ધરતી શા માટે નથી.

ફિરગાસ કદાચ ગ્રાન કેનેરિયાનું સૌથી લોકપ્રિય ઇન-લૅન્ડ ગામ છે. સાતેય ટાપુઓમાં ખ્યાતનામ બીચ અને તેને સંબંધિત ઘણાં સ્થળો છે. વોલ્કેનિક લૅન્ડસ્કેપ અને લાઇટહાઉસ અને ફેરી પૂલ્સ જેવું ઘણું બધું છે, પણ કલ્ચર માટે જાણીતાં સ્થળોની કોઈ વાત નથી કરતું. એવામાં ફિરગાસ પહોંચ્યાં અને જાણવા મળ્યું કે આ ગામ ખાસ ત્યાંની ટાઇલ્સના ઇન્સ્ટોલેશન માટે જાણીતું છે. ત્યાં નાની ઢાળવાળી ગલીઓમાંથી ગામને મધ્યે પાર્કિંગ મળ્યું તે પણ ઢાળ પર જ એક સર્કલની સાઇડમાં. ત્યાં કાયદેસર પાર્કિંગ હતું કે નહીં તે સમજાયું નહીં, પણ બાકીની કાર વચ્ચે જગ્યા મળી ત્યાં ગાડી ગોઠવીને અમે સેરામિક ટાઇલ્સના ઇન્સ્ટોલેશન તરફ નીકળી પડ્યાં. સૌરાષ્ટ્રની જેમ સ્પેનને પણ બપોરે ઊંઘી જવાની આદત છે. લોકો રેસ્ટોરાં, બેકરી, કરિયાણાની દુકાનો, સ્ટેશનરી સ્ટોર બધું બપોરે ત્રણ વાગ્યે બંધ રાખીને બેઠાં હતાં. અમને ફાયદો એ હતો કે તેના કારણે રસ્તામાં ટ્રાફિક સાવ નહિવત્ હતો.

ફિરગાસમાં પાર્કિંગ કરીને સાવ સાંકડી સાઇડવોક પર થઈને અમે ગામની મધ્યે પહોંચ્યાં. ૧૪૮૮માં સ્થાપના થયા પછી આ ગામ જાણે એ જ સમયમાં રોકાઈ ગયું હોય તેવું લાગતું હતું. અહીંની દરેક ઇમારત જાણે છેલ્લાં હજાર વર્ષમાં કોઈ પણ સમયગાળાની હોઈ શકે તેવું લાગતું હતું. જોકે ફિરગાસમાં સમયને રેકોર્ડ કરવાનો પણ અનોખો રસ્તો છે. અહીં અત્યંત ઉપરથી ગામની ચારેય તરફથી એટલાન્ટિકનો વ્યુ તો દેખાતો જ હતો, એટલે જ ફિરગાસને બાલ્કની ઑફ એટલાન્ટિક પણ કહે છે. જોકે માઇલો સુધી દરિયા પર પહોંચવાનું તો શક્ય નથી.

ગામનું મુખ્ય ચર્ચ સાન રૉક એકદમ મોકાની જગ્યાએ છે. ત્યાં પહોંચવાનો રસ્તો તો ટાપુનો સૌથી સુંદર રસ્તો કહેવામાં પણ અતિશયોક્તિ નથી. આખું ગામ ભલે ખાલી હોય, તેના સાન રૉક જતા રસ્તા પર સૌથી વધુ ભીડ હતી. અહીં ઢાળને પગથિયાંમાં ફેરવીને ત્યાંથી કેનાલનું પાણી એક વોટરફોલની જેમ નીચે તરફ સરકી રહ્યું હતું અને પગથિયાંની બંને તરફ સેરામિક ટાઇલ્સની બેન્ચ લગાવવામાં આવી છે. દરેક પગથિયે એક બેન્ચ છે અને દરેક બેન્ચ પર અને તેની આસપાસની ટાઇલ્સ પર કેનેરી આયલૅન્ડ્સની દંતકથાઓ અને કુદરતનાં દૃશ્યો, લેન્ડમાર્ક્સનાં ચિત્રો બનાવેલાં હતાં. અમે પહેલાં તો એ ચર્ચાએ ચડ્યાં કે આ ટાઇલ્સને પહેલેથી જ પેઇન્ટ કરીને લગાવવામાં આવી હશે કે સાદી ટાઇલ્સ લગાવીને તેના પર પેઇન્ટ કરવામાં આવ્યું હશે. ચાર જણામાં અમે એ નક્કી કરી શક્યાં નહીં. મારું એવું માનવું છે કે ટાઇલ્સ પહેલેથી જ ચિત્રોવાળી હતી, કુમાર એમ માને છે કે પાછળથી પેઇન્ટ થયું છે. ઇન્ટરનેટ પર તો અમને તે જવાબ મળ્યો નહીં. જે પણ રીતે પેઇન્ટિંગ થયાં હોય, એક વાત નક્કી હતી, આ ટાઇલ્સ પરનાં ચિત્રો શહેરને અલગ જ કેરેક્ટર આપતાં હતાં.

આન્દાલુસિયન ટાઇલ્સ તરીકે ઓળખાતી આ બેન્ચીઝ હવે તો એક પ્રકાર જ બની ગઈ છે. ઘણા શોખીનો પોતાનાં પ્રાઇવેટ ગાર્ડન્સમાં પણ આવી સેરામિક બેન્ચિઝ બનાવે છે. અમે તો માત્ર એ ડિઝાઇનનાં મેગ્નેટથી જ કામ ચલાવી લીધું. જોકે તે બધાં કરતાં અમને સૌથી વધુ રસ તો સાતેય કેનેરી ટાપુના મિનિએચર સિરામિક વર્ઝનમાં પડ્યો. દરેક સ્ટેપ પર એક ટાપુનું નાનું મૉડેલ અને ભવ્ય નકશો પેઇન્ટ કરવામાં આવેલો. સાથે તે ટાપુ વિષે બેઝિક માહિતી પણ હતી. ત્યાં આખો ગ્રાન કનેરિયા જોઈને લાગ્યું કે જાણે કોઈ ડબલ ટિયર કેકમાં વચ્ચે વચ્ચેથી કોઈએ ટુકડા કાપી લીધા હોય તેવું લૅન્ડસ્કેપ હતું. તે પછી તો વધુ નવાઈ લાગતી હતી કે આવી ઉબડખાબડ, ટેકરીઓ અને પહાડોથી લદાયેલી જમીન પર આટલું ચકાચક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કઈ રીતે બન્યું હશે. સાથે ટેનેરિફે, ફુઅર્ટેવેન્ટુરા, લાન્ઝારોટે સહિત સાતેય ટાપુના મિનિએચર પછી પગથિયાં પૂરાં થયાં ત્યાં બાજુમાં એક શાકની દુકાન ખુલ્લી હતી. સાન રૉક ચર્ચમાં એક કોયરનું કોરસ ચાલી રહ્યું હતું. ચર્ચની બહાર થોડાં મેટલ સ્ટેચ્યુ, ક્રિસમસ ડેકોરેશન્સ વચ્ચે અમને ઘણા લોકલ પરિવારો અને વૃદ્ધો પણ દેખાયા. જાણે ફિરગાસ અમને કેનેરી ટાપુની સ્થાનિક લાઇફમાં ડોકિયું કરવાનો મોકો આપી રહ્યું હોય તેવું લાગતું હતું. બાકી બીચ રિસોર્ટ આસપાસ તો જ્યાં પણ જાઓ ત્યાં ટૂરિસ્ટી ફીલિંગ જ હતી. એવામાં અમે તે ગામને ભરપેટ માણ્યું. પેલી શાકની દુકાનના રંગો પણ ગામના માહોલ સાથે મેળ ખાતા હતા. ત્યાં અંદર આંટો માર્યો તો જુનવાણી ભારતીય કરિયાણા સ્ટોરની યાદ આવી ગઈ. અહીં ગ્રોસરી અને સ્થાનિક ડ્રિંક્સ પણ એકદમ રસ્ટિક રીતે પડેલાં હતાં. ભારતમાં સુપર માર્કેટ્સ આવી તે પહેલાંનો સમય યાદ આવ્યો. જોકે અહીં પણ કેલોગ્સ અને કોકાકોલા જોઈને લાગ્યું કે અહીં પણ બહારની દુનિયા તો આવી જ ગઈ છે. હવે દુનિયાના આવા ખૂણામાં પણ કશું જ સાવ સ્થાનિક તો નથી જ રહ્યું. જોકે કમસે કમ આ ગામમાં બર્ગર અને પિત્ઝાની ચેઈન તો નથી. ફિરગાસમાં એ માનવું મુશ્કેલ હતું કે ૨૧મી સદીને પણ પચીસ વર્ષ થઈ ગયાં છે. સમય અહીં જરૂર પોઝ થઈ ગયો છે. ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# વડના વૃક્ષને વાણિયાઓ સાથે કોઈ સંબંધ ખરો?

## ઈન્ડો-યુરોપિયન લેન્ગ્વેજ ફેમિલી અને એમની ભાષામાં વણાયેલા આપણા શબ્દો

આજે વિદેશી ધોળિયાઓ જે 'પજામા' પહેરે છે, પણ મૂળ અંગ્રેજી ભાષામાં આવો કોઈ શબ્દ નહોતો. પાય એટલે પગ અને જામો એટલે ઘૂંટણથી નીચે સુધી પહોંચતો ઘેરદાર પહેરવેશ એક પ્રકારનું અંગરખું તો શું એવો અર્થ તારવી શકાય, કે 'પાયજામો' એટલે પગમાં પહેરવાનું ઘેરદાર (મોકળાશવાળું) વસ્ત્ર? સાચો જવાબ કદાચ ભાષાશાસ્ત્રીઓ જ આપી શકે. જોકે, ભારતમાં સદીઓ સુધી ધોતિયા પછી પાયજામો બીજા ક્રમે રહ્યો. બ્રિટિશ કલ્ચરની અસર હેઠળ આપણે 'પાટલૂન' પહેરતા થયા બાદ પાયજામો હવે બહુધા નાઈટડ્રેસ તરીકે વપરાય છે.

એક સમયે દક્ષિણ એશિયાને પ્રવાસે આવતા વિદેશીઓને આ 'પજામા'નું ભારે આકર્ષણ રહેતું, જેને કારણે આખી દુનિયા પજામા-એટલે કે પાયજામા પહેરતી થઇ અને અંગ્રેજી ભાષાએ પણ 'પજામા' શબ્દ સ્વીકારી લીધો.

ભાષાને પણ પોતીકો ઇતિહાસ હોય છે. દરેક સંસ્કૃતિના અભિન્ન અંગ જેવી ભાષાઓને પણ પોતીકી ફ્લેવર હોય છે. ખરી મજા ત્યારે આવે જ્યારે એક ભાષાનો શબ્દ હજારો માઈલનો આંતરરાષ્ટ્રીય પ્રવાસ ખેડીને દૂરના ભૂખંડની ભાષામાં વણાઈ જાય. એમાંથી વળી કેટલાક શબ્દો ઘરવાપસી કરીને મૂળ ભાષામાં જુદા વર્ઝન તરીકે આવે એવું પણ બને. ભારતીય ઉપખંડની સંસ્કૃત ભાષા વિશ્વની પ્રાચીનતમ ભાષાઓ પૈકીની એક છે. એ સિવાય દેશની બીજી ઘણી ભાષાઓ પણ ખાસ્સી જૂની છે. આ ભાષાઓમાંથી સંખ્યાબંધ શબ્દો અંગ્રેજી સહિતની બીજી ભાષાઓમાં ગયા છે. ખાસ કરીને ભારત, ઈરાન અને યુરોપિયન દેશો વચ્ચે શબ્દોનો આવો વાટકીવહેવાર મોટા પાયે થયો છે. આ ભાષાઓનો સમૂહ 'ઇન્ડો- યુરોપિયન લેન્ગ્વેજ ફેમિલી' તરીકે ઓળખાય છે.

સોળમી સદીમાં ઘણા યુરોપિયન પ્રવાસીઓએ ભારતીય ઉપખંડની ભાષાઓ અને યુરોપિયન ભાષાઓ વચ્ચેની સમાનતાઓની નોંધ લીધી છે. એ કામ આજની તારીખે પણ ચાલુ જ છે. બ્રિટિશ મિશનરી થોમસ સ્ટીફન્સ ગોવા આવીને વસેલા અને કોંકણી ભાષાનો અભ્યાસ કરેલો. ઇસ ૧૫૮૩માં સ્ટીફન્સે પોતાના ભાઈને પત્ર લખેલો, જેમાં ભારતીય



ભાષાઓ અને ગ્રીક, લેટિન ભાષાઓ વચ્ચેની સમાનતા અંગે વાત કરેલી. ફિલીપ્પો સાસેટ્ટી નામનો ઇટાલિયન વેપારી ૧૫૮૫માં નોંધે છે કે સંસ્કૃત અને ઇટાલિયન ભાષાના કેટલાક શબ્દોમાં સમાનતા છે.

આ બધા વચ્ચે સૌથી નોંધનીય કામ ધર્મ પ્રચાર અર્થે દક્ષિણ ભારત આવેલ ફ્રેંચ મિશનરી ગેસ્ટોન કોર્દુએ કર્યું. ગેસ્ટોનની ગણના ટોચના ઇન્ડોલોજીસ્ટ (ભારતને લગતી બાબતોના નિષ્ણાત) તરીકે થાય છે. એણે અઢારમી સદી દરમિયાન સંસ્કૃત, લેટિન અને ગ્રીક ભાષાઓ વચ્ચે જોડાણ શોધવાના પ્રયાસો આદર્યા. ગેસ્ટોને સૌપ્રથમ વાર તેલુગુ-ફ્રેંચ-સંસ્કૃત ડિક્શનરી વિકસાવી, જે આજે પણ અધિકૃત મનાય છે. એ સિવાય પણ ઘણા સંશોધકોએ ઇન્ડો-યુરોપિયન શબ્દોમાં સંશોધનો કર્યા છે. એક-બે રસપ્રદ ઉદાહરણો મમળાવીએ...

આમ તો ભારતીય ભાષામાંથી વિદેશી ભાષા ખાસ કરીને અંગ્રેજી ભાષામાં સ્વીકૃતિ પામેલ શબ્દોની વાત આવે એટલે સૌથી પહેલો શબ્દ મનમાં આવે 'અવતાર'. આ નામની જબરદસ્ત ફિલ્મ આવી ગઈ છે, એટલે સ્વાભાવિકપણે એની અસર હોવાની જ. પૃથ્વી પર પાપ વધી જાય અને ઈશ્વર કોઈક સ્વરૂપે જનમ લે, જેને અવતાર કહે છે. અવતાર શબ્દ અંગ્રેજી ભાષામાં સ્વીકૃતિ પામ્યો એ પછી એની અર્થછાયા વિસ્તરી છે. હવે તો સોશિયલ મીડિયાની ડીપી પણ 'અવતાર' તરીકે ઓળખાવા લાગી છે.

આમ છતાં, જાણીને નવાઈ લાગશે કે હિન્દુ સંસ્કૃતિમાં પણ અવતાર શબ્દ ખાસ પૌરાણિક કહી શકાય એવો નથી. વૈદિક શાસ્ત્રોમાં આવો શબ્દ નથી, પણ ઈસુની છઠ્ઠી સદી અને ત્યાર પછી રચાયેલા સાહિત્યમાં એનો ઉલ્લેખ છે.

સંસ્કૃત ભાષામાંથી જ અંગ્રેજીમાં ગયેલો બીજો એક શબ્દ છે Crimson. રંગોના વિવિધ શેડ્સ માટે જુદા જુદા નામ હોય છે. જો કે જેની દુનિયા 'જાનીવાલીપીનારા' પૂરતી સીમિત છે, એવી અમારી ભલીભોળી પુરુષપ્રજાતિને આની ખબર હોવાની સંભાવના બહુ ઓછી છે. લાલ રંગના વિવિધ શેડ્સ માટે ચેરી, રોઝ, બ્લડ, વાઈન, સ્કાર્લેટ જેવા નામો વપરાય છે. 'ક્રિમસન' શબ્દ ઘેરા લાલ રંગનું નામ છે. સંપૂર્ણપણે વિદેશી લાગતો આ શબ્દ પણ સંસ્કૃત ભાષાની દેણ હોવાનું મનાય છે. ઈસુની ચૌદમી સદીથી આ શબ્દ અંગ્રેજી ભાષામાં હાજર છે. એ પહેલા મધ્યયુગીન સ્પેનિશ અને લેટિન ભાષાઓમાં (kermesinus અથવા carmesinus) એની હાજરી જોવા મળે છે. કર્મીઝ તરીકે ઓળખાતા કીડામાંથી બનતી ડાય માટે આ શબ્દ વાપરવામાં આવતો. અરબી અને ફ્રેંચ ભાષામાં પણ એના મૂળિયા છે. દરેક બોલી પ્રમાણે ઉચ્ચારોમાં સ્વાભાવિક રીતે જ ફરક આવે છે. જેમ કે અરબીમાં 'કોરોમોઝી' (qirmizi) બોલાતું. પણ તજજ્ઞોના મતે આ બધા શબ્દોના મૂળ સંસ્કૃત શબ્દ 'કૃમિજ'માં રહેલા છે. કૃમિજ એટલે કૃમિ વડે બનેલ worm made.

એક ઓર શબ્દનો મજેદાર ઇતિહાસ જુઓ. જો તમે બાળવાર્તાઓ વાંચી હોય, તો એમાં ઘણી વાર 'વટેમાર્ગુ' શબ્દ વપરાતો. આ વટેમાર્ગુ એટલે મોટે ભાગે એક ગામથી બીજા ગામ જઈ રહેલો માણસ. મોટા ભાગના વટેમાર્ગુઓ ક્યાં તો યાત્રાએ નીકળ્યા હોય, અથવા ગામગામ ફરીને વેપાર કરવા નીકળ્યા હોય. અને માર્ગમાં થાક લાગે તો આ વટેમાર્ગુઓ વિશ્રામ ક્યાં કરે? કોઈ મોટા વૃક્ષ નીચે. આ મોટું વૃક્ષ એટલે વડનું ઝાડ. વડનું ઝાડ આપણી લોકસંસ્કૃતિ સાથે અભિન્ન અંગ તરીકે જોડાયેલું છે. વાર્તાઓથી માંડીને ધાર્મિક ઇતિહાસ સુધી તમને વટવૃક્ષની હાજરી જોવા મળે. ઋષિમુનિઓ પણ તપ કરવા આ વડના ઝાડનો છાંયડો જ પસંદ કરતા. જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથને વડના ઝાડ નીચે જ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થયેલી. જેટલા પણ યુરોપિયન પ્રવાસીઓ ભારત આવ્યા, એમણે જોયું કે અહીંયા વડનું ઝાડ બહુ મહત્ત્વનું છે. વળી વટવૃક્ષ નીચે આરામ કરનારા વટેમાર્ગુઓ પૈકી મોટા ભાગના 'વાણિયા' તરીકે ઓળખાતી વેપારી કોમ છે. આથી આ યુરોપિયનોએ વૃક્ષનું નામ વાણિયા, એટલે કે 'બનિયા' કોમના નામ પરથી જ પાડી દીધું 'બનિયાં (Banyan) ટ્રી'. જે સમયાંતરે 'બનિયન ટ્રી' તરીકે જાણીતું થયું. માથે હાથ દેવા જેવી વાત એ છે કે જે દેશમાં આજે ય 'વટસાવિત્રી પૂનમ' ઉજવાય છે, એ દેશની નવી પેઢીને વડને બદલે 'બનિયન ટ્રી' બોલવાનું જ ફાવે છે!

એક આડવાત, વડનું ઝાડ આપણું રાષ્ટ્રીય વૃક્ષ પણ છે, પણ કરમની કઠણાઈ એવી છે કે ભારતીય ભાષાના મૂળ શબ્દોને આપણે વિસારે પાડી દીધા છે. ઉલટાનું વિદેશીઓએ અપભ્રંશ કરેલા વર્ઝન્સને આપણે હોંશે હોંશે સ્વીકારી લીધા છે.

આવી માનસિકતા માટે કોઈ શબ્દ ધ્યાનમાં છે ખરો?! ■

ફોકસ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# યુવાઓમાં સ્માર્ટ વૉચનો છે ક્રેઝ જબરદસ્ત!



સામાન્ય રીતે કોઇ પણ ફેશન ટ્રેન્ડ એક બે વર્ષ સુધી ટોપ પર રહે છે. ત્યારબાદ ધીમે ધીમે તેનો ક્રેઝ ઘટવા લાગે છે. પરંતુ સ્માર્ટ વોચ કોવિડ-૧૯ દરમિયાન ભારતીય યુવાઓ માટે જ નહીં દુનિયાભરના યુવાઓ વચ્ચે ફેશન એક્સેસરીઝનો હિસ્સો બની અને આજે પણ તેનો જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવું થાય પણ કેમ નહીં? સ્માર્ટ વોચ વાસ્તવમાં ટેકનિક અને આકર્ષક ફેશનનું એક સફળ મિશ્રણ છે. જે સુંદર દેખાવાની સાથે સાથે ખૂબ ઉપયોગી પણ છે. આ કારણ છે કે પાંચ વર્ષ પસાર થયા બાદ પણ ૨૦૨૫ના જાન્યુઆરી મહિનામાં આ હિંદુસ્તાનના યુવાઓની ફેન એક્સેસરીઝ નંબર એક પણ યથાવત છે. આવો જાણીએ કે આખરે સ્માર્ટ વોચમાં સ્માર્ટનેસ શું છે અને તેનો યુવાઓમાં આટલો બધો ક્રેઝ કેમ છે?

**સ્માર્ટ વોચની 'સ્માર્ટનેસ'**

-વાસ્તવમાં સ્માર્ટ વોચ એક ડિજિટલ ઘડિયાળ છે. જે સમય તો બતાવે છે પરંતુ સમય બતાવવાથી વધુ તેમાં અન્ય સ્માર્ટ ફીચર્સ પણ છે.

-સ્માર્ટ વોચ આપણા 'હાર્ટ રેટ' મોનિટરિંગ કરે છે. જેનાથી તમને પળે પળે ખ્યાલ આવે છે કે તમારા હાર્ટબીટ અનિયંત્રિત તો થઇ રહ્યા નથી ને.

- સ્માર્ટ વોચ બ્લડ ઓક્સિજન લેવલ પણ બતાવે છે. કોરોના દરમિયાન સૌથી મોટો ડર લોકોમાં બ્લડ ઓક્સિજન દર ઘટવાનો હતો. ત્યારે એવી અનેક ડિવાઇસ રાતોરાત બજારમાં આવી ગઇ હતી જેનાથી તમે તમારા લોહીમાં રહેલા ઓક્સિજનનો દર માપી શકો છો. સ્માર્ટ વોચ કાંડા પર બાંધી હોવાના કારણે પળે પળની માહિતી મળતી રહે છે.

-સ્માર્ટ વોચમાં સૌથી વધુ જો કોઇ સ્માર્ટનેસનું ફીચર છે તો તે 'સ્ટેપ કાઉન્ટિંગ' અને કેલેરી બર્નનું ફીચર છે. મેદસ્વિતાથી પરેશાન અને કેલેરી કાઉન્ટિંગના ક્રેઝી યુવાઓ તેને પહેરીને તમામ સમયે આ અપડેટ મેળવતાં રહે છે અને તેઓ આજનો દિવસ કેટલા સ્ટેપ ચાલ્યા છે અને તેનાથી કેટલી કેલેરી બર્ન થઇ છે.

-સ્માર્ટ વોચમાં એક જોરદાર ફીચર છે. તેમનું વર્કઆઉટ નોટ્સ જેમ કે રનિંગ, યોગા, સાઇકલિંગથી આપણને કેટલો ફાયદો થઇ રહ્યો છે. આપણે કેટલી કેલેરી બર્ન કરી રહ્યા છીએ. તેની જાણ ખૂબ સરળતાથી સ્માર્ટ વોચ મારફતે આપણને થાય છે.

**નોટિફિકેશન એલર્ટ**

આ મોબાઇલ અને ઇન્ટરનેટના યુગમાં કોઇ પણ ડિવાઇસ ત્યાં સુધી સૌથી વધુ ઉપયોગી નથી જ્યાં સુધી તેમાં નોટિફિકેશન એલર્ટ ન હોય. સ્માર્ટ વોચમાં કોલ, મેસેજ અને સોશિયલ મીડિયા નોટિફિકેશન પણ જોવાની સુવિધા હોય છે. સાથે સાથે તેની મારફતે તમે કોઇનો ફોન ઉઠાવી શકો છો અથવા રિજેક્ટ કરી શકો છો. આ ફીચર્સ ખૂબ સ્માર્ટ ફિચર્સ છે. આ એક સાથે ફોન, મેઇલ અને ફેસબુકની જરૂરિયાતોને પૂરી કરે છે. એટલા માટે સ્માર્ટ વોચ આજના સ્માર્ટ યુવાઓ વચ્ચે ખૂબ ઝડપથી લોકપ્રિય થઇ રહી છે.

**પર્સનલ આસિસ્ટન્ટ**

સ્માર્ટ વોચમાં એઆઇ કન્ટ્રોલ ગૂગલ આસિસ્ટન્ટ સર્વિસ પણ મળે છે. તમે એલેક્સા જેવી ડિવાઇસિસને સ્માર્ટ વોચથી કમાન્ડ આપી શકો છો અને હા સ્માર્ટ વોચમાં અનેક પ્રકારના રિમાઇન્ડર્સ હોય છે. જે તમને કોઇ ખાસ તારીખ યાદ અપાવી શકે છે. તે તારીખના વિશેષ મહત્ત્વને ઇમેજના રૂપમાં ફ્લેશ કરી શકે છે. અનેક પ્રકારના અવાજ અને યાદગાર અવાજોના રૂપમાં પણ તમને રિમાઇન્ડ કરાવી શકે છે. એટલું જ નહીં તેનું રિમાઇન્ડ કરાવવાનું વાસ્તવિક તારીખ અગાઉ શરૂ થઇ જાય છે અને તારીખ આવવા પર જ્યાં સુધી તમે તેને જોઇ લીધું છે તેવો કમાન્ડ આપશો નહી ત્યાં સુધી તમને યાદ અપાવતું રહેશે. વાસ્તવમાં તેમાં કેલેન્ડર એલર્ટ પણ છે. કોઇ પણ ખાસ દિવસ આવતાના બે દિવસ અગાઉ તે દિવસને લઇને તમારા માટે જે વિશેષ મહત્ત્વ છે તેની યાદ અપાવશે. કેલેન્ડરના પ્રમુખ દિવસો, તારીખો અને મહત્ત્વપૂર્ણ તહેવારોની પણ યાદ અપાવશે. કદાચ કોઇ સાધારણ આસિસ્ટન્ટ કોઇ પણ માટે આટલો ઉપયોગી નહીં હોય જેટલો આજની તારીખમાં આ સ્માર્ટ વોચ છે.

**અન્ય સ્માર્ટ ફીચર્સ**

ઉપર જણાવેલા મહત્ત્વપૂર્ણ ફીચર્સની સાથે સાથે સ્માર્ટ વોચમાં મ્યુઝિક કન્ટ્રોલ, કેમેરા રિમોટ, જીપીએસ અને નેવિગેશનની સુવિધા સાથે સાથે આજકાલ કેટલાક સ્માર્ટ વોચમાં ડિજિટલ પેમેન્ટ્સની પણ સુવિધા છે. આ સ્માર્ટ વોચમાં એનએફસી પેમેન્ટ્સનો ઓપ્શન રહે છે. આજકાલના યુવાઓને મ્યુઝિક પસંદ હોય છે અને તેનાથી તેઓ એક પ્રકારની પ્રાઇવેસી જાળવે છે. તેમાં મ્યુઝિક કન્ટ્રોલનું ફીચર પણ હોય છે. આ ફાયદો કે સ્માર્ટ સુવિધા કેમેરા રિમોટથી પણ ચાલે છે. જીપીએસ અને નેવિગેશનની સુવિધાઓ તેમને કોઇ પણ અજાણ્યા રસ્તા પર જતા અટકાવે છે.

**તેના અન્ય ફાયદાઓ**

આ સ્માર્ટ વોચમાં એ તમામ સુવિધાઓ તો છે જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સાથે સાથે તે વોટરપ્રૂફ અને ખૂબ સ્ટાઇલિશ ડિઝાઇન કરવામાં આવી છે. તેમાં બેટરી ઓપ્ટીમાઇઝ પણ સુવિધા છે અને આજકાલ એવી સ્માર્ટ વોચ પણ આવે છે જે મહિનામાં એક જ વખત ચાર્જ કરવી પડે છે. આ કારણ છે કે આજકાલના યુવાઓ સ્માર્ટ વોચના દીવાના છે.

**ભારતમાં જ નહીં દુનિયાભરમાં છે ક્રેઝ**

આ સ્માર્ટ વોચનો જાદૂ ફક્ત ભારતીય યુવાઓમાં જ નથી પરંતુ આખી દુનિયામાં તેનો ક્રેઝ છે. કદાચ એટલા માટે કારણ કે સ્માર્ટ વોચ ફક્ત ઘડિયાળના રૂપમાં સ્માર્ટ નથી પરંતુ આ યુવાઓની આખી લાઇફસ્ટાઇલને ખૂબ સ્માર્ટ રીતે નિયંત્રિત કરે છે. આ યુવાઓના સ્માર્ટફોન સાથે જોડાઇને તેમની લાઇફસ્ટાઇલને ખૂબ સરળ અને ઝડપી બનાવી દે છે. હા ફેશન સ્ટેટમેન્ટ તો છે. શહેરી યુવાઓ ટેકનોલોજીને લઇને ખૂબ ક્રેઝી હોય છે અને સ્માર્ટ વોચમાં તો આકર્ષક ટેકનોલોજીની સાથે સાથે ખૂબ સુંદર ડિઝાઇન પણ છે. આ કારણ છે કે ભારત જ નહીં અમેરિકા, બ્રિટન, જાપાન અને ચીનના યુવાઓમાં તેનો ક્રેઝ છે. આજે આ ગ્લોબલ ટ્રેડનો હિસ્સો છે. કદાચ તેની તાકાતને જોતા દુનિયાની તમામ સારી 'બ્રાન્ડ્સ બિલ્ડિંગ' કંપનીઓ, જેમ કે એપ્પલ, સેમસંગ તેને બનાવી રહી છે. કુલ મળીને સુવિધા, સુંદરતા અને સ્માર્ટનેસ આ ત્રણ એવી બાબતો છે જેના કારણે ભારત જ નહીં આખી દુનિયાના યુવાઓ વચ્ચે સ્માર્ટ વોચનો જબરદસ્ત ક્રેઝ છે. ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ટ્વાઈન - મેક્સિકોઃ આંટી ચઢાવાયેલ પટ્ટી

કળા એ એક રીતે જોતાં ઉડાનનું ક્ષેત્ર છે. વિજ્ઞાનમાં જે અશક્ય ગણાય તેવી વાતને પણ કળા દ્વારા સ્થાપિત કરવાનો પ્રયત્ન થઈ શકે. હજી સુધી ચંદ્ર પર ઘર બનાવવાનો વિચાર વિજ્ઞાનને નથી આવ્યો અથવા જો આવ્યો હોય તો કેવું બની શકે તે વિશે હજી સુધી કોઈ રૂપરેખા સર્વસ્વીકૃત નથી થઈ, પરંતુ જો કળાકારને કહેવામાં આવે તો કાલે જ તમારું ચંદ્ર પર ઘર તૈયાર થઈ જાય અને તે પણ સામે ચાર આંબાના ઝાડ સાથે. આમ તો સ્થાપત્યની રચનામાં કળા અને વિજ્ઞાનનો સમન્વય હોય, પણ ક્યારેક એમ જણાય છે કે કેટલાક પ્રકારના સપનાને પ્રતિબિંબિત કરવા માટે વિજ્ઞાનની મર્યાદાઓનો અમલ નથી થતો.

સ્થાપત્યના ક્ષેત્રમાં નવા નવા પ્રયોગો હાથમાં લેવાનો 'ક્રેઝ' વધતો જાય છે. વાસ્તવમાં શક્ય ન હોય તેવી ધારણાઓ પર પણ કામ કરાય છે. આ પ્રકારના વિચારને વાસ્તવમાં અસ્તિત્વમાં લાવવા શક્ય નથી હોતા, તે છતાં પણ કેટલાક સોફ્ટવેરની મદદથી તેને વર્ચ્યુઅલ બનાવાય છે. એક રીતે જોતાં આ એક સારી સંભાવના છે. જે સ્થપતિ પાસે ગ્રાહક માટેના સંપર્ક ન હોય તેમની માટે આ એક સારી તક છે. અહીં જગ્યા પણ કાલ્પનિક હોય, ગ્રાહક પણ કાલ્પનિક ઊભો કરવામાં આવે, ભંડોળ કે સંસાધનો પણ માની લીધેલાં હોય અને ઉપયોગિતાનો પ્રકાર પણ સ્થાપિત પોતે જ નક્કી કરે.

વળી આ પ્રકારનાં મકાનો એવી જગ્યાએ સૂચિત કરવામાં આવે છે કે જ્યાં કાયદાકીય બંધનો ન હોય. સ્થપતિ માટે આ મોકળું મેદાન છે. જે રમત રમવી હોય તે, જેમ રમવું હોય તેમ, જ્યાં સુધી રમવું હોય ત્યાં સુધી રમાય અને કોઈ નિર્ણાયક ન હોય. આ જ પ્રકારની વિચારધારાને પરિણામે અસ્તિત્વમાં આવેલું આ એક કાલ્પનિક લાંબુ સૂચિત આવાસ છે જેના આકાર અને પ્રમાણમાપને કારણે તેને દરિયા કિનારે બનાવવાનું સૂચન છે.

મેક્સિકોના સ્થપતિ એન્ટોની ગિબ્બોન દ્વારા અહીં એક કોન્ક્રિટની પટ્ટીને વળ ચડાવી તેની નીચેની જગ્યામાં આવાસ





નિર્ધારિત કરાયું છે. આ પટ્ટી નીચે જે પ્રમાણમાપમાં જે જગ્યા મળતી હોય તે મુજબ ત્યાં ઉપયોગિતા ગોઠવાઈ છે. સ્થાન આયોજન માટે અહીં મકાનના બે ભાગ બનાવાયા છે. વચમાં પ્રવેશની એક તરફ બેઠક વ્યવસ્થા અને રસોડા જેવા સામાન્ય ઓરડાઓ છે, જ્યારે બીજી તરફ શયનકક્ષ બનાવાયા છે. વચ્ચેના સ્થાનમાં બહાર બેસીને કોઈ અભિનય કે કલા પ્રસ્તુતિ જોઈ શકાય તેવી વ્યવસ્થા છે. અહીં અગાસીમાં પણ સ્પા તેમ જ ગરમ પાણીના કુંડ સૂચિત કરાયા છે. આ બધી જરૂરિયાતો સ્થપતિએ પોતાની જાતે નિર્ધારિત કરી છે. જોકે આ બધી જરૂરિયાત પરથી એમ તો સમજી જ શકાય કે આ આવાસ કોઈ અતિ ધનાઢ્ય કુટુંબ માટે હશે. આંટી ચઢાવાયેલ પટ્ટી પછી સ્થાન-નિર્ધારણ માટે પારદર્શક કે અપારદર્શક દીવાલોનો ઉપયોગ કરાયો છે.

આવું મકાન સ્વાભાવિક રીતે લાંબુ બનવાથી આંતરિક અવરજવર થોડી કઠિન બની જાય. કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર સાથે રહેવાની ભાવના પણ ક્યાંક ઓછી થતી જણાય. જો મકાનની હદ નિર્ધારિત કરી કમ્પાઉન્ડ વોલ ન બનાવવામાં આવે તો ગોપનીયતાના પણ પ્રશ્ન રહે. દરિયા કિનારાની ભેજવાળી આબોહવાના પ્રશ્નો તો ખરા જ. આ પ્રકારના આકારનું પ્રમાણમાપ યોગ્ય ન હોય તો વિશાળકાય જળચર પ્રાણી જેવું લાગે, પરંતુ આ આકાર માત્ર લંબાઈમાં જ વધી શકે તેમ હોવાથી તેમાં રૌદ્રતા ઊભરવાની સંભાવના નથી.

આ એક રોમાંચિત રચના છે. એમ જણાય કે દરિયામાંથી નીકળેલ વિશાળ આકાર - છીપની આસપાસ આવાસની જગ્યાઓ ગોઠવી દેવાઈ છે. એકવાર એમ જાણે કે અહીંયા કોન્ક્રિટની પટ્ટીએ જ જાતે ગતિ પકડી છે અથવા તો કોન્ક્રિટની પટ્ટીને પવનથી આપમેળે વળ ચડી ગયો છે. કોઈને એમ પણ લાગે કે દરિયાનાં પાણીના પ્રવાહમાં પહેલેથી વળ ચડી ગયેલો આ પદાર્થ દરિયા કિનારે આવીને ટકી ગયો.

જોવામાં રસપ્રદ જણાય એવી આ રચના છે. સ્થાપત્યમાં આવાસની રચનાના ક્ષેત્રમાં જાણે આ એક નવું આયામ સ્થાપિત કરે છે. કોન્ક્રિટને પણ એક નવા જ દૃષ્ટિકોણથી જોવાનો પ્રયત્ન કરાયો છે. કોન્ક્રિટમાંથી જે ચીલાચાલુ ધાબા ભરવાનો અભિગમ છે તેની સામે અહીં એક પ્રકારની મૃદુતા સ્થપાઈ છે. આ આકારમાં જ 'લય' સમાઈ ગયો છે; અને તેથી જ અહીં 'હાર્મની'-સંવાદિતાની અનુભૂતિ થઈ શકે. એમ બની શકે કે આ આવાસને તેમાં રહેવા કરતાં તેને દૂરથી જોવાનું વધારે પસંદ કરવામાં આવે.

આ રચનામાં પરિપક્વતા જણાતી નથી, માત્ર કલ્પના પ્રતિબિંબિત થાય છે. આવાસને લગતી સૂક્ષ્મ બાબતોનું અહીં વિવરણ નથી, માત્ર એક રસપ્રદ શેલ્ટર - આવરણ ઊભું કરી દેવાયું છે. આ પ્રકારની સૂચિત રચનાઓમાં થતું હોય છે તેમ,આ વિચાર યોગ્ય રીતે પૂર્ણતામાં પ્રયોજાયો નથી. સ્થાપત્યમાં જ્યારે નવા વિચારો - નવા પ્રયોગોને અજમાવવામાં આવે ત્યારે આ પ્રયોગમાં ઊભા થતા પ્રશ્નો ચીવટતાથી ઉકેલવા પડે, પણ એમ નથી થતું. એક રોમાંચક મૂળ વિચારને જ કૉમ્પ્યુટરથી વાસ્તવિક લાગે તેવો બનાવી, તે વિચારનું જાણે માર્કેટિંગ ચાલુ થઈ જાય છે. આ પ્રકારના પ્રયોગોને વાસ્તવિક સ્તર સુધી લઈ જવાની જરૂર છે.

પ્રયોગો ચોક્કસ થવા જોઈએ. આજની વ્યાપારીકરણની દુનિયામાં કયો નવો પ્રયોગ ક્યારે 'ક્લિક' થઈ જાય તે કહેવાય નહીં. પ્રયત્નો તો જરૂરી છે. ઉત્સાહી યુવાન સ્થપતિ આવા પ્રયોગો કરતા રહે તે જરૂરી છે. આવાસ માટે ચોક્કસ રીતે ન કહી શકાય, પરંતુ દરિયા કિનારે રેસ્ટોરન્ટ બનાવવાની હોય કે કોઈ ડિસ્પ્લે સેન્ટર બનાવવાનું હોય તો આ પ્રકારની રચનાનો ચોક્કસ ઉપયોગ થઈ શકે. ■

પ્રકરણઃ ૨૭

# ચહેરા મોહરા

**તારી જુગાર રમવાની આદત પણ મારા ધ્યાન બહાર નથી. જેમ ધન કમાવા માટે પરિશ્રમની જરૂર પડતી હોય છે તેમ ધન વાપરવા માટે સંસ્કારની જરૂર પડતી હોય છે !**





**પ્રફુલ્લ કાનાબાર**

પ્લાન મુજબ બાપુએ બળવંતરાય શેઠના સેક્રેટરીને ફોન લગાવીને ટૂંકમાં વાત કરી હતી. બાપુના ખંડમાંથી સોહન લગભગ ત્રીસેક મિનિટ બાદ બહાર આવ્યો ત્યારે તેના ચહેરા પર ખુશી છવાયેલી હતી. તમામ યુવાનો તેને તાકી રહ્યા હતા.

–અને બરાબર બપોરે ત્રણેક વાગે આશ્રમમાં પાંચેક મોંઘી કાર આશ્રમના વિશાળ દરવાજામાં પ્રવેશી.....

આશ્રમના દરવાજાની અંદર પ્રવેશી રહેલો મોંઘી કારનો એ કાફલો બળવંતરાય શેઠનું ભવ્ય આગમન જ હતું. સવારે તુલસીરામ બાપુએ મુંબઈ સ્થિત બળવંતરાય શેઠને ફોન લગાવ્યો હતો. સેક્રેટરીએ તરત જ રિસિવર બળવંતરાય શેઠને આપ્યું હતું. તુલસીરામ બાપુ બોલ્યા હતા...'બળવંતરાય, સાતેક દિવસ પહેલાં અમારા આશ્રમમાં પાંત્રીસેક વર્ષનો એક યુવાન આવ્યો છે. મને શંકા છે કે કદાચ એ આપનો વર્ષો પહેલાં ખોવાયેલો પૌત્ર જ છે.' સામા છેડેથી બળવંતરાય શેઠ બોલી ઉઠયા હતા 'બાપુ, તેણે તેનું નામ શું બતાવ્યું છે?' 'સોહન.' બાપુએ જવાબમાં કહ્યું હતું. એના બંને પગમાં એક એક આંગળી વધારે છે? બળવંતરાયના અવાજમાં ઉત્સુકતા ભળી હતી. 'હા.. શેઠ, આજે સવારે જ એ યોગ કરતો હતો ત્યારે એ તરફ મારું ધ્યાન પડયું હતું. તેની સાથે એકાંતમાં ખાસ્સી વાર વાતચીત પણ કરી છે. હવે વધારે વાત રૂબરૂમાં...' તુલસીદાસ બાપુએ જાણી જોઈને ફોન કટ કરી નાખ્યો હતો. બળવંતરાય શેઠ તરત જ તેમની તમામ મુલાકાતો રદ કરીને મુંબઈથી તુલસીરામ બાપુના આશ્રમે આવવા માટે નીકળી ગયા હતા.

બળવંતરાયની સાથે તેમનો ભાણિયો રણજીત પણ હતો. પાંત્રીસ આસપાસનો રણજીત બળવંતરાયના દાર્જીલિંગમાં આવેલા કરોડો રૂપિયાના ચાના બગીચાનો વહીવટ સંભાળતો હતો. જોગાનુજોગ તુલસીદાસ બાપુનો ફોન આવ્યો ત્યારે એ મુંબઈમાં જ હતો.

બળવંતરાય શેઠે તેને પણ તેમની કારમાં સાથે લઇ લીધો હતો. 'રણજીત, મને લાગે છે કે ભગવાને મારી પ્રાર્થના સાંભળી લીધી છે. વર્ષો બાદ મારો પૌત્ર સોહનવીર પાછો ફર્યો હોય તેવું લાગે છે.'

'હા.. મામા, આપણા સૌ માટે એનાથી મોટી વાત બીજી કઈ હોઈ શકે?' રણજીતે બારીની બહાર જોતાં જોતાં જ કહ્યું હતું.

મુંબઈથી તુલસીરામ બાપુના આશ્રમનું અંતર કાર મારફતે ચાર કલાકનું જ હતું પણ બળવંતરાયને એ અંતર આજે ચાર દાયકા જેટલું લાગી રહ્યું હતું! બળવંતરાય શેઠે આંખો બંધ કરી દીધી. તેઓ ચાર દાયકા પહેલાના અતીતમાં ખોવાઈ ગયા...

બળવંતરાય તો શ્રીમંતોના ય શ્રીમંત હતા, પણ રંગીન મિજાજનો પુત્ર લીલાધર કોલેજમાં હતો ત્યારથી બેફામ પૈસા ઉડાવતો હતો. બળવંતરાય કાયમ તેને કહેતા 'લીલાધર, જે માણસ પૈસા બચાવે છે.. એ જ પૈસા ભવિષ્યમાં માણસને બચાવે છે.'

'પપ્પા, કોલેજમાં બધાને લાગવું તો જોઈએ ને કે હું શ્રીમંત પિતાના એક નો એક વારસદાર છું...આમ પણ હું મારી જિંદગી ભરપૂર રીતે જીવી લેવા માગું છું.'

'લીલાધર, જિંદગી જીવી લેવી અને ઐયાસ્સી કરવી એ બંનેમાં તફાવત છે. અલગ અલગ છોકરીઓની સાથે લોંગ ડ્રાઈવમાં જવાનો તારો શોખ આપણી પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવી શકે છે. તું તારા જે દોસ્તોની પાછળ પાર્ટીના બહાને પૈસા ઉડાવે છે, એ બધા તાળી મિત્રો કહેવાય. જ્યાં સુધી તું તેમની પાછળ આડેધડ ખર્ચ કર્યા કરીશ ત્યાં સુધી જ એ બધા તારી સાથે રહેશે. તારી જુગાર રમવાની આદત પણ મારા ધ્યાન બહાર નથી. જેમ ધન કમાવા માટે પરિશ્રમની જરૂર પડતી હોય છે તેમ ધન વાપરવા માટે સંસ્કારની જરૂર પડતી હોય છે.' બળવંતરાયે છેલ્લા વાક્ય પર ભાર મૂકીને ઊંચા અવાજે કહ્યું હતું.

'પપ્પા, જુગારમાં હું ક્યારેય હારતો નથી. તમે તો જાણો જ છો કે બાળપણથી જ મને હારવાની આદત નથી.' 'બેટા,તને ખબર ન હોય તો એક વાતની સ્પષ્ટતા કરી દઉં ..તું નાનો હતો ત્યારે આપણે બાપ દીકરો દરિયા કિનારે રેતીમાં જયારે રેસ લગાવતા ત્યારે હું જાણી જોઇને ધીમે દોડતો જેથી તું જીતી જાય. એ સમયે તારા નિર્દોષ ચહેરા પર વિજયનું સ્મિત જોવાનો બાપ તરીકે મને અનહદ આનંદ આવતો પણ હવે...' બળવંતરાયના ચહેરા પર ગ્લાનિ છવાઈ ગઈ હતી.

'કેમ હવે શું છે?'

'હવે બેટા, મને લાગે છે કે તું આડી લાઈને જઈ રહ્યો છે. દુનિયાનો કયો બાપ તેના દીકરાને જુગાર રમવા માટે પ્રોત્સાહન આપે?'

'પપ્પા, દરિયામાંથી બે ચાર ડોલ પાણી ઉલેચી લઈએ તો દરિયાને કોઈ ફરક પડતો નથી.

આપણે તો કરોડપતિ છીએ.' લીલાધરે દલીલ કરી હતી.

'બેટા, નીતિથી કમાયેલી આપણી સંપત્તિને તું દરિયાના ખારા પાણી સાથે સરખાવવાને બદલે પવિત્ર માનસરોવર સાથે સરખાવીશ તો વધારે યોગ્ય કહેવાશે. આજ સુધી મેં ક્યારેય ઈમાનદારી છોડી નથી.'

'પપ્પા, તમે ઈમાનદારી છોડી નથી એ કાંઈ ગૌરવ લેવા જેવી વાત નથી. આજે જ અખબારમાં દેશના ટોચના ધનકુબેરોનું લિસ્ટ આવ્યું છે, તેમાં કદાચ તમારું નામ એટલે જ નથી.' લીલાધરના અવાજમાં કડવાશ ઊતરી આવી હતી.

બળવંતરાય ચૂપ થઇ ગયા હતા. પોતાની ઈમાનદારી માટે એકનો એક યુવાન દીકરો આવો સરપાવ આપશે એ વાત તેમની કલ્પના બહારની હતી. આ પ્રકારનો જનરેશનગેપ તેમની સમજ બહારનો હતો. બળવંતરાય વ્યથિત હૃદયે શયનખંડમાં ચાલ્યા ગયા હતા. બળવંતરાય આખી રાત પથારીમાં પડખાં ઘસતા રહ્યા હતા. લગ્નજીવનના દસકા બાદ લીલાધરનો જન્મ થયો હતો. પત્ની શાંતિનું પાંચેક વર્ષ બાદ કેન્સરને કારણે અવસાન થયું હતું.

બળવંતરાય સાથે દીકરી પરણાવવા અનેક પેરેન્ટ્સ તૈયાર હતા કારણ કે બળવંતરાય ધનવાન હતા. એકના એક દીકરાને અન્યાય ન થાય તે હેતુથી તેમણે બીજા લગ્ન કરવાનું પણ ટાળ્યું હતું. લીલાધરના ઉછેરમાં ક્યાં કમી રહી ગઈ હતી એ વાત બળવંતરાયને સમજાતી નહોતી.

દરેક માણસને પોતાની અંગત વેદના હોય છે. એકાંતમાં એ વેદનાનો વરસાદ હોય છે ..અશ્રુ સ્વરૂપે ..બળવંતરાય પણ આખી રાત ઓશીકાને આંસુ વડે ભીંજવી રહ્યા.

બીજે દિવસે બળવંતરાય ઓફિસે ગયા ત્યારે ખૂબ જ અપસેટ હતા. બળવંતરાયનો વર્ષો જૂનો અંગત અને પડછાયા જેવો વફાદાર માણસ એટલે રામકિશન. તે તરત સમજી ગયો હતો કે શેઠજી આજે મૂડમાં નથી.

'શેઠ, તબિયત તો સારી છે ને?' રામકિશનના અવાજમાં વિવેક અને સહાનુભૂતિનો સમન્વય હતો.

'રામકિશન, કેટલાંક સબંધો દિલમાં દર્દ અને આંખમાં આંસુના દરિયા ભરી જતા હોય છે.'

રામકિશન તરત સમજી ગયો હતો કે શેઠજીનો ઈશારો તેમના એક ના એક યુવાન પુત્ર લીલાધર તરફ છે.

'માફ કરજો શેઠ પણ મને લાગે છે કે નાના શેઠના જો લગ્ન કરી દેવામાં આવે તો..'

રામકિશન બોલતા બોલતા અટકી ગયો હતો.

બળવંતરાયના દિમાગમાં તરત ચમકારો થયો હતો.

'રામકિશન, તારી દીકરી લક્ષ્મીનું ભણવાનું પૂરું થઇ ગયું?'

'હા.. લક્ષ્મી ગ્રેજ્યુએટ થઇ ગઈ. તેના માટે યોગ્ય મૂરતિયાની તલાશ છે.'

રામકિશને યોગ્ય શબ્દ પર ભાર મૂક્યો હતો છતાં બળવંતરાય હક્કથી બોલ્યા..

'રામકિશન, લક્ષ્મીને પૂછી તો જોજે...જો તેને લીલાધર પસંદ હોય તો અમારા ઘરમાં સંસ્કારી વહુ આવી જાય અને..' બળવંતરાય બોલતાં બોલતાં અટકી ગયા હતા..

જોકે રામકિશન શેઠનું ગળી ગયેલું એ વાક્ય તરત સમજી ગયો હતો કે ..અને અમારા લીલાધરમાં કાંઈક સુધારો થાય.

ઘરે જઈને રામકિશને લક્ષ્મીને લીલાધર બાબતે વાત કરી હતી. લક્ષ્મી નાની હતી ત્યારે એક વાર લીલાધરના જન્મદિવસની પાર્ટીમાં બળવંતરાયના બંગલે ગઈ હતી. દેખાવમાં તો લીલાધર હેન્ડસમ હતો તેથી ન ગમવાનું કોઈ કારણ જ નહોતું. રામકિશને લક્ષ્મીને લીલાધરના ઉડાઉ સ્વભાવ અને જુગારની લતથી વાકેફ કરી હતી. લક્ષ્મી ઊંડા વિચારમાં પડી ગઈ હતી. 'દીકરી, મને તો લાગે છે કે તું ધારીશ તો લીલાધરને જરૂર સુધારી શકીશ.'

લક્ષ્મીએ પિતાની વાતને ચેલેન્જ તરીકે ઉપાડી લીધી હતી. જોગાનુજોગ લીલાધરે લક્ષ્મી સાથે લગ્ન કરવા માટે હા પાડી દીધી હતી.

બળવંતરાયને પહેલી વાર દીકરા લીલાધરની પસંદગી પર માન ઊપજ્યું હતું કારણકે તેઓ લક્ષ્મી નાની હતી ત્યારથી તેને ઓળખતા હતા. સારા સંસ્કારોના ખજાનાથી ભરેલી લક્ષ્મી સાચા અર્થમાં ગૃહલક્ષ્મી બનશે અને આડે પાટે ચડી ગયેલા લીલાધરને ચોક્કસ સાચા રસ્તે લાવશે તેવો બળવંતરાયને વિશ્વાસ હતો. લક્ષ્મી અને લીલાધરના ધામેધૂમે લગ્ન થઇ ગયા હતા. બંને હનીમૂનથી પરત આવ્યા બાદ લક્ષ્મીની સાદગી લીલાધરને ખૂંચવા લાગી હતી.

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| હેલ | નીચે |
| હેઠે | બોજો |
| હોડ | ઉમંગ |
| હોશ | શરત |
| હોંશ | ભાન |

### ઓળખાણ પડી?

જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર એટમ બૉમ્બ ઝીંકાયા ત્યારે યુએસએના પ્રેસિડેન્ટ કોણ હતા એ જાણો છો?



અ) રૂઝવેલ્ટ  બ) આઈઝનહોવર  ક) કેનેડી  ડ) ટ્રુમેન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ પ | મ | ૩ ત | લ | ૪ બી | | ૫ સુ | વા | ૬ સ |
| ૭ ક | ર | | ર | | ૮ ચ | ૯ વા | ણું | | ર |
| ર્ષ | | ૧૦ ગ | ણો | ૧૧ ત | | હિ | | ૧૨ ના | મુ |
| ક | | | ૧૩ પા | ડ | | ૧૪ ચા | ર | | ખ |
| | ૧૫ રં | ૧૬ ધા | ય | | ૧૭ તા | ત | | ૧૮ તા | ત્યા |
| ૧૯ અ | ગ | ર | | ૨૦ ઠા | | ૨૧ પ | ડ | કા | ર |
| ૨૨ પ | રા | | ૨૩ ત | ર | ૨૪ ભા | ણું | | | શા |
| ૨૫ રં | ગ | ૨૬ તા | ળી | | ર | | ૨૭ સ | ૨૮ ત | હી |
| પા | | કા | | ૨૯ ના | | ૩૦ અ | મ | ર | |
| ૩૧ ર | મ | ત | ગ | મ | ત | | ૩૨ જુ | લ | મ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | |
| | | | | ૭ | ૮ | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | |
| ૧૮ | | | | | | | | | |
| | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | | |
| ૨૨ | ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | | | | ૨૭ | ૨૮ | | | ૨૯ | ૩૦ |
| | | ૩૧ | ૩૨ | | | | ૩૩ | | |
| ૩૪ | | | | | | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. શબ્દનો ઉપયોગ, રૂઢિ પ્રયોગ (૫)
૪. તખ્તા પરથી રજૂઆત થાય તે (૪)
૭. ગંજીફો (૨)
૯. ફળની ચીરી, ભાગ (૨)
૧૦. ગૂઢાર્થ, છૂપો ભેદ (૩)
૧૨. અણપઢ, મૂર્ખ, રોંચુ (૩)
૧૩. ઘી પીરસવાનું સાધન (૨)
૧૫. ઘા (૨)
૧૬. પ્રસંગ, ઘટના (૩)
૧૭. બે છેડે અણીવાળો લાકડાનો ટુકડો (૩)
૧૮. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૦. જેના પર શક જતો હોય તેવું (૪)
૨૨. પ્રમાણભૂત (૫)
૨૪. જિદ, આગ્રહ (૩)
૨૬. બદ્દુવા (૨)
૨૭. શબ પર ઓઢાડો (૩)
૨૯. સૂર્ય (૨)
૩૧. મહેરબાની/ રહેમ (૨)
૩૪. બે પ્રસંગ વચ્ચેનો સમયગાળો (૫)
૩૫. પોતાની જાતે ઉદ્‌ભવેલું (૪)

**ઊભી ચાવી**

૧. ભલીવાર (૫)
૨. વખાણવાલાયક (૩)
૩. તને કાંઇ --- નહીં પડે (૪)
૫. પીડા, જુલમ (૨)
૬. વડની ડાળી (૪)
૮. સમાલોચના કરનાર (૫)
૧૧. એક રોગ (૩)
૧૪. એકદમ ઢીલું (૪)
૧૬. મા (૨)
૧૭. મુસ્લિમ તહેવાર (૪)
૧૯. --- જમીન ને જોરૂ, એ કજિયાનાં છોરૂ (૨)
૨૦. ૧૦૦નો સમૂહ (૩)
૨૧. છેડો, પાલવ (૩)
૨૨. આશા આપે એવું (૪)
૨૩. ગપ/ ફરેબ, ચોરી (૨)
૨૫. દૂધ પર તરતી હોય (૨)
૨૮. તડને --- કરવાની આદત સારી (૨)
૩૦. રૂપાંતર, ભ્રમ, મિથ્યાભાસ (૩)
૩૧. કરમિયા (૨)
૩૨. -- ઉખડી જવા એટલે પૂર્ણ નાશ થવો (૨)
૩૩. પોતે, જાતે, રૂબરૂ (૨)

### ગુજરાત મોરી મોરી રે

વાસ્તુકાર કચ્છી ભાઈ રામસિંહ માલમ દ્વારા રચિત દીવાલો પર અરીસા ધરાવતો આઈના મહેલ કયા શહેરમાં સ્થિત છે એ જણાવો.

અ) નડિયાદ  બ) બોટાદ  ક) ભુજ  ડ) વલ્લભીપુર

### જાણવા જેવું

ખડકોની ધીમે ધીમે થયેલી ઝીણી ભૂકી રેતી કહેવાય છે. ખાસ કરીને ચકમકના ઝીણા દાણા અને જે ખડકમાંથી રેતી થઈ હોય તેની ખનીજો તેની સાથે ભળેલી હોય છે. ગ્રેનાઈટ પથ્થરમાંથી બનેલી ધોળી ચકમકની રેતી રૂપેરી અથવા કાચની રેતી તરીકે ઓળખાય છે.

### સુડોકુ-૮૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૬ | | | ૩ | | ૫ | |
| | ૫ | ૯ | ૨ | ૮ | ૪ | | | |
| ૩ | ૮ | | | | | | | |
| ૧ | | | ૪ | ૫ | | | | |
| | | | ૬ | | ૨ | | | |
| | | | | ૯ | ૮ | | | ૨ |
| | | | | | | | ૬ | ૭ |
| | | | ૭ | ૪ | ૫ | ૧ | ૮ | |
| | ૭ | | ૮ | | | ૨ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૨ | ૯ | ૫ | ૩ | ૪ | ૬ | ૮ |
| ૫ | ૪ | ૮ | ૨ | ૬ | ૭ | ૩ | ૧ | ૯ |
| ૬ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૫ | ૭ | ૨ |
| ૪ | ૮ | ૧ | ૭ | ૩ | ૬ | ૯ | ૨ | ૫ |
| ૭ | ૫ | ૯ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૮ | ૯ | ૫ | ૧ | ૪ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૯ | ૧ |
| ૯ | ૨ | ૪ | ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ |
| ૮ | ૧ | ૫ | ૬ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ |

### ચતુર આપો જવાબ

કાટકોણ ત્રિકોણમાં એક બાજુના વર્ગ વત્તા બીજી બાજુનો વર્ગ બરાબર કર્ણની લંબાઈ થાય એ સિદ્ધાંત કોણે આપ્યો?

**માથું ખંજવાળો**

અ) ગેલિલિયો
બ) પાયથાગોરસ
ક) આર્કિમિડીઝ
ડ) આર્યભટ્ટ

### નોંધી રાખો

કામ તમે કરો અને જશ બીજાને મળે તો નારાજ ન થવું કારણ કે સદીઓથી ઘી અને વાટ બળે છે, પણ કહેવાય છે કે દીવો બળે છે.

### માઈન્ડ ગેમ

૧૯૭૧માં ઈંગ્લેન્ડ સામે મેળવેલા ઐતિહાસિક વિજય વખતે ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન કોણ હતો એ જણાવો.

અ) સલીમ દુરાની  બ) મન્સુર અલી ખાન પટૌડી
ક) અજિત વાડેકર  ડ) વેંકટરાઘવન

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પૂર્વજ | વડવા |
| પુષ્ટિ | સમર્થન |
| પુંજ | ઢગલો |
| પુંજી | મૂડી |
| પુચ્છ | પૂંછડી |

ગુજરાત મોરી મોરી રે
સુરત

ઓળખાણ પડી
ત્રિપુરા

માઈન્ડ ગેમ
અમર સિંહ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રાયપુર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણ વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વિમલ શાહ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મહેશ દોશી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) રમેશ દલાલ (૩૩) હિના દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતિન બજરિયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ધીરેન્દ્ર ઉદેશી (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અશોક સંઘવી (૪૬) ગીરીશ શેઠ (૪૭) શિલા શેઠ (૪૮) નંદકિશોર સંજાણવાળા

## સ્પોર્ટ્સ મૅન

નરેન્દ્ર શર્મા
feedback@bombaysamachar.com

# ‘ખેલ ખેલ મેં’ આપણને શીખવે છે, ‘કભી ધૂપ તો કભી છાંવ’

ગઈ કાલે હું મારા દીકરા સાથે ‘સાપ-સીડી’ રમી રહ્યો હતો. એમાં ખેલાડીએ પહેલા ખાનાશ પરથી એકસોમા ખાના સુધી પહોંચવાનું હોય છે. આ સફરમાં વિઘ્નો આવે અને ફાયદો પણ થતો હોય છે. બીજી રીતે કહીએ તો સાપ ડંખ મારે તો થોડા કે વધુ સ્થાન નીચે ઉતરી જવું પડે છે અને જો સીડી મળી જાય તો થોડા કે વધુ સ્થાન ઉપર પહોંચી જવા મળે છે. જે ખેલાડી ૧૦૦મા નંબર પર સૌથી પહેલાં પહોંચે તે વિજેતા કહેવાય છે. મારા દીકરાએ પાસો ફેંક્યો તો ત્રણ નંબર આવ્યા અને તે સીડી ચડીને સીધો ૯૩મા નંબર પર પહોંચી ગયો. ત્યાર પછીની ચાલમાં તેના છ નંબર આવ્યા એટલે તે ૯૯ ઉપર પહોંચી ગયો. જોકે એ નંબર પર સાપ હતો એટલે તેણે સીધા ૧ નંબર પર આવી જવું પડ્યું હતું. એ જોઈને હું વિચારવા લાગ્યો કે આ રમત આપણા જીવનમાં આવતા ઉતાર-ચઢાવ, દુઃખ-સુખ વગેરે વિશે કેટલું બધુ શીખવી જાય છે. પછી મને બીજો વિચાર એ આવ્યો કે સાપ-સીડીની રમતનો આવિષ્કાર આપણા દેશમાં થયો હતો જે પાછળનો હેતુ ખેલાડીઓને (લોકોને) કર્મ અને ભાગ્યની અનિશ્ચિતતા વિશે શીખ આપવાનો છે.





જોકે શું આવો ઉદ્દેશ માત્ર સાપ-સીડીની રમતનો જ હોય છે? નહીં. ખરેખર તો ક્રિકેટ, ફૂટબૉલ, બૅડમિન્ટન વગેરે દરેક રમત એ રીતે બનાવવામાં આવી છે જેમાં આનંદની પ્રાપ્તિની સાથે સાથે જ્ઞાન પણ મળે છે. એટલે જ રમતો સાથે નિયમો પણ જોડવામાં આવ્યા હોય છે. ખેલકૂદ માનવીની બુદ્ધિમતા, સામાજિક નિયમો, નૈતિકતા, વેપાર અને યોજનાઓ સાથે જોડાયેલી હોય છે. આ તથ્ય માત્ર ભારતમાં નહીં, દુનિયાભરમાં અપનાવાયેલું છે.

**સાપ-સીડી અને શતરંજ જેવી રમતો આપણને જીવનના અનેક પ્રકારના પાઠ શીખવે છે, મગજને ધારદાર બનાવે છે અને નવા સંબંધોનું પણ નિર્માણ કરે છે**

આપણે જ્યારે પણ કોઈ રમત રમીએ છીએ ત્યારે એની વ્યવસ્થામાં પ્રવેશ કરીએ છીએ. કૉલ ઑફ ડ્યૂટી (શૂટર વીડિયો ગેમ) રમતી વખતે તમે શાંતિવાદી ન રહી શકો. મૉનોપોલી (અર્થશાસ્ત્ર આધારિત બોર્ડ ગેમ)માં તમારે અઠંગ મૂડીવાદી તરીકે રમવું પડતું હોય છે. ભાગ્ય પર આધારિત રમત આપણી ન્યૂરો-બાયૉલોજી સાથે સંકળાયેલી હોય છે જેમાં આપણે અનિશ્ચિતતાનો આનંદ લઈએ છીએ અને સંશોધન કરતા રહીએ છીએ.

માનવીના અનેક સમાજોમાં ખેલકૂદનો પ્રયોગ યુદ્ધમાંના શાંતિપૂર્ણ પ્રૉક્સિ તરીકે પણ થતો રહ્યો છે. શતરંજ (ચેસ)ની રમત યુદ્ધમાં વ્યસ્ત સેનાઓ માટે યોજનાઓ બનાવવા પર આધારિત છે. તમે જો ફતેહપુર સિકરી જશો તો તમને કિલ્લાની ફરસ પર એવી શતરંજ જોવા મળશે જેના પર બાદશાહ અકબર જીવિત હાથી, ઘોડા, સૈનિકો વગેરેને ઊભા રાખીને રાણી જોધાબાઈ સાથે શતરંજ રમતા હતા. એવું કરીને તેઓ રમતનો આનંદ માણવાની સાથે પોતાના સૈનિકો માટેની યુદ્ધની રણનીતિ પણ બનાવતા હતા.

શતરંજ પ્રેરિત કરિગસ્પાઇલ નામની રમત ૧૮મી સદીમાં યુરોપના તમામ યુદ્ધોમાં આદર્શ બની હતી. જર્મન ભાષામાં એનો અર્થ યુદ્ધ-ખેલ થાય છે. સેનાના અધિકારીઓને તાલીમ આપવામાં આ રમતનો પ્રયોગ કરવામાં આવતો હતો. માઇકલ હેન્રી ટેમ્પલ દ્વારા વિકસિત આ ખેલ બન્ને વિશ્વ યુદ્ધમાં અગ્રસ્થાને હતો. એટલું જ નહીં, આજના આધુનિક લશ્કરો પણ એનો ઉપયોગ કરતા હોય છે.

અમેરિકી સેના પાસે એક સમર્પિત ઇ-સ્પોર્ટ્સ યુનિટ છે અને એની વીડિયો ગેમ્સનો ઉપયોગ અમેરિકાની આર્મી પોતાના સૈનિકોની ભરતી કરવા માટે તેમ જ તેમને તાલીમ આપવા માટે કરે છે. એની પ્રતિક્રિયામાં એક સમયે હિઝબુલ્લાએ પોતાની ગેમ બહાર પાડી હતી.

ખેલકૂદ એક એવું શસ્ત્ર છે જેનો મગજ દ્વારા ડૅટા જનરેટ કરવા માટે ઉપયોગ કરાય છે. ગેમ એટલે આપણું દિમાગ કેવી રીતે કામ કરતું હોય છે એ મૉડેલનું પ્રતિનિધિત્વ કરે છે. છેવટે તો આ ગણતરીની જ ચીજો છે. ટૂંકમાં, જાણે બધુ જ અનુમાન આધારિત થઈ ગયું છે અને રમતગમત મારફત એ હળવેકથી આપણી અંદર પ્રવેશ કરી શકે છે.

ગેમિફિકેશનનો સિદ્ધાંત એક એવો શાનદાર વિચાર છે જે આપણા બધાની પ્રાકૃતિક ભાવનાને નવી દિશા આપીને આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે. આચરણમાં ખેલકૂદ વિશેના કોર્પોરેટ વિચારોએ ખેલભાવનાને હાઇજેક કરી લીધી છે. એ પાછળનો આશય પોતાની અસામાજિક અને અનૈતિક પ્રથાઓ મારફત આપણું ધ્યાન ખેંચવા, આપણી પાસેથી પૈસા ખેંચવા અને આપણને લત (વ્યસન) લગાવવાનો હોય છે. અમેરિકામાં ગેમિંગ સમુદાયોને ટ્રૉલ આર્મીમાં ફેરવી નાખવામાં આવ્યા છે. ચીન ગેમિફિકેશન ટેક્નિકનો ઉપયોગ ઇનામ અથવા સજા મારફત પોતાના નાગરિકોને નિયંત્રિત કરવા માટે થાય છે. ગેમ્સ ખતરનાક ફિક્શન પણ છે. એમાં મળતાં ઇનામો તેમ જ એના નિયમો લોકોની વાસ્તવિક પસંદનું સ્થાન લઈ શકે છે.


ખરેખર તો જીવનમાં આપણે એકમેક પરથી કે એકબીજા પાસેથી તેમ જ આપણી હાલત પરથી શીખ મેળવતા હોઈએ છીએ. હવે તો ગેમ થિયરીનો ઉપયોગ પોતાને જે યોગ્ય લાગી એ વિચારધારાઓ અન્યો પર ઠોકી બેસાડવા માટે થતો હોય છે.

હા, જૂની અને લોકપ્રિય રમતો આપણે જીવનમાં ઘણું શીખવી જાય છે. ફરી સાપ-સીડીની વાત કરીએ તો એમાં પાસો ફેંકવામાં આવે તો એમાં કયો નંબર જોવા મળશે એની માત્ર અટકળ થઈ શકે, જરૂરી નંબરની આશા જન્માવી શકે. એ આશા (એ નંબર) ફાયદારૂપ હોય અને નુકસાન કરનારી પણ હોય. એને જ તો ભાગ્યની અનિશ્ચિતતા કહેવાય જેને કોઈ પણ ગેમ થિયરી બદલી ન શકે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ગાંધીજીની પુણ્યતિથિએ.. હેં? સ્પેશિયલ ગાંધી જિલ્લો?



કાલે ફરી એકવાર ગાંધીજીની પુણ્યતિથિ ગઇ.

શું છે કે ૧૯૮૦નાં દાયકાની એક જાણીતી વાત છે કે વર્ષોથી મહારાષ્ટ્રના વર્ધા શહેરમાં ‘ગાંધી જિલ્લો’ બનાવવાની જે વાત ચાલી રહી હતી એ આખરે પડતી મુકાઇ અને ગાંધી જિલ્લો છેવટે ના જ બની શક્યો. એનું કારણ એ છે કે સરકાર તરફથી જે ૧૮૭ કરોડ રૂપિયા આવવાના હતા તે આવ્યા નથી.

બોલો, છે ને આ મજેદાર વાત!

ગાંધીજી જેવા સાદગીના પ્રતીક માટેના ગાંધી જિલ્લા પાછળ ૧૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ હોય? હાશ, બચી ગયા અને વળી આભાર માનો કે આ દેશમાં નહેરુ જિલ્લો, શાસ્ત્રી જિલ્લો, ઈન્દિરા જિલ્લો, રાજીવ જિલ્લો નથી બની રહ્યો, નહીં તો આપણને કેટલા બધા કરોડ રૂપિયાની જરૂર પડી હોત? વળી એ તો સ્વાભાવિક ને દેખીતી વાત છે કે નેહરુજીનો જિલ્લો, ‘ગાંધી જિલ્લા’ કરતાં તો વધુ મોંઘો જ હોત ને?!

ક્યાંય પણ જિલ્લો બનાવવાનો મતલબ શું?

એક કલેક્ટરના વહીવટ હેઠળનો વિસ્તાર જેમાં વહીવટી વિભાગ અને મહેસૂલ અધિકારીઓ હોય.

હવે ગાંધી જિલ્લાનો અર્થ શું છે?

ગાંધી જિલ્લાના કલેક્ટર ગાંધીવાદી હશે, મહેસૂલ અધિકારીઓ એમના કાર્યકરો હશે જે ખાદીના કપડાં પહેરશે અને કલેક્ટર કચેરીમાં સૂતર કાંતશે. સાંજે પ્રાર્થના સભાનું આયોજન કરશે ને જિલ્લામાં કામકાજ ધીમું પડશે અથવા બરાબર નહીં થાય તો ઉપવાસ પર ઊતરી જશે.

ટૂંકમાં કોઇ જિલ્લાને ગાંધીજી સાથે અને ગાંધીજીને જિલ્લા સાથે જોડવાનું કામ જ શું છે? ગાંધીજીના વિચારો મુજબ, જે કંઈ કરવું જોઈએ એ બધું એક જિલ્લા પૂરતું કેવી રીતે હોઇ શકે? ગાંધીજીના વિચારો માટે તો આખો દેશ છે.

થોડાં વર્ષો પહેલાં વર્ધામાં ફરતી વખતે મેં ત્યાં ‘આદર્શ આશ્રમોના ભ્રષ્ટાચાર’ની વાતો પાનની દુકાનો પર સાંભળી હતી. ત્યાંનો સામાન્ય માણસ આ આશ્રમોનું નામ સાંભળીને મોં બગાડે છે. કેટલાક છોકરાઓ સાથે મારી વાતચીત થઈ. એ બધા રડતા હતા કે જિલ્લામાં ભારે બેરોજગારી છે, કારણ કે છેલ્લાં વીસ વર્ષમાં જ્યારે પણ વર્ધામાં કોઈ ઉદ્યોગ ખોલવાનો પ્રશ્ન આવે છે ત્યારે આ આ શ્રમજીવી લોકો ગાંધી-વિનોબાના નામે ઉદ્યોગમાં અડચણો ઉભી કરે છે. ત્યાં ગાંધીવાદીનો અર્થ સરકારી અને ખાનગી ગ્રાન્ટ પર મજાથી ખાવાનું-પીવાનું અને મસ્તીથી પડી રહેવાનું. ગાંધીની કોઈ પણ વાત એમનાં જીવનમાં કે આચરણમાં ઘૂસી હોય એવું લાગતું નથી.

ચાલો, બે ઘડી માની લઈએ કે ગાંધી જિલ્લો એક આદર્શ જિલ્લો બને તો પછી શું ત્યાં પોલીસ સ્ટેશન, જેલ, સેલ્સ ટેક્સ, ઇન્કમટેક્સ વગેરે નહીં હોય? એટલે ગાંધીજીના આદર્શ મુજબ ગાંધી જિલ્લાના રહેવાસીઓએ ખરાબ પ્રવૃત્તિમાં ન પડવું જોઈએ? ત્યાં લોકોએ પોતાની જરૂરિયાત કરતાં વધુ કમાણી ન કરવી જોઈએ? આવા આદર્શ જિલ્લામાં જો ભૂલથી પણ ગુનો થાય તો ય પોલીસ સ્ટેશનની શું જરૂર? આપમેળે જ ઉપવાસ કરી કે ચરખો કાંતીને પસ્તાવો કરી લેવાનો!

૧૮૭ કરોડની સરકારી સહાય સાથે ગાંધી જિલ્લાનું આયોજન કરવું અને સહાય ન મળે ત્યારે નિષ્ક્રિય બેસી રહેવું એ ગાંધીવાદના શ્રમ, સહકાર અને આત્મનિર્ભરતાની સૌથી મોટી મજાક છે. ૧૮૭ કરોડની મૂડી એક જિલ્લામાં ઘૂસી જાય તો એ જિલ્લો સીધોસાદો ગાંધીવાદી કેવી રીતે રહેશે? એ તો કટ્ટર મૂડીવાદી બની જશે. બજેટ વધારવાની, ઈમારતો ઊભી કરવી, વાહનો ખરીદવાની વિકાસની રાષ્ટ્રીય ફિલસૂફીએ આખરે સાચા ગાંધીવાદને ભરખી ગયો એટલે ૧૮૭ કરોડની લાગતથી ગાંધી જિલ્લો બને એ વિચાર જ એક મજાક છે.. મને આ વાત પર પેટ ભરીને હસી લેવાની પ્લીઝ, મંજૂરી આપો.

(મૂળ લેખ : ૧૯૮૮) ■

## કરિઅર

કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

### ડિજિટલ લિટરસી

# આજના યુગમાં કારકિર્દી માટે ફરજિયાત



આજના સ્પર્ધાત્મક યુગમાં કારકિર્દી બનાવવાનું ઘણું મુશ્કેલ છે. ડિગ્રીઓ તો ફક્ત નામની જ રહી ગઈ છે. પ્રેક્ટિકલ નોલેજ સાથે જરૂરી છે ડિજિટલ લિટરસી. ડિજિટલ શિક્ષણ વિના આજના યુગમાં કારકિર્દી બનાવવી અશક્ય વાત છે. દરેક ક્ષેત્રમાં હવે ડિજિટલ કુશળતાની ખૂબ જ જરૂર છે. ટેક્નિકલ ડિવાઈસીસને સમજવું અને આ પ્લેટફોર્મ પર કામ કરવું એ જ ડિજિટલ લિટરસી.

*** વિવિધ વિકલ્પો ઉપલબ્ધ**

તમે ડિજિટલ લિટરેટ છો તો તમારી સામે કારકિર્દી માટેના દરેક વિકલ્પ ખુલ્લા રહેશે. તમે તમારા વિકલ્પોની પસંદગી કરી શકો છો. ડિજિટલ માર્કેટિંગ, ડેટા એનાલિસિસ, પ્રોગ્રામિંગ, ગ્રાફિક ડિઝાઈન જેવા કન્ટેન્ટ ક્રિએશન જેવા ક્ષેત્રમાં ભરપૂર અવસરો ઉપલબ્ધ રહેશે. તમે જો વર્ક ફ્રોમ હોમ અને ગિગ ઈકોનોમિક્સનો ભાગ છો તો તમારે ડિજિટલ કુશળ હોવું જરૂરી છે.

*** ક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો**

જો તમે ડિજિટલ લિટરેટ હો તો તમે ડિજિટલ ટૂલ્સ જેમ કે એક્સેલ, સીઆરએમ સોફ્ટવેર અને ગૂગલ વર્ક સ્પેસનો ઉપયોગ કરીને પોતાના કામની સ્પીડ વધારી શકો છો અને તેની ગુણવત્તામાં પણ વધારો કરી શકો છો. સમય જણાવતા ઉપકરણો અને સોફ્ટવેરનો યોગ્ય ઉપયોગ તમને સ્પર્ધામાં આગળ રાખશે, પણ જો તમે ડિજિટલ એફિશિયન્ટ નથી ને કેટલું પણ ભણ્યા હશો બધું નકામું હશે. તમારી પ્રોડક્ટિવિટી અને એફિશિયન્સી બંને પાછળ રહી જશે.

*** જોબ સર્ચ અને નેટવર્કિંગમાં સુવિધા**

તમે ડિજિટલ લિટરેટ છો તો લિંક્ડ ઈન, ગ્લાસ ડોર તથા જોબના અન્ય પ્લેટફોર્મનો ઉપયોગ કરીને તમે પોતાના મનપસંદની નોકરી શોધી શકો છો. ડિજિટલ નેટવર્કિંગ દ્વારા તમે પોતાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના સંપર્કમાં આવીને પોતાની માટે નવી તક પણ ઊભી કરી શકો છો. આ સિવાય આધુનિક ટ્રેન્ડ્સ અને ટેક્નોલોજી સાથે જોડાયેલા હોવાથી તમારું પરફોર્મન્સ અપગ્રેડ રહે છે અને લોકો વચ્ચે તમારું માન-સન્માન પણ વધે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય એડવાન્સ ટેક્નોલોજીમાં કામ કરવા માટે આ બેઝિક સ્કિલ્સ બહુ જરૂરી છે.

* તમે તમારો નવો બિઝનેસ શરૂ કરવા ઇચ્છતા હો અને તેની માટે પોતાની વેબસાઈટનો ઉપયોગ કરવા ઇચ્છતા હો તો તમને ડિજિટલ લિટરેટ હોવું જરૂરી છે. આ સિવાય સોશિયલ મીડિયા માર્કેટિંગનો હિસ્સો બનવા, ઓનલાઈન પેમેન્ટ મેળવવા, પેમેન્ટ ગેટવે બનવા પણ ડિજિટલ લિટરસી ફરજિયાત છે. એમેઝોન, ફ્લિપકાર્ડ જેવા પ્લેટફોર્મ પર પોતાના પ્રોડક્ટસ વેચવા માટે પણ ડિજિટલ કુશળ હોવું જરૂરી છે.

*** ડિજિટલ લિટરેટ કેવી રીતે બનવું**

- ઘણા પ્રકારના ઓનલાઈન કોર્સિસ જેમ કે યુડેમી, સ્કિલ્સ શેર અને કોરસેરા જેવા પ્લેટફોર્મનો લાભ લેવો.
- બેઝિક કમ્પ્યુટર સ્કિલ્સથી લઈને એડવાન્સ ટૂલ્સ સુધી બધું શીખી શકો છો અને તેની માટે પ્રયાસ કરવા જરૂરી છે.
- માઈક્રોસોફ્ટ ઓફિસના વિવિધ સોફ્ટવેર જેમ કે વર્ડ, એક્સેલ, પાવર પોઈન્ટ અને ગૂગલ વર્ક સ્પેસ અને વીડિયો કોન્ફરન્સિંગ એપ જેવા ઝૂમ, એમએસ સ્ટ્રીમનો અભ્યાસ કરો.
- આ રીતે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને લિંક્ડ ઈન જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરો અને એસઈઓ, પીપીસી અને કન્ટેન્ટ માર્કેટિંગ જેવા ટૂલ્સ શીખો. ■

## વિશેષ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# સતત વિવાદમાં રહેતી સદાનીરા કાવેરી



**નદીઓ** જીવનદાયી છે. નદી કિનારે જ મનુષ્યનો જન્મ થયો છે અને નદી કિનારે જ દુનિયાની તમામ સભ્યતાઓ તથાં સંસ્કૃતિઓ વિકસિત થઈ છે. નદીઓ વગર તો ધરતી પર જીવન જ શક્ય નથી. જોકે જળવાયુ પરિવર્તન, વધતી લોકસંખ્યા અને નદીઓ પ્રત્યે માનવીના ઉદાસીન વલણને કારણે જળસંકટ ઘેરું બન્યું છે. હવે નદીઓના અસ્તિત્વ પર પણ જોખમ તોળાઈ રહ્યું છે. એથી નદીઓનું સંરક્ષણ તો જરૂરી છે જ પરંતુ સાથે જ નવી પેઢીઓને પણ નદીઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવી જરૂરી છે. જેથી એનું અસ્તિત્વ ટકી રહે. આજે આપણે વાત કરીશું દક્ષિણ ભારતની કાવેરી નદીની.

દક્ષિણ ભારતની ગંગા કહેવાતી કાવેરી નદીનો ઉલ્લેખ તો સ્કંદ પુરાણના કાવેરી મહાત્મ્યમાં કરવામાં આવ્યો છે. આ પવિત્ર નદી નિર્મળ અને પુણ્યદાયી છે. દેવતાઓ અને સિદ્ધ પુરુષો દ્વારા પૂજવામાં આવતી આ નદી સર્વનું કલ્યાણ કરે છે. આ નદીનું ભૌગોલિક, ઐતિહાસિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક મહત્ત્વ છે. ઉત્તર ભારતમાં ગંગા, પૂર્વોત્તરમાં બ્રહ્મપુત્રા, પશ્ચિમ ભારતમાં નર્મદા અને ઉત્તર પશ્ચિમમાં આવેલી સિંધુ નદી જેટલું જ મહત્ત્વ કાવેરી નદીનું છે.

કર્ણાટકનાં કોડાગુ જિલ્લામાં આવેલા ચેરંગલા ગામની પાસે બ્રહ્મગિરી પર્વત શ્રૃંખલામાંથી નિકળતી કાવેરી નદી, દક્ષિણ ભારતનાં કર્ણાટક, તામિલનાડુ અને કેરળની સાથે કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં વહે છે. જે બંગાળની ખાડીમાં ભળે છે. કાવેરી નદીના બેસિનનું કુલ ક્ષેત્રફળ ૮૧,૧૫૫ વર્ગ કિલોમિટર છે, જે દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રનો લગભગ ૨.૭ ટકા જેટલો છે.

કાવેરી નદી તામિલનાડુના ૪૩,૮૬૮ વર્ગ કિલોમિટર, કર્ણાટકના ૩૪,૩૭૩ વર્ગ કિલોમિટર, કેરળના ૨,૮૬૬ વર્ગ કિલોમિટર તથા પુડુચેરીના ૧.૮ વર્ગ કિલોમિટર ક્ષેત્રફળને સિંચાઈ અને પીવાનું પાણી પૂરું પાડવાનો મુખ્ય સ્રોત છે. કાવેરી નદીમાં અન્ય નદીઓ જેવી કે હેમાવતી, શિમ્સા, અર્કાવતી, કાબિની, ભવાની, ભોય્યલ અને અમરાવતીનો સંગમ થાય છે. કાવેરી નદીના કિનારે વસેલાં શહેરોમાં તાલકાવેરી, ભાગમંદાલા, જિતેમદ્ર, શ્રીરંગપટ્ટન, મુથથી, મેકેડાટુ, હોગેનક્કાલ, મેદૂર, ભવાની, ઈરોડ, કરુર, નામક્કલ, તિરુચ્ચિરાપલ્લી, તંજાવુર અને કુંભકોણમ સામેલ છે. કાવેરી નદીના કિનારે વસેલા હિંદુઓનાં સૌથી પવિત્ર શહેરોમાં તિરુચ્ચિરાપલ્લી અગત્યનું છે, જે ખૂબ મોટુ તીર્થસ્થાન છે. કાવેરી નદીના કિનારે ઉચ્ચ કક્ષાની ખેતી થાય છે. આ જ કારણ છે કે કર્ણાટક અને તામિલનાડુમાં પાણીને લઈને વિવાદ થતો રહે છે.

કાવેરી નદી કર્ણાટક અને તામિલનાડુ માટે ખેતી માટે જીવનરેખા ગણવામાં આવે છે. આ નદીનું પાણી લાખો ખેડૂત પરિવારો માટે આવકનું સાધન છે. સાઉથમાં મુખ્યત્વે ચોખા, શેરડી અને દાળ માટે કાવેરી નદીના જળનો ઉપયોગ કરવામાં આવે છે. કર્ણાટકમાં કૃષ્ણરાજ સાગર અને તામિલનાડુમાં મેદૂર નામક વિશાળ બંધ બાંધવામાં આવ્યો છે. જે સિંચાઈની સાથે વિજળીના ઉત્પાદનમાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે. કાવેરી નદીમાં મોટા પાયે મત્સ્ય ઉદ્યોગ પણ વિકસ્યો છે. એનાથી લાખો લોકોને રોજગાર મળે છે.

કાવેરીને ગંગા તરીકે ઓળખવાની વાત કરીએ તો એનું સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ પણ છે. આ નદીના કિનારે અનેક પ્રાચીન મંદિરો આવેલાં છે. તામિલનાડુનું શ્રીરંગમ મંદિર જે ભગવાન વિષ્ણુને સમર્પિત છે, જેને હિંદુ ધર્મનું સૌથી પવિત્ર સ્થાન ગણવામાં આવે છે. એ આ નદીના કિનારે વસેલું છે. કર્ણાટકમાં દર વર્ષે કાવેરી પુષ્કર નામે ઉત્સવ મનાવવામાં આવે છે. એ અંતર્ગત શ્રદ્ધાળુઓ આ પવિત્ર નદીમાં સ્નાન કરે છે.

કાવેરીના ઐતિહાસિક મહત્ત્વ પર ધ્યાન આપીએ તો એ પ્રાચીન તમિલ સંગમ સાહિત્યમાં જોવા મળી શકે છે. ચોલ, ચેર અને પાંડ્ય સામ્રાજ્યોના સમયથી કાવેરી નદીના કિનારે સમૃદ્ધ પરંપરા વિકસિત થઈ છે. ચોલવંશે કાવેરીનાં જળનો ઉપયોગ કરીને શ્રેષ્ઠ પ્રકારની સિંચાઈ પ્રણાલી વિકસિત કરી હતી. કાવેરી નદીનું ક્ષેત્ર નૃત્ય, સંગીત અને લોકકથાઓથી ભરેલું છે. આ દક્ષિણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું કેન્દ્ર છે. એના આર્થિક મહત્ત્વને સમજવું હોય તો કાવેરી જળ વિવાદથી સમજી શકાય છે કે કેવી રીતે બે સમૃદ્ધ રાજ્યો કર્ણાટક અને તામિલનાડુની સમૃદ્ધિનો આધાર છે. સ્કંદપુરાણમાં કાવેરી નદીને સુરિદ્રાજ્ઞી કહેવામાં આવી છે. આ માત્ર કર્ણાટક અને તામિલનાડુની જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ ભારતનો આર્થિક અને સાંસ્કૃતિક વારસો છે. એથી જ કાવેરી ખૂબ અગત્યની નદી છે. ■

# ભાજપે ન.પા. અને પંચાયતની ચૂંટણી માટે મૂરતિયા જાહેર કર્યા

## પાટીલે ઉમેદવારોને અભિનંદન પાઠવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે. આ દરમિયાન ભાજપ દ્વારા વિવિધ જિલ્લાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર પાટીલની સૂચના મુજબ આ યાદી જાહેર કરવામાં આવી હતી, પાટીલે ઉમેદવારોને અભિનંદન પાઠવ્યાં હતાં. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૫માં ભાવનગર મહાનગરપાલિકાની ખાલી પડેલી બેઠક માટે ભાજપના ઉમેદવારની યાદી જાહેર કરવામાં આવી હતી.

આ ચૂંટણીને પગલે ભાજપે વલસાડ જિલ્લાની ધરમપુર, વલસાડ અને પારડી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી સહિત ઉમરગામ અને કપરાડા તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે ખાલી પડેલી બેઠકો માટે ઉમેદવારોનાં નામ જાહેર કર્યાં છે. આ ઉપરાંત જ્યારે બોટાદ જિલ્લાની ૧ નગરપાલિકાની સામાન્ય, ૧ નગરપાલિકાની મધ્યસત્ર સહિત જિલ્લા પંચાયતની ૧, તાલુકા પંચાયતની બે બેઠકની પેટાચૂંટણીના ઉમેદવારો પણ જાહેર કર્યા હતા.

સુરત મનપા, સુરત, ભરૂચ, નર્મદા, અરવલ્લી અને જિલ્લામાં ખાલી પડેલી બેઠકો માટે પણ ઉમેદવારો જાહેર કર્યા હતા તેમ જ ગાંધીનગર જિલ્લાની માણસા અને પોરબંદરની કુતિયાણા તથા રાણાવાવ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી સહિત પેટાચૂંટણીના, તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને તાલુકા પંચાયતની પેટાચૂંટણી, નવસારીની બીલીમોરા નગરપાલિકા, ખેડા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ઉમેદવારોની યાદી પણ જાહેર થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકામાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. અહીં ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન અને ૧૮મીએ મતગણતરી હાથ ધરાશે. ■

ચોટીલા નજીક કાર-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

# કૃષિ પ્રધાન રાઘવજી પટેલનો ચમત્કારિક બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના કૃષિ પ્રધાન રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા નજીક તેમની કારને અકસ્માત નડ્યો હતો. જોકે સદનસીબે રાજ્યના કેબિનેટ પ્રધાનનો ચમત્કારિક બચાવ થયો હતો. આ દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અકસ્માત સ્થળ પર પહોંચ્યો હતો. મળતી માહિતી અનુસાર, રાજ્યના રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. તે દરમિયાન ચોટીલા નજીક તેમની કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારને નુકસાન થયું હતું, પરંતુ રાઘવજી પટેલનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતના પગલે હાઇવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન સુરેશભાઈ મહેતાનો હળવદ પાસે જ્યારે પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીનો પણ લીંબડી હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. સદ્‌ભાગ્યે આ બંને ઘટનામાં કોઈ જાનહાનિ સર્જાઈ નહોતી. ■

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં રાજ્યમાં લોકોનો વિરોધ

## વિવિધ શહેરોમાં ચૂંટણી બહિષ્કારનાં બેનર લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે અને તમામ પાર્ટીઓ ચૂંટણીની તૈયારીમાં લાગી ગઈ છે. જોકે બીજી તરફ લોકોમાં સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક લોકો પીવાનાં પાણી, ગટર સુવિધા તેમ જ રોડ-રસ્તા જેવી સામાન્ય સુવિધાઓ માટે હજુ પણ વલખાં મારી રહ્યા છે. આ જ કારણોથી લોકોમાં ચૂંટણી પ્રત્યે નિરુત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યનાં વિવિધ શહેરોમાં ચૂંટણી બહિષ્કારનાં પોસ્ટરો લાગ્યાં છે. લોકોએ 'સુવિધા નહિ તો વોટ નહિ' જણાવી ચૂંટણીમાં મતદાન નહીં કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં મતદાન બહિષ્કારનાં બોર્ડ લાગેલાં જોવા મળ્યાં હતાં. જેમાં વોર્ડ નંબર પાંચની દ્વારકા પૂરી સોસાયટીમાં લોકોએ વિરોધ કર્યો હતો. રોડ-રસ્તા, ગટર, પાણી સહિતના મુદ્દે અનેક વાર રજૂઆત કરવા છતાં પરિણામ નથી મળતું. અવારનવાર મનપામાં પ્રાથમિક સુવિધા મુદ્દે રજૂઆત કરી હતી. આખરે સ્થાનિકોએ એકમત કરી જવાબદારોની આંખ ઉઘાડવા નિર્ણય લીધો જેમાં મતદાનનો બહિષ્કાર અથવા નોટાનો ઉપયોગ કરવાની તૈયારી બતાવી હતી.

તે જ પ્રકારે સુરેન્દ્રનગરના વઢવાણમાં પ્રાથમિક સુવિધાના અભાવને લઈ સ્થાનિક મહિલાઓએ વિરોધ નોંધાવ્યો હતો. અનેક વાર રોડ-રસ્તા ચક્કાજામ કર્યા તે છતાં નિદ્રાધીન તંત્ર પ્રાથમિક સુવિધાઓ પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું છે. વઢવાણ ધોળીપોળ શિયાણીપોળ સહિતના વિસ્તારોમાં સફાઈ અને રોડ-રસ્તાઓને લઈને પ્રશ્નો ઊઠ્યા છે. છેલ્લાં ૩૦ વર્ષથી રોડ-રસ્તાઓ ન બનાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગંદકીના કારણે ઘેરઘેર માંદગીના ખાટલાઓ જોવા મળી રહ્યા છે. સ્થાનિકો દ્વારા મહાનગરપાલિકા સુવિધા આપવામાં નિષ્ફળ નીવડી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. ■

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શ્રમયોગી-કર્મચારીઓને સવેતન રજા આપવાની રહેશે


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૬/૦૨/૨૦૨૫, રવિવારના રોજ સવારના ૭:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. આ દિવસે જે તે વિસ્તારમાં ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટસ (રેગ્યુલેશન ઑફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડિશન્સ ઑફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ-કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી-કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં કે બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

રાજ્યના શ્રમ આયુક્તની કચેરીની યાદીમાં જણાવાયું હતું કે, આ ચૂંટણીમાં શ્રમયોગીઓ-કર્મચારીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે ગ્રામીણ બૅન્કો, રાષ્ટ્રીય અને ખાનગી બૅન્કો અને સહકારી બૅન્કો અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરી, દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, ફૅક્ટરીઓ અન્ય પ્રકારની સંસ્થાઓના કર્મચારીઓ/શ્રમયોગીઓને વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં-બદલીમાં મતદાનના દિવસે રજા આપવા જણાવવામાં આવ્યું છે.

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલનું એન્ડોમેટ્રિઓસિસ ક્લિનિક

# પ્રતિષ્ઠિત યુરોપિયન એન્ડોમેટ્રિઓસિસ લીગ સર્ટિફિકેશન મેળવનારું ભારતનું પહેલું ક્લિનિક બન્યું



મુંબઈઃ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ ભારતમાં વિમેન્સ હેલ્થકેરમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે. હૉસ્પિટલના સમર્પિત એન્ડોમેટ્રિઓસિસ ક્લિનિકને EuroEndoCert પ્રોગ્રામ દ્વારા યુરોપિયન એન્ડોમેટ્રિઓસિસ લીગ (ઇઇએલ) દ્વારા સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે અને પ્રમાણિત કરવામાં આવી છે. આ સાથે કોકિલાબેન હૉસ્પિટલનું એન્ડોમેટ્રિઓસિસ ક્લિનિક આવી અદ્વિતીય સિદ્ધિ મેળવનારું ભારતનું પ્રથમ અને એકમાત્ર ક્લિનિક બન્યું છે. આ પ્રતિષ્ઠિત સર્ટિફિકેશન એન્ડોમેટ્રિઓસિસથી ઝઝૂમતી મહિલાઓ માટે વિશ્વકક્ષાની, પુરાવા આધારિત સંભાળ પૂરી પાડવાની કોકિલાબેન હૉસ્પિટલની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. એન્ડોમેટ્રિઓસિસ એ જટિલ રીતે દુર્બળ કરતી સ્થિતિ છે જે વિશ્વભરની કરોડો મહિલાઓને અસર કરે છે પરંતુ તેનું નિદાન અને સારવાર યોગ્ય રીતે થતી નથી. એન્ડોમેટ્રિઓસિસ વિશ્વભરમાં ૧૦-૧૫ ટકા મહિલાઓને અસર કરે છે પરંતુ ભારતમાં તેની સંભાળ છૂટીછવાઇ છે અને મોટાભાગે સર્જિકલ હસ્તક્ષેપ અને સિમ્પ્ટોમેટિક મેનેજમેન્ટ પૂરતી મર્યાદિત છે. દર્દીઓએ ઘણીવાર અધૂરી સારવાર અને સંકલિત સંભાળના અભાવનો સામનો કરવો પડે છે. કોકિલાબેન હૉસ્પિટલના એન્ડોમેટ્રિઓસિસ ક્લિનિક આ અંતરને દૂર કરે છે અને સર્વાંગી તથા અસરકારક સંભાળ સુનિશ્ચિત કરવા માટે એક જ છત હેઠળ વ્યાપક અને બહુવિધ પ્રકારનો અભિગમ પૂરો પાડે છે. ગાયનેકોલોજીસ્ટ્સ, પેઇન મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ્સ, રેડિયોલોજીસ્ટ્સ અને કોલોરેક્ટલ સર્જનને યુનિફાઇડ ટ્રીટમેન્ટ ફ્રેમવર્કમાં સંકલિત કરીને એડવાન્સ કેર પૂરી પાડે છે. ■

# રાજ્ય મહેસૂલ વિભાગનાં ૬૭ પ્રકારનાં પ્રમાણપત્ર હવે પંચાયત આપશે

## નાગરિકોએ ઈ-ગ્રામ પંચાયત મારફત ફૉર્મ ભરવાનું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર ગ્રામ પંચાયતોમાંથી અત્યાર સુધી મળતાં ૧૦ જેટલાં સર્ટિફિકેટ અને કામગીરી ગ્રામજનોને ગામડાંમાં જ ઘેરબેઠાં ગ્રામપંચાયત ઑફિસમાંથી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે ઈ-ગ્રામ સેવા મારફત વીસીઈ દ્વારા જ ૧૦ને બદલે હવે ૬૭ જેટલાં મહેસૂલ અને સામાજિક ન્યાય અધિકારિતા વિભાગનાં પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે નાગરિકોએ ઈ-ગ્રામ પંચાયત મારફત ફૉર્મ ભરવાનું રહેશે અને પછી આ ફૉર્મ જે તે તાલુકા કક્ષાના અધિકારીઓને સબમિટ થશે અને પછી તેમની સહી થઈને પરત આવતાં નાગરિકોને આ પ્રમાણપત્ર મળશે. રાજ્ય સરકારે હવે મહેસૂલ વિભાગની ૫૪ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની ૧૩ મળીને કુલ ૬૭ સેવાઓ આપવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધી સાત-બારનો દાખલો, ગામનો નમૂનો, આવકનો દાખલો, રૅશનિંગ કાર્ડ, રૅશનિંગ કાર્ડમાં નામ કઢાવવું કે દાખલ કરવું, સિનિયર સિટિઝનનું પ્રમાણપત્ર, વિધવા સહાય પ્રમાણપત્ર સહિતનાં પ્રમાણપત્રો કાઢવામાં આવતાં હતાં. હવે મહેસૂલ વિભાગના વારસાઈ, સોલ્વન્સી, અધિનિવાસી,દારૂખાના વેચાણ માટેનો હંગામી પરવાનો, ચારિત્ર પ્રમાણપત્ર, લૅન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએ હેઠળની મંજૂરી, સરકારી ખાતાની જમીનની માગણી, દારૂખાના વેચાણ-સંગ્રહ કરવાનો પરવાનો, સ્ટેમ્પ વેન્ડર પરવાનો રિન્યુ કરવો, લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ હેઠળની મંજૂરી બાબત (બિનખેતી), રાહતદરે ફાળવેલ પ્લોટ ઉપર બાંધકામની મુદત વધારવાની માગણી, ખેતીના હેતુ માટે જમીન એકત્ર કરવાની હેઠળ સ્ટોરેજ લાઈસન્સ આપવું સહિતના રેવન્યુ વિભાગનાં ૫૪ પ્રકારનાં પ્રમાણપત્ર અને મંજૂરી મેળવી શકાશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર, નો-ક્રિમીલેયર અંગેનું ગુજરાત સરકાર માટેનું પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર, અન્ય પછાતવર્ગનું જાતિ અંગેનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર જ્ઞાતિનો દાખલો. ભારત સરકારનું આવક અને અસ્કયામતો માટેનું પ્રમાણપત્ર, ભારત સરકારનો જ્ઞાતિ (એસસી)નો દાખલો આપવો, નિરાધાર વૃદ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજના, ઇન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એજ પેન્શન યોજના અને વયવંદના યોજના, રાષ્ટ્રીય કુટુંબ યોજના, અંત્યેષ્ઠી સહાયનાં પ્રમાણપત્રો ગ્રામપંચાયતમાંથી મળશે.■

# ગુજરાતમાં અનધિકૃત પાર્કિંગ સંદર્ભે ૪૪ હજાર કેસો નોંધી વાહનચાલકોને બે કરોડ રૂપિયાનો દંડ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાગરિકોને ટ્રાફિકના નિયમો અંગેની સમજ આપવા અને માર્ગ અકસ્માતો અટકાવવા માટે નેશનલ રોડ સેફટી ઑથોરિટી દ્વારા રાજ્યભરમાં ૦૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

માર્ગ અકસ્માતોના બનાવો નિવારવા માટે પોલીસ દ્વારા અકસ્માતોના સર્વે તેમ જ રીસર્ચ કરવામાં આવે છે. જીવલેણ અકસ્માતો નિવારવા માટે ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા ૧ લાખથી વધુ નાગરિકોને ટ્રાફિક અવેરનેસ હેન્ડ બીલ-પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યાં હતાં. ૯૭ હજાર નાગરિકોને ટ્રાફિક અંગે શિક્ષણ આપતી પત્રિકા આપવામાં આવી હતી. તેમ જ માર્ગ અકસ્માત નિવારવા ૭૪ હજારથી વધુ વાહનો પર રેડિયમ રીફ્લેકટર લગાડવામાં આવ્યાં હતાં. આ સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન રાજ્યમાં ધોરીમાર્ગનો ઉપયોગ કરનાર ૪૫ હજારથી વધુ નાગરિકો માટે અનેક કાર્યક્રમો યોજાયા હતા, ૧૫ હજારથી વધુ નાગરિકોએ માર્ગ સલામતી અંગેના વર્કશોપમાં ભાગ લીધો હતો, ધોરીમાર્ગને લગતી તાલીમમાં ૯ હજારથી વધુ નાગરિકો હાજર રહ્યા હતા, આ ઉપરાંત ૩ હજારથી વધુ નાગરિકોએ માર્ગ સલામતી સપ્તાહ હેઠળ આઈ ચેક-અપ કેમ્પનો લાભ લીધો હતો.

માર્ગ સલામતી સપ્તાહ અન્વયે ઇન્ટરસેપ્ટર વાહનની મદદથી ૨૫ હજારથી વધુ વાહનોના ઓવર સ્પીડિંગ અંગે કેસ કરવામાં આવ્યા હતા, આ ઉપરાંત ટ્રાફિક ટીમ દ્વારા દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્કૂલ-કૉલેજોમાં ટ્રાફિક અંગેની જાગૃતતા માટે ૬૭૭ પ્રોગ્રામ કરી ૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકની સમજ આપવામાં હતી. માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રાજ્યમાં અનધિકૃત રીતે માર્ગ ઉપર વાહન પાર્કિંગ સંદર્ભે ૪૪ હજારથી વધુ કેસો નોંધી વાહનચાલકોને રૂા. ૨ કરોડથી વધુ રકમનો દંડ કરાયો હતો. ■

# ગુજરાતના છ જિલ્લામાં બીજીથી ચોથી ફેબ્રુ. માવઠાની આગાહી

## સરકારની ખેડૂતોને ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે ફરી એક વખત રાજ્યમાં માવઠાની આગાહી કરી છે. આ આગાહીને પગલે આગામી બીજીથી ચોથી ફેબ્રુઆરી દરમિયાન ગુજરાતના વલસાડ, નવસારી, અમરેલી, ભાવનગર, અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં છૂટાં-છવાયાં સ્થળોએ હળવો કમોસમી વરસાદ થઈ શકે છે. આવા સમયમાં રાજ્યના ખેડૂતોનો પાક સુરક્ષિત રહે તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. વાદળછાયા વાતાવરણ અને વરસાદને ધ્યાને લેતાં ખેડૂતો દ્વારા પાક રક્ષણ માટે તકેદારીનાં પગલાં લેવામાં આવે તેવો ખેતી નિયામકની કચેરી દ્વારા રાજ્યના ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

કમોસમી વરસાદથી થતાં પાક નુકસાનીથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવાની સલાહ આપવામાં આવી છે. તે ઉપરાંત જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો. માર્કેટ યાર્ડમાં પણ વેપારી અને ખેડૂતોએ આ બાબતની કાળજી રાખી આગોતરાં સાવચતીનાં પગલાં લેવાની સૂચના આપવામાં આવી છે.■

# કુપોષણ, બાળ અને માતામૃત્યુ જેવા પડકારો સામે લડવા સરકાર સાથે સમાજે જોડાવું પડશેઃ આરોગ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની પ્રથમ સ્વાસ્થ્ય પરિષદ ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપક્રમે સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર દ્વારા રાજ્ય માટે અગ્રતા ધરાવતા આરોગ્ય સંબંધિત વિષયો ઉપર વિવિધ હિતધારકો વચ્ચે પરિસંવાદ યોજી આરોગ્ય સમસ્યાઓના નિરાકરણ માટેની ભલામણો મેળવવા રાજ્ય કક્ષાના સ્વાસ્થ્ય પરિષદનું આયોજન કરાયું હતું.

આરોગ્ય પ્રધાને આ સ્વાસ્થ્ય પરિષદનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, આશા બહેનોથી લઇ સુપરસ્પેશિયાલિસ્ટ તબીબો એક જ છત હેઠળ ભેગા થઈને સમાજમાં રહેલા આરોગ્યવિષયક પડકારો પર ચિંતન અને મંથન કરશે અને તેના આધારે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી રિપોર્ટ તૈયાર કરીને તે મુદ્દાઓની અમલવારી પર વિચાર-વિમર્શ કરવામાં આવશે. આરોગ્ય પ્રધાને સમાજમાં રહેલા કુપોષણ, બાળ અને માતામૃત્યુ, એનીમિયા નાબૂદી જેવા સામાજિક પડકારો સામે લડવા માટે સરકાર સાથે સમાજે પણ જોડાવું પડશે તેવી નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ સ્વાસ્થ્ય પરિષદનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યને સ્વાસ્થ્યના સૂચકાંકોમાં શ્રેષ્ઠ બનાવવા આરોગ્યની સંભાળ લેતા નિષ્ણાતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, જુદા જુદા ક્ષેત્રના પદાધિકારીઓ, આરોગ્ય સેવા સાથે સંકળાયેલા અધિકારીઓ - કર્મચારીઓ, ડબલ્યુ.એચ.ઓ. વિશ્વબૅન્ક, યુનિસેફ, ન્યુટ્રીશન ઇન્ટરનેશનલ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ, પંચાયતી રાજના પદાધિકારીઓ મહિલા અને બાળ કલ્યાણ, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ વગેરે ક્ષેત્રના અધિકારીઓ વગેરે સાથે સંવાદ સાધી આરોગ્યને અવરોધક સમસ્યાઓના નિવારણ માટેનાં પગલાં લેવાં નીતિઓ અને કાર્યક્રમો ઘડવા આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે આરોગ્ય તંત્રમાં ફરજ ઉપરાંતની શ્રેષ્ઠ કામગીરી કરનાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઑફિસર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, સ્ટાફ નર્સ, એ.એન.એમ, એમટી પાઇલટ વગેરે મળી કુલ ૨૮ કર્મયોગીઓનું મહાનુભાવના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. ■

દાહોદમાં પ્રેમસંબંધનો આરોપ મૂકી

# મહિલાને ૧૫ લોકોના ટોળાએ નિર્વસ્ત્ર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણની વાતો વચ્ચે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં એક મહિલા પર સ્થાનિક લોકોએ જાહેરમાં અત્યાચાર ગુજાર્યો હતો. આ મહિલા પર ગામના યુવક સાથે પ્રેમસંબંધ હોવાનો આરોપ મૂકી ૧૫ લોકોના ટોળાએ તેને ઢોરમાર માર્યો હતો. આ મહિલાને નિર્વસ્ત્ર કરીને બાઈક પાછળ સાંકળથી બાંધીને રોડ પર ઢસડી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના એક ગામમાં ૧૫ લોકોના ટોળાએ એક મહિલાને ઘરમાંથી વાળ ખેંચીને બહાર કાઢીને માર માર્યો હતો. ત્યાર બાદ તેને નિર્વસ્ત્ર કરીને બાઈક સાથે બાંધીને ગામમાં ફેરવી હતી. આરોપીઓએ આ ઘટનાનો વીડિયો ઉતારીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ વીડિયો અંગે પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મહિલાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ૧૫ પૈકી ૧૨ આરોપીઓને ઝડપી લઈને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટના અંગે દાહોદ જિલ્લા એસપી રાજદીપસિંહ ઝાલાએ કહ્યું હતું કે, ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે પીડિત મહિલાને આરોપીઓની ચુંગાલમાંથી છોડાવી હતી. પોલીસે ચાર પુરુષ, ચાર મહિલા અને ચાર બાળ કિશોર આરોપીઓની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો. આ ઘટનામાં હજી ત્રણ આરોપીઓ ફરાર છે તેમને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં હતાં. ■

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ

# સરકારી શાળાઓની દયનીય સ્થિતિઃ શિક્ષકોની અછત મુદ્દે મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભરૂચ જિલ્લા સહિત અનેક મુદ્દાઓ પર વારંવાર સરકારને રજૂઆત કરતાં ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને નર્મદા અને ભરૂચ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓ અને હોસ્ટેલોની દયનીય સ્થિતિ અંગે રજૂઆત કરીને તેમાં સુધારા કરવા માગ કરી હતી. સરકારી શાળાની સ્થિતિ ખરાબ હોવાથી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહે છે. આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે. આથી સરકાર તેમાં વહેલી તકે સુધારા કરે તેવી રજૂઆત કરી હતી.

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ નર્મદા અને ભરૂચ જિલ્લાની સરકારી શાળામાં અવ્યવસ્થા મુદ્દે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો હતો.

આ પત્રમાં તેમણે જણાવ્યું હતું કે આદિવાસી વિદ્યાર્થીઓની સ્થિતિ ખરાબ છે. ડેડિયાપાડાના તાબદામાં શિક્ષકોની ઘટ છે. શાળા તો છે, પણ જરૂરી વિષય મુજબ શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શાળામાં ક્લાર્ક, છાત્રાલયમાં ગૃહપતિ અને રસોઈયા નથી. આ તમામ સ્થાનો પર ભરતી કરવાની માંગ કરીને તેમણે આશ્રમ શાળામાં વિદ્યાર્થીઓને શાકભાજી પણ આપવામાં નહીં આવતાં હોવાનો પત્રમાં આક્ષેપ કર્યો હતો. સાંસદ મનસુખ વસાવાએ માગ કરી હતી કે, જર્જરિત મકાનોની મરામત અથવા નવા બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવે જેથી કોઈ અકસ્માત કે જાનહાનિ ન થાય. અગાઉ તેમણે વડા પ્રધાનને પત્ર લખી રાજપીપળાના સ્થાનિકોને સુવિધા મળે તે હેતુથી રેલવે લાઈન શરૂ કરવાની માગ કરી હતી. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને લખેલ પત્રમાં રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતા ખનન મુદ્દે કડક કાર્યવાહી કરવાની માગ સાથે આ કૌભાંડમાં અધિકારીઓથી લઈને રાજકીય નેતાઓની સંડોવણી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. ■

# સોમનાથ મંદિરની આસપાસ ઉર્સની ઉજવણીની અરજી સુપ્રીમે ફગાવીઃ ધાર્મિક સરઘસ કાઢી નહીં શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં પ્રસિદ્ધ સોમનાથ મંદિર પાસેનાં ગેરકાયદેસર દબાણો પર તંત્રએ બુલડોઝરની કાર્યવાહી કરી હતી. તંત્ર દ્વારા તોડી પાડવામાં આવેલાં અનઅધિકૃત બાંધકામો પર આગામી ૧થી ૩ ફેબ્રુઆરી દરમિયાન ઉર્સની ઉજવણી માટે અરજદારે સુપ્રીમ કોર્ટમાં અરજી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દીધી હતી. ધાર્મિક યાત્રા યોજવાની હાજી માંગરોળી શાહ દરગાહની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવતાં સ્પષ્ટ શબ્દમાં જણાવ્યું હતું કે આ સરકારી જગ્યા છે અને તેના પર કોઈ ધાર્મિક જુલૂસો યોજી શકાશે નહીં. રાજ્ય સરકારે ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ચલાવ્યું હતું. ત્યાર બાદ ધાર્મિક સરઘસને મંજૂરી આપવા માટે અરજદારે દાદ માગી હતી. જોકે, રાજ્ય સરકારે અરજીનો સખત વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સોમનાથમાં માળખું જ અસ્તિત્વમાં નથી તો ધાર્મિક સરઘસ કાઢી નહીં શકાય.

રાજ્ય સરકારે અરજીનો સખત વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સોમનાથમાં માળખું જ અસ્તિત્વમાં નથી તો ધાર્મિક સરઘસ નહીં કાઢી શકાય. સમગ્ર મામલે રાજ્ય સરકાર વતી મહેતાએ જણાવ્યું હતું કે, અતિક્રમણ કરાયેલી જમીન પર હિન્દુ ધાર્મિક સમારોહ સહિતના કાર્યક્રમોને મંજૂરી આપવામાં આવી ન હતી. જ્યારે અરજદારના વકીલે કહ્યું કે, તંત્ર દ્વારા તોડી પાડવામાં આવેલી જગ્યા પર દરગાહ હતી, જ્યાં વર્ષોથી ઉર્સની ઉજવણીની પરંપરા ચાલી આવે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા કરવામાં આવેલી રજૂઆતોની જસ્ટિસ બીઆર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે નોંધ લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા ગત વર્ષે સપ્ટેમ્બર માસમાં સોમનાથ મંદિરની આસપાસ થયેલા ચોક્કસ ધર્મસ્થાનનાં તમામ બાંધકામો તોડી પડાયાં હતાં અને જગ્યા ખાલી કરાવાઈ હતી. ગેરકાનૂની રીતે લાંબા સમયથી આ સ્થાન પર જે રીતે કબજો હતો તે દૂર કરાવાયો હતો. જોકે આ કાર્યવાહી સામે અહીંના માંગરોળી શાહ દરગાહ દ્વારા એક તરફ આ જગ્યા પર પોતાના દાવો રજૂ કરવામાં આવ્યો હતો તો બીજી તરફ અહીં ધાર્મિક જુલૂસ યોજવા માટે ગુજરાત સરકારે જે મનાઈ ફરમાવી હતી તેની સામે સુપ્રીમમાં અરજી કરી હતી.

દરગાહના મુંઝાવર દ્વારા કરાયેલી અરજીમાં જણાવાયું હતું કે ૧૦૦૦ વર્ષ કે તેથી વધુ સમયથી અહીં ધાર્મિક આયોજન થાય છે અને રાજ્ય સરકાર દ્વારા તેને આ વર્ષે મંજૂરી અપાઈ નથી, પરંતુ આ જગ્યા પર ધાર્મિક આયોજનો અને યાત્રા માટે મંજૂરી મળવી જોઈએ.

જો કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ જ આ સ્થાન અને તેની જગ્યામાં રાજ્ય સરકારના દાવા પર પ્રાથમિક મંજૂરીની મહોર મારી છે અને સર્વોચ્ચ અદાલતમાં થયેલી અરજી પર રાજ્ય સરકારે વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ જગ્યા સરકારી છે અને તેના પર કોઈ ધાર્મિક આયોજનને મંજૂરી આપી શકાય નહીં. ■

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**
બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રક્શન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**''કાંદિવલી-બોરીવલી''**
**''(વેસ્ટમાં) 1/2/3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ ભાડેથી.''- 7710979702/ 9930626313. (૧૫૫૬૧-બી)**

**"18,000/-"**
''દહિસરમાં 1 બેડરૂમ ભાડેથી/વેચાણમાં-73,00,000/-. 1 રૂમ-55,00,000/-'' :- 7021281534. (૧૫૫૬૧-સી)

**SOUTH MUMBAI READY FLATS**
1) Mazgaon, Ownership 2 Bedroom 1100' Carpet, Third Floor (No Lift) 2) Byculla, 2 Bedroom, 'Ibrahim Mansion' Saboo Siddick College, Fully Furnished Third Floor (No Lift) 3) Sewree 3 Bedroom, 'Monaca Garden' Two Parking. 'Saya Agent' 9004718982, 9326219184. (15505-E)



(B-15442)

**DAHISAR EAST**
Near Highway Payment Plan 9% : 11% and Rest on Possession 1 BHK 80 Lakh, 2 BHK 1.20 Cr., 3 BHK 2.09 Cr. with all Amenities 9869070123 / 9167723483. (15555-C)

**812 SQFT 2 BHK HIGHER Floor Flat Sale Semi Furnished Lodha Venezia Kalachowky 9920070927. (SDB-2389)**

**DADAR WEST,**
**3 Min from Station Tallest Tower Launch All Amenities, Nr Jain Mandir, 2 Bed 3.75 Cr + 3, 4 Bed 7.40 Cr + Xclusive Offers on Visit 9819016316, 8655739820. (B-15432)**

**MATUNGA E,**
**Main Road 2 BHK 920 Cpt Bldg with Pool, Gym, 4.95 Cr ++ Genuine Seller 4 BHK 1400 + Cpt 6.99 Cr + Tax +91 98192 27923, +91 86559 29524. (B-15433)**

**SALE MATUNGA (WEST)**
**3 BHK 4.22 Cr. nego 2 BHK 2.90 Cr. nego. New Bldg Ravi: 9820109761. (JP/4966-A)**

**LALBAUG**
3 BHK Outright Sale Bhairaav Blessings (Mutaliya Residency) 1115' Carpet, 5.70 Cr. (negotiable) Parking, All Amenities, Jain Derasar. 9870246552 / 9820855056. (15559-C)

**MATUNGA EAST**
Open Green Views for Life for Sale 3 & 4 BHK - 1000' to 2000' also Rental options available. Real Key Properties: "Tanvi Shah: Call: 9892780301. (15557-A)

**GHATKOPAR EAST**
**NEELSIDHI BRINDAVAN VALLABH BAUG LANE**
**3 BHK LUXURY FLATS**
**₹ 3.51 CR*. ONWARDS**
**READY POSSESSION**
**OC RECEIVED**
MahaRERA Registration No.: P51800047071, available on https://maharera.mahaonline.gov.in
98334 69305
(B-15368)

**"MALAD (EAST)"..**
Near Station: 2 Bed - 564 Carpet Converted, Semi Furnished on Rent.. (Posh Society..) "Dhanuka" - 9820047154. (B-15505)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**KANDIVALI EAST**
**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**જુના ભાડાની ભાડુઆતવાળી જગ્યા મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણથી જોઈએ છે. 9320279802. (એસડીબી-૨૩૫૬)**

**OMKAR 1973 WORLI**
Required 3 BHK in B Wing, no 1 series 5700' Outright genuine Buyer. Prefer Ready Possession Call Ashok 9821036552 / Raj 9820855056. (15559-B)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**પેલ્હાર વસઈ (ઈસ્ટ)**
**વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ટચ, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ૨૦ ફૂટ હાઈટ ધરાવતું બિલ્ડિંગ, લોરી ટચ, બે ટનની ઈન્ડસ્ટ્રીયલ લિફ્ટ, ફાયર સેફ્ટી અને (૨૦૦ HP) પાવર સાથે ગ્રાઉન્ડ + ૨, સંપૂર્ણ બિલ્ડિંગ ભાડેથી આપવાનું છે. સંપર્કઃ 7506796880. (૧૫૫૫૨-એ)**

**BHANDUP (WEST)**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા/ ઓફિસ સ્પેસ - ૨ યુનિટ - બંને ૪૦૦ સ્કે. ફૂટ કાર્પેટના, બીજે માળે, એટેચ્ડ વોશરૂમ સાથે, ભાડેથી ઉપલબ્ધ. ભારત ઈંડસ્ટ્રિયલ એસ્ટેટ, એશિયન પેઈન્ટ્સની સામે, એલબીએસ માર્ગ, ભાંડુપ (પશ્ચિમ). સંપર્કઃ 9820124294. (કેપી-૨૫૨૬-એફ)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**જુહુ, ગુલમહોર રોડ**
કોમર્શીઅલ ઓફિસ, પહેલે માળે, ૧૪૫૦ યુઝેબલ કારપેટ, વેચાણથી. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૫૩૦-બી)

**JUHU SCHEME**
ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતા : 9833766747. (૧૫૫૩૦-સી)

**ઘાટકોપર (વેસ્ટ)**
**'રાજહંસ હેલિક્સ ૩'**
**વિજય સેલ્સની ઉપર, એલ.બી.એસ. રોડ ટચ મેટ્રો અને સ્ટેશનથી ફક્ત ૧૦ મિનિટ, કમર્શિયલ ગ્લાસ ફસાડ બિલ્ડિંગ, એરિયા 340' કાર્પેટથી શરૂ, ઓફિસ ભાડે તેમજ વેચાણથી ઉપલબ્ધ (રેડી પઝેશન) વધુ વિગત માટે સંપર્ક 'ભાનુશાલી હાઉસિંગ એજન્સી' ઘાટકોપર 09324003350 - 09821032931 (મહારેરા રજિસ્ટ્રેશન નંબર A51800000201). (૧૫૫૪૭-બી)**

**BHANDUP (WEST)**
ફુલ્લી ફર્નિશ્ડ એસી ઓફિસ ભાડેથી ઉપલબ્ધ. આશરે ૧૨૦૦ સ્કે. ફૂટ, ૨૫-૩૦ની બેઠક ક્ષમતા, ૨ કેબિન, કોન્ફરન્સ રૂમ, Wi-Fi અને LAN, EPBX, CCTV, ૩ વોશરૂમ અને ૨ કાર પાર્કિંગ. ભારત ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ, એશિયન પેઇન્ટ્સની સામે, એલબીએસ માર્ગ, ભાંડુપ (પશ્ચિમ). સંપર્કઃ 9820124294. (કેપી-૨૫૨૬-ડી)

■ ઘાટકોપર પશ્ચિમ સ્ટેશન પાસે બેઝમેન્ટમાં 100 અને 125 સ્કે.ftની cabin space 9821465551. (બી-૧૫૪૯૯)

**અંધેરી (ઈસ્ટ) સ્ટેશન પાસે**
**800' કાર્પેટની દુકાન [65,000/= ભાવથી] વેંચાણથી ઉપલબ્ધ પાર્લા (ઈસ્ટમાં) દુકાન વેંચાણથી મળશે. 9769605225. (૧૫૫૬૪-એ)**

**ઓપેરા હાઉસ**
દુકાન (૨૫૦ + ૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૨૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૨૩)

**''ઓપેરાહાઉસ''**
312' બેઝમેન્ટ - ઓફિસ, લેબ-ગોડાઉન, કલાસીસ લાયક 75,00,000/-. ''નિતીન'': 9867222020. (૧૫૫૬૮-એ)

**ઝવેરી બજાર**
**છીપીચાલ ૧૩૦ સ્કવેર ફિટ ૫મે માળે ફુલ હાઈટ મેડાની પરવાનગી છે. ઘરેણાં બનાવનાર બંગાલી માટે. સંપર્કઃ- 9322255218. (૧૫૫૭૪-એ)**

**''બાંદ્રા''**
ટર્નર રોડ 5,000' - જ્વેલરી શોરૂમ લાયક - 35,00,00,000/-. ''નિતીન'' (એજન્ટ): 9867222020. (૧૫૫૬૭-બી)

**કોમર્શિયલ ઓફિસ**
બોરીવલી વેસ્ટ, LT Road, fit-out possession ready 500' થી 1000' ને વધુ કાર્પેટ, સ્ટેશનથી એક મિનિટ ચાલતા, વાસ્તુ પ્રમાણે પાર્કિંગ સાથે લેવા 9664199001 / 9619125554. (જેપી-૪૯૭૦)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો સ્ટેશન રોડ ૧૧૫૦', ૬૨૯' અને એસ વી રોડ ૫૦૦' આપવી છે. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટ 9819874515. (૧૫૫૭૨-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
નવા બિલ્ડીંગમાં OC સાથે શુભમ એવન્યુમાં ઓફિસો 225' થી 440'. પાર્કિંગ, વેચાણથી / ભાડેથી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૫૬૯-બી)

## ૨૦. ધંધાદારી જગ્યા

■ ફર્નિશ્ડ ઑફિસ ૩૦૭ ચો. ફુટ, ૨ કેબીનો સાથે, વર્ક સ્ટેશન, અશોકા શોપિંગ કોમ્પલેક્ષ, ક્રાફર્ડ માર્કેટ ૯૮૬૭૩૦૭૮૮૫/ ૯૮૬૯૦૦૨૬૬૪/ ૯૯૨૦૨૯૮૪૬૬. (બી-૧૫૪૯૪)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2394)

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2409)

**REQUIRED SUKHSAGAR CHOWPATI**
700' to 1000' on Leave and Licence for Doctor immediately Ready Possession. Call Nagesh 9870246552 / 9820855056. (15559-A)

**HAJIALI**
Near Heera Panna Shopping Centre 200'+100' Shop, Prime Location available on Rent 55000/2 Lakh, also available for Outright. Contact Owner - 9820973797. (JP/4969-A)

TENANTED COMMERCIAL Premises, (Old Rent) Ground Floor, Prime Location Mahim Near Station (West), 615 sq.ft., Ideal for Office, Clinic, Physio / Diagnostic Centre, Classes, Jewellery Shop, Boutique, Outright Sale, Low Rental. (Contact: 9833159789). (254)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૩૨-એ)

**11,000/=માં સાંજી**
લગ્નની, રાંદલ પધરામણી, પીઠી, પત્રિકા, તપસ્યા, મોસાળુ. (પ્રાર્થનાસભા, લગ્નગીત બજેટથી). ''મનસુખભાઈ'' - 9326801860 / 8169552801. (૧૫૫૫૨-બી)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

## ૩૨. જમીન-મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ. સંપર્કઃ 9323650893. (૧૫૫૭૪-સી)**

## ૩૩. ધંધાદારી

**શુભ પ્રસંગો**
તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો ફેક્ટરી ભાવે. 9930310057. (૧૫૫૩૮-એ)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - to Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be Solved. Jalaram Finance 9820441711. (15555-D)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડિંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્કઃ 9987414990/ 9324558334. (૧૫૫૪૦-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)

# શહેરોની હાલત બદતર છે જ ને તેમાં બાંગ્લાદેશીઓ વધી રહ્યા છેઃ અજિતદાદા

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે રાજ્યના શહેરોના આયોજન અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે ફક્ત ઉત્તર ભારતના જ નહીં, ગેરકાયદે બાંગ્લાદેશી સ્થળાંતરિતો પણ રાજ્યનાં શહેરો તરફ દોટ મૂકી રહ્યા છે.

રાજ્યના નગર વિકાસ વિભાગ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતાં પવારે કહ્યું હતું કે પુણે અને પિંપરી-ચિંચવડની વસ્તી ૨૦૫૪ સુધીમાં બે કરોડને આંબી જાય એવી શક્યતા છે.

તેમણે કહ્યું હતું કે ટ્રાફિક અને પરિવહનની સમસ્યા શહેરોમાં દિવસે અને દિવસે ગંભીર બની રહી છે. આપણા પ્રયાસો અપૂરતા છે. જો વસ્તી બે કરોડ પર પહોંચી જશે તો આટલા બધા લોકોને આપવા માટે આપણે ક્યાંથી પાણી લાવશું?

નાયબ મુખ્ય પ્રધાને કહ્યું હતુ કે મુળશીમાં આવેલા બંધનું પાણી અત્યારે ટાટા પાવર દ્વારા વીજળીના ઉત્પાદન માટે વાપરવામાં આવે છે તેને પુણેની પાણીની જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં શહેરો તરફ વાળવું પડશે. અમારે કોર્ટનો સંપર્ક કરીને બંધનું પાણી વીજ ઉત્પાદનને બદલે લોકોને પીવા માટે ઉપલબ્ધ કરાવવાની દલીલ કરવી પડશે, એમ તેમણે કહ્યું હતું.

સતત વધી રહેલી વસ્તીને ધ્યાનમાં રાખીને લેટેસ્ટ ટેકનોલોજીની મદદ લેવાની આવશ્યકતા તેમણે વ્યક્ત કરી હતી. અજિત પવારે કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારમાં લોકોને રોજગારની તકો મળતી ન હોવાથી તેઓ શહેરોમાં આવે છે અને ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરે છે. રાજ્ય સરકાર દ્વારા સારા હેતુથી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ કરવામાં આવે છે અને ઝૂંપડાવાસીઓને પાકા મકાન મળ્યા બાદ તેઓ પોતાના સંબંધીઓને આની જાણકારી આપે છે. હવે સ્થિતિ એવી છે કે ફક્ત ઉત્તર પ્રદેશ અને બિહાર જ નહીં, ગેરકાયદે બાંગ્લાદેશીઓ પણ શહેરોમાં ધસારો કરી રહ્યા છે. ■

# ચેમ્બુરમાં મેટ્રો માટેનો પિલર તૂટી પડ્યો

મુંબઈઃ થાણે- વડાલા મેટ્રો લાઈન - ૪ના એક થાંભલાની સુરક્ષા માટે રાખવામાં આવેલું એક સ્ટીલનો પિલર ધરાશાયી થઈ મુંબઈની એક હાઉસિંગ સોસાયટીના પરિસરમાં પડ્યું હોવાનું અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

વધુ જાણકારી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ચેમ્બુર વિસ્તારમાં સુમન નગર જંક્શન પર ગુરુવારે રાત્રે ૧૧ની આસપાસ થયેલા આ અકસ્માતમાં કોઈને ઈજા નથી થઈ. સોસાયટીની સિક્યોરિટી કેબિનને નુકસાન થયું છે.' એક ટીમ નિરીક્ષણ માટે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનાની સ્વતંત્ર તપાસ બે દિવસમાં પૂર્ણ થઇ જશે એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# શિક્ષિકા પર બળાત્કારના આરોપસર શૈક્ષણિક સંસ્થાના સ્થાપકની ધરપકડ

થાણેઃ નોકરીમાં કાયમી કરવાની ખાતરી આપી શિક્ષિકા સાથે વારંવાર દુષ્કર્મ કરવાના આરોપસર પોલીસે થાણેની એક શૈક્ષણિક સંસ્થાના સ્થાપકની ધરપકડ કરી હતી.

શ્રીનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ગુલઝારીલાલ ફડતરેએ જણાવ્યું હતું કે ફરિયાદને આધારે ગુરુવારે આરોપી રમેશચંદ્ર શોભનાથ મિશ્રા (૫૪)ને તાબામાં લેવાયો હતો. તેની વિરુદ્ધ વધુ તપાસ ચાલી રહી છે.

આ પ્રકરણે ૪૨ વર્ષની શિક્ષિકાએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પોતાની જુનિયર કૉલેજમાં નોકરી અપાવવા માટે મિશ્રાએ છ લાખ રૂપિયા લીધા હતા. જોકે બાદમાં નોકરી પર ચાલુ રાખવાના બદલામાં ૨૦૧૫થી મિશ્રાએ ફરિયાદીનું જાતીય શોષણ કર્યું હતું. આરોપીએ નોકરીમાં કાયમી કરવાની ખાતરી પણ આપી હતી.

શિક્ષિકાની ફરિયાદ બાદ પોલીસે મિશ્રાની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

૧૧/૭ના કેસ

# આરોપીઓની સજા બહાલીની અપીલો પર દલીલો પૂરી, હવે ચુકાદો અપાશે

મુંબઈઃ વર્ષ ૨૦૦૬ના જુલાઈ મહિનામાં થયેલા શ્રેણીબદ્ધ ટ્રેન વિસ્ફોટ કેસમાં ૧૨ વ્યક્તિઓને ફટકારવામાં આવેલી મૃત્યુદંડ અને જેલની સજાને બહાલી આપવા સંબંધી અપીલો પર દલીલોની સુનાવણી પૂરી કરી હતી અને હવે આ કેસમાં અદાલત ચુકાદો આપશે.

જસ્ટિસ અનિલ કિલોર અને શ્યામ ચાંડકની ડિવિઝન બેન્ચ પાંચ મહિનાથી દૈનિક ધોરણે આ અપીલોની સુનાવણી કરી રહી છે, જેમાં રાજ્યની વિવિધ જેલોમાં બંધ દોષિતો વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજરી આપી રહ્યા છે.

શુક્રવારે, બેન્ચે કહ્યું કે બધા વકીલોએ તેમની દલીલો પૂર્ણ કરી છે.

ત્રીજો કોઈ આરોપી કંઈ કહેવા માગતો હોય, તો અમે તેમને બે મિનિટ માટે આમ કરવાની મંજૂરી આપી શકીએ છીએ, એમ હાઈ કોર્ટે કહ્યું. (પીટીઆઈ)■

# નેશનલ પાર્કમાં ટૂંકમાં શરૂ થશે લેપર્ડ સફારી

મુંબઈઃ બોરીવલીમાંના સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન ટૂંક સમયમાં લેપર્ડ સફારી રજૂ કરશે. અગાઉથી વાઘ અને સિંહની સફારીઓ શરૂ જ છે હવે નવી દીપડા સફારી મુલાકાતીઓને વધુ એક આકર્ષણ પૂરું પાડશે, એમ એક પ્રધાને શુક્રવારે અહીં જણાવ્યું હતું. તાજેતરમાં જ સિંહોની એક જોડી - ભરત અને ભારતી - ને એક વર્ષ માટે દત્તક લેવાં આવી છે. આ સિંહોને આ વર્ષે પ્રજાસત્તાક દિવસે ગુજરાતથી સંજય ગાંધી નેશનલ પાર્કમાં લાવવામાં આવ્યા હતા. હાલમાં, નેશનલ પાર્ક વાઘ અને સિંહ સફારીનું આયોજન કરે છે. મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં જોવા મળતા દીપડાના બચ્ચાઓને અહીં લાવવામાં આવે છે, પરંતુ પ્રવાસીઓને તેમના કુદરતી નિવાસસ્થાનમાં દીપડા જોવા મળતા નથી. (પીટીઆઈ)■

# બ્રાઝિલમાં લુપ્ત થયેલા સ્પિક્સ મકાઉ પક્ષીઓ ફરી જોવા મળશે

### અનંત અંબાણીના વનતારાએ એસીટીપી સાથે કરી પાર્ટનરશિપ



મુંબઈઃ લગભગ વર્ષ ૨૦૦૦માં જંગલમાં લુપ્ત થયાં હોવાનું જાહેર કરાયેલાં સ્પિક્સ મકાઉ (સાયનોપ્સિટા સ્પિક્સી) હવે તેમને તેમના મૂળ નિવાસસ્થાનમાં ફરીથી રજૂ કરવાની ઐતિહાસિક પહેલ થવાની છે. વનતારાના સંલગ્ન ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર (જિઝેડઆરઆરસી)એ આ મિશનનું નેતૃત્વ કરવા માટે એસોસિએશન ફોર ધ કન્ઝર્વેશન ઑફ થ્રેટેડ પોપટ (એસીટીપી) સાથે ભાગીદારી કરી છે. ગઈકાલે જર્મનીના બર્લિનમાં એસીટીપીના સંવર્ધન કેન્દ્રમાંથી બ્રાઝિલના બાહિયામાં મુક્તિ કેન્દ્રમાં ૪૧ સ્પિક્સ મકાઉના સફળ સ્થાનાંતરણ સાથે એક મોટી સીમાચિહ્નરૂપ ઘટના બની છે. આ વૈશ્વિક પુનઃપ્રવેશ કાર્યક્રમના ભાગ રૂપે, વનતારા એસીટીપીને નિષ્ણાત માર્ગદર્શન અને મહત્ત્વપૂર્ણ સંસાધનો પૂરા પાડી રહ્યું છે, જે બ્રાઝિલના કાટિંગા બાયોમમાં આ લુપ્ત થઈ ગયેલાં આ પક્ષીઓની પ્રજાતિને પુનઃસ્થાપિત કરવાની તેની અતૂટ પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. આ સીમાચિહ્નરૂપ કાર્યક્રમની અગાઉની સફળતાઓ પર નિર્માણ કરે છે, જેમાં ૨૦૨૨માં ૨૦ સ્પિક્સના મકાઉને જંગલમાં ફરીથી દાખલ કરવામાં આવ્યાં હતાં, જેના પરિણામે ૨૦ વર્ષથી વધુ સમયમાં પ્રથમ પક્ષીનો પરિવાર વિસ્તર્યો.

એસીટીપીના સ્થાપક માર્ટિન ગુથે જણાવ્યું હતું કે, એસીટીપી વતી, અમે અનંત અંબાણી અને વનતારાને સ્પિક્સના મકાઉ રિઇન્ટ્રોડક્શન પ્રોજેક્ટમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તેમના ઉદાર નાણાકીય સહાય ઉપરાંત, વનતારાએ અમારી સાથે શેર કરેલી કુશળતા આ લુપ્ત થઈ ગયેલી જંગલી પ્રજાતિના સફળતાપૂર્વક સંવર્ધનમાં અમૂલ્ય રહી છે. જૈવવિવિધતા પુનઃસ્થાપન અને લુપ્તપ્રાય પ્રજાતિઓના રક્ષણ માટે વનતારાની અતૂટ સમર્પણ, તેમના જુસ્સા, સંસાધનો અને સહયોગી અભિગમ સાથે, આ પહેલની સફળતા માટે મહત્ત્વપૂર્ણ રહી છે. આ ભાગીદારી એક સહિયારી દૃષ્ટિ અને પ્રતિબદ્ધતાની શક્તિનું ઉદાહરણ આપે છે, અને અમને આશા છે કે તે વિશ્વભરમાં સંરક્ષણ પ્રયાસોને પ્રેરણા આપશે. અમે વનતારા સાથે ભાગીદારીમાં શક્ય તેટલી વધુ લુપ્તપ્રાય પ્રજાતિઓને બચાવવા માટે સાથે મળીને અમારું કાર્ય ચાલુ રાખવા માટે આતુર છીએ. ■

# થાણેમાં સાતમી ફેબ્રુઆરીથી ક્રેડાઈ-એમસીએચઆઈ દ્વારા પ્રોપર્ટી એક્સપોનું આયોજન

મુંબઈઃ થાણેના હાઇલૅન્ડ ગાર્ડન ગ્રાઉન્ડમાં ક્રેડાઈ - એમસીએચઆઈ દ્વારા સાતમીથી દસમી ફેબ્રુઆરી સુધી થાણે પ્રોપર્ટી એક્સ્પો-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

ક્રેડાઈ - એમસીએચઆઈ થાણેના અધ્યક્ષ જિતેન્દ્ર મહેતાએ તેની જાણકારી આપતાં જણાવ્યું હતું કે, આ પ્રદર્શનમાં સિંગલ ઇમારતથી માંડીને વિશાળ ગૃહસંકુલો તેમ જ પરવડી એવી કિંમતનાં ઘરોથી માંડીને વૈભવી ઘરો, ઑફિસો અને દુકાનોને વેચાણ માટે ઉપલબ્ધ હશે.

રિયલ્ટી ક્ષેત્રના નિષ્ણાતો, અનુભવી ડેવલપરો અને આર્થિક સલાહકાર પાસેથી ગ્રાહકોને વિનામૂલ્યે માર્ગદર્શન મળશે. આ પ્રદર્શનમાં કતાર વિના તત્કાળ પ્રવેશ માટે http://lnkd.in/drry8Tpf એ લિન્ક ઉપર નિઃશુલ્ક નોંધણી કરાવવી. આ પ્રદર્શન સવારે ૧૧થી રાત્રે સાત વાગ્યા સુધી ખુલ્લું રહેશે. ગ્રાહકોને વેલે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાશે.

આ પ્રદર્શનમાં ૮૦ કરતા વધારે નામાંકિત બિલ્ડરના ૧૦૦ કરતા વધારે રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ તેમ જ ૧૫ કરતાં વધારે નાણાકીય સંસ્થા સહભાગી થવાની છે. ■



થાણેના હાઈલૅન્ડ ગાર્ડન ગ્રાઉન્ડમાં ક્રેડાઈ - એમસીએચઆઈ દ્વારા સાતમીથી દસમી ફેબ્રુઆરી વચ્ચે યોજાનારા થાણે પ્રોપર્ટી એક્સ્પો-૨૦૨૫ની જાહેરાત વખતે (ડાબેથી) જય વોરા, ગૌરવ શર્મા, જિતેન્દ્ર મહેતા, રાજુલ વોરા, સચિન મિરાણી, ભાવેશ ગાંધી અને સુમિત ગુડકા.

## સંસ્થા સમાચાર

# પ્રજાસત્તાક દિને ઘાટકોપરની ઉગમ સોસાયટીમાં અનેક કાર્યક્રમ



પ્રજાસત્તાક દિવસના ઉપલક્ષ્યે ઘાટકોપર પંતનગરમાં આવેલ બિલ્ડિંગ નંબર ૬૭, ગુરુકૃપા ઉગમ સોસાયટીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજ આરોહણ, રાષ્ટ્રગીતનું ગાયન, પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ અને દરેક સભ્યો માટે આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજના આરોહણ અને રાષ્ટ્રગીતથી થઇ હતી. આમાં સોસાયટીના દરેક સભ્યે નાનાં બાળકોથી લઇને મોટાએ હાજરી આપી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પછી નાનાં ભૂલકાંઓએ પ્રજાસત્તાક દિવસ શા માટે ઉજવીએ છીએ એની સવિસ્તર માહિતી આપી હતી. સોસાયટીમાં વિવિધ તબીબી પરીક્ષણોનું આયોજન કર્યું હતું.

આ આરોગ્ય શિબિરમાં ૭૫થી વધુ સભ્યોએ તપાસણી કરાવીને સ્વાસ્થ્ય શિબીરને સફળ બનાવી હતી. સોસયટીના ચેરમેન અરૂણ શિર્શેકર, સેક્રેટરી : તુષાર શાહ અને ટ્રેઝરરઃ મિહીર પારેખે કોટકનાં સ્ટાફનું અને મેડિકલ ટીમનું શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. ■

# બજેટ અગાઉ મોદીના કથનથી મોરલ મજબૂત બનતા સેન્સેક્સ ૭૭,૫૦૦ પોઈન્ટ અને નિફ્ટી ૨૩.૫૦૦ પોઈન્ટની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે શનિવારે રજૂ થનારા મહત્વપૂર્ણ કેન્દ્રીય બજેટ પહેલા ભારતીય બજારો સતત ચોથા સત્રમાં ઊંચા સ્તરે બંધ થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી બજેટમાં ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગ માટે વપરાશને ટેકો આપવા માટે સંભવિત સરકારી પગલાંનો સંકેત આપવા સાથે સંપત્તિની હિન્દુ દેવીનું નામ લીધા પછી રોકાણકારોનો આશાવાદ વધ્યો હોવાથી બજાર તેજીમય બન્યું હતું.

સેન્સેક્સ ૭૪૦.૭૬ પોઇન્ટ અથવા તો ૦.૯૭ ટકા વધીને ૭૭,૫૦૦.૫૭ પોઈન્ટ પર બંધ થયો છે, જે સત્ર દરમિયાન ૮૪૬.૧૫ પોઇન્ટ ઉછળીને ૭૭,૬૦૫.૯૬ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૫૮.૯૦ પોઇન્ટ અથવા ૧.૧૧ ટકા વધીને ૨૩,૫૦૮.૪૦ પોઈન્ટ પર બંધ થયો, જે સત્રમાં ૨૩,૫૪૬.૮૦ની ઊંચી સપાટી સુધી પહોંચ્યો હતો.

નેસ્લેમાં સારા પરિણામ બાદ ૪.૨૫ ટકા ઉછાળો હતો. અન્ય ટોપ ગેઇનર્સમાં ઇન્ડસઇન્ડ બેન્ક, ટાઇટન, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, આઇટીસી અને મારુતિનો સમાવેશ હતો. ટોપ લુઝર્સમાં આઇટીસી હોટલ્સ, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ અને આઇસીઆઇસીઆઇ બેન્કનો સમાવેશ હતો.

લાર્સનના સારા ઓર્ડરના આંકડાને કારણે તેના શેરમાં પાંચેક ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. લાર્સને ૧૪ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૯ કરોડનો ચોખ્ખો નફો જાહેર કર્યો છે. કલ્યાણ જ્વેલર્સે ૨૧.૨૩ ટકાના વધારા સાથે રૂ. ૨૧૮.૬૮ કરોડનો નફો બતાવ્યો છે. ઇન્ડિયા યામ્હા મોટરે તેની બે ફ્લેગશિપ મોડલના ભાવમાં રૂ. ૧.૧ લાખનો ઘટાડો કર્યો છે.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) પાસે ભારતમાં ઈન વિટ્રો ફર્ટિલાઇઝેશન ટ્રીટમેન્ટ પૂરી પાડનારી ગૌડિયમ આઇવીએફ એન્ડ વુમન હેલ્થ લિમિટેડે મૂડી બજારમાં પ્રવેશ માટે ડીઆરએચપીના દસ્તાવેજ ફાઇલ કર્ય છે, જેનો હેતુ નવા આઇવીએફ સેન્ટરની સ્થાપના અને અને તે માટે કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ભંડોળ એકત્ર કરવાનો છે. નેસ્લેએ ૪.૯ ટકાના વધારા સાથે રૂ. ૬૮૮ કરોડનો નફો નોંધાવ્યો છે.

પ્રેસિયસ સ્ટોન્સ, ગોલ્ડ. ડાયમંડ અને બુલિયન વસ્તુઓમાં વિશેષતા ધરાવતી જ્વેલરી કંપની ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે વિસ્તરણ યોજના હેઠળ ગોલ્ડ સેવિંગ સ્કીમ એપ્લિકેશન સાથે ડિજિટલ હાજરીને વિસ્તારી છે, જેમાં ગ્રાહકો હવે ગોલ્ડ સિલ્વરના દૈનિક દરોને ટ્રેક સહિતની અનેક પ્રવૃત્તિ કરી શકે છે. નાણા વર્ષ ૨૦૨૪માં કંપનીએ રૂ. ૮૨૧.૫૩ કરોડની કુલ આવક નોંધાવી હતી.

જાન્યુઆરીમાં સેન્સેક્સ ૬૩૮.૪૪ પોઇન્ટ અથવા તો ૦.૮૧ ટકા અને નિફ્ટી ૧૩૬.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૫૭ ટકા ગબડ્યો છે. જોકે, પાછલા ચાર સત્રોમાં, બંને બેન્ચમાર્કમાં લગભગ ત્રણેક ટકાનો વધારો થયો છે. વ્યાપક બજારોમાં વધુ મજબૂત વધારો જોવા મળ્યો છે, જેમાં બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ શેરઆંકમાં ૩.૫૦ ટકાથી વધુનો ઉછાળો છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા પહેલી એપ્રિલથી શરૂ થતા નાણાકીય વર્ષ માટે બજેટની જાહેરાતના એક દિવસ પહેલા વડાપ્રધાન મોદીની ટિપ્પણીએ ખાસ કરીને મહામારી પછીના સૌથી ધીમા આર્થિક વિકાસની અપેક્ષાઓ વચ્ચે નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું છે. વધતી જતી કિંમતો અને સ્થિર વેતનને કારણે વપરાશ ઓછો હોવાથી, સીતારામન વ્યક્તિગત આવકવેરો ઘટાડી શકે છે અને ગ્રામીણ વિસ્તારોના કલ્યાણમાં વધારો કરી શકે છે તેવી અટકળો પ્રબળ છે. પોતાના ભાષણમાં, મોદીએ ભાર મૂક્યો હતો કે બજેટ ઊર્જા અને આત્મવિશ્વાસ જગાડશે, જે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનવાના લક્ષ્ય તરફ આગળ ધપાવશે.

આર્થિક સર્વેક્ષણમાં ૨૦૨૫-૨૬માં જીડીપી માટે ૬.૩થી ૬.૮ ટકાના ગ્રોથનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય બજેટ અને આરબીઆઇની આગામી નીતિ બેઠક પહેલા આશાવાદ વધ્યો હતો. ૨૭ જાન્યુઆરીએ આરબીઆઇ દ્વારા ઘોષિત લિક્વિડિટી બુસ્ટિંગ પગલાં પછી તેજીને વધુ વેગ મળ્યો છે અને ફેબ્રુઆરીમાં દરમાં ઘટાડો થવાની અપેક્ષાઓ વધી ગઈ છે.

અમેરિકાની ફેડરલ રિઝર્વે અપેક્ષા પ્રમાણે જ વ્યાજદર યથાવત રાખીને સ્ટાન્સ જાળવ્યું હોવાથી બજારનું ધ્યાન હવે આવનારા બજેટ પર મંડાયેલું છે. આ વખતે વપરાશી માગ વધારવા અને રોજગાર નિર્માણ માટે સરકાર બજાટેમાં કરવેરામાં રાહતો જાહેર કરશે એવી અપેક્ષા છે. બજારના વેલ્યુએશન્સ પણ અત્યારે વાજબી સ્તરે જણાઇ રહ્યું છે.

માર્કેટ એનાલિસ્ટ્સ માને છે કે, આગામી બજેટમાં નીતિઓ જો આર્થિક વિકાસ અને વપરાશને પુનઃસ્થાપિત કરે તો તે વર્તમાન મંદીભર્યા વલણને ઉલટાવી શકે છે. રોકાણકારો એવા શેરો અને ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે જ્યાં ઓપરેશનલ મેટ્રિક્સ અને મૂલ્યાંકન અનુકૂળ છે.

બજારના સાધનો અનુસાર આરબીઆઈના તાજેતરના પ્રવાહિતા વધારવાના પગલાંએ ફેબ્રુઆરીના દરમાં કાપની આશાને વેગ મળવા સાથે તાજેતરના બજાર કરેક્શન પછી મૂલ્યાંકન વાજબી સ્તરે પહોંચ્યા હોવાથી લેવાલી જોવા મળી છે. જોકે, આ રેલી કેટલી ટકાઉ હશે એ કહી શકાય એમ નથી. ટ્રમ્પનો ટેરિફ ભય તો ઝળુંબી જ રહ્યો છે. ટ્રમ્પે જેના પર ટેરિફ લાદવાનો ઇરાદો છે એવા દેશોમાં ભારતનું પણ નામ જાહેર કર્યું હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ છે.

ભારતીય બજારો હાલમાં ધીમા આર્થિક વિકાસ અને ટ્રમ્પની નીતિઓ અને ટેરિફને લગતી અનિશ્ચિતતામે કારણે ભારે અસ્થિરતા અનુભવી રહ્યા છે. પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ થવાના હોવાથી, રોકાણકારોનું સેન્ટિમેન્ટ આગામી આર્થિક પગલાં સાથે ગાઢ રીતે જોડાયેલું છે. વૈશ્વિક પરિબળો અને સ્થાનિક નીતિઓ વચ્ચેની આંતરક્રિયા જટિલતામાં વધારો કરી રહી છે, જે બજારના સહભાગીઓ માટે આ એક મહત્વપૂર્ણ સમયગાળો બનાવે છે. એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે.

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી જળવાઈ રહી હોવાથી ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે એક પૈસાના ઘટાડા સાથે ૮૬.૬૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૬૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૬૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૫ અને ઉપરમાં ૮૬.૫૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે એક પૈસાના ઘટાડા સાથે ૮૬.૬૩ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે ડૉલરમાં માસાન્તને કારણે આયાતકારોની વ્યાપક લેવાલી, ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્યપ્રવાહ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રૂપિયાને દબાણ હેઠળ રાખે છે, પરંતુ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળી રહેલા સુધારાનો અમુક અંશે ટેકો મળતો રહે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકાની ટેરિફ અને વેરાની નીતિ અંગેની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયો દબાણ હેઠળ રહી શકે છે, શક્યતઃ રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયને થોડોઘણો ટેકો આપી શકે છે.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા વધીને ૧૦૮.૨૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૫૮૨.૯૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૪૦.૭૬ પૉઈન્ટનો અને ૨૫૮.૯૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૪ ટકા ઘટીને બેરલદીઠ ૭૬.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં વધ્યા મથાળેથી ₹ ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં છેલ્લાં બે-ત્રણ સત્રથી સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ ખપપૂરતી માગ રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૭૪૨થી ૩૮૪૨માં અને રૂ. ૩૮૩૨થી ૩૯૪૨માં થયા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (સ્યુઅરેજ ઓપરેશન) |
| સેકશન | ડે. ચીફ એન્જિ. (S.O.) શહેર<br>એક્ષી. એન્જિ. મીકે. (એસ) બાન્દ્રા ઝોન |
| ટેન્ડર નં. | 2025_MCGM_1144123 |
| | બાન્દ્રા ઈન્ફ્લ્યુઅન્ટ પંપીંગ સ્ટેશન ખાતે 35T E.O.T. & 5T ઓક્ષીલીયરી ક્રેનનું રીપેરીંગ, ટેસ્ટીંગ & કમીશનીંગ |
| ટેન્ડરનું વેચાણ | તા. ૧/૨/૨૫ના ૧૧ ક. થી<br>તા. ૧૦/૨/૨૫ના ૧૬ ક. સુધી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ | એક્ષી. એન્જિ. મીકે. (એસ) બાન્દ્રા ઝોન |
| એ) નામ | શ્રી એ. જે. ચવાણ |
| બી) ટેલિ નં. (ઓફિસ) | ૦૨૨ ૨૪૪૬૪૭૫૦ |
| સી) મોબાઈલ નં. | ૮૭૭૯૨૭૦૫૭૫ |
| ડી) ઈ-મેઈલ આઈડી | ipsbandra@gmail.com |

સહી/-
કાર્ય. અભિ. યાં. (મ.)
વાંદ્રે વિભાગ

સહી/-
ડે. ચીફ એન્જિ. (S.O.) શહેર

PRO/2401/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



જાહેર સમન્સ

નામ. એન. એન. રાવલ, પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, નલીયા કચ્છ.
રેગ્યુલર દીવાની દાવા નં. ૩૦/૨૦૦૩

શ્રી રણજીતસિંહ હમીરજી જાડેજા — વાદી
વિરુદ્ધ
શ્રી ચતુરસિંહ બાલુભા જાડેજા, — પ્રતિવાદી

વાદીના વ. શ્રી. જે. કે. ચીનારાણા

આથી જણાવવાનું કે ઉપરોક્ત દાવા વાદીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદી નંબર ૩ જેઠીબેન ચાંપશી શાહનાઓ તા. ૦૮/૩/૨૦૧૫ના રોજ મરણ પામતા તેમના વારસદારોને જોડેલ હોય તેમને સાંભળવા જરૂરી હોય તેમની સામે જણાવેલ તારીખે તા. ૦૬/૦૨/૨૦૨૫ સવારના ૧૦:૪૫ કલાકે જવાબ આપવા જાતે અથવા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે. જો તે રીતે પક્ષકારો/પ્રતિવાદીઓ હાજર થવામાં કસુર થશે તો સદર પ્રતિવાદીઓ વિરુદ્ધ તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે.

| ક્રમ | રે દીવાની દાવા નં. | પ્રતિવાદીનું નામ તથા પ્રતીવાદનું સરનામું | પ્રતિવાદીઓનું સરનામું | મુદત તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦/૨૦૦૩ | (૧) કમળાબેન ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૨) ઝવેરચંદ ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૩) કલાવંતીબેન ખીમજી ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૪) નીર્મળાબેન નાનજી ચાંપશી લાલનજી શાહ (કારાણી)<br>(૫) નવીન ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૬) આશાબેન ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૭) હીરેન ખીમજી ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૮) મીતેશ ખીમજી ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૯) ડેનીસ નાનજી ચાંપશી લાલજી શાહ (કારાણી)<br>(૧૦) લીના ખીમજી ચાંપશી લાલજી શાહ (કારાણી) રહે બધાય: | અરિહંત બિલ્ડીંગ, ગોખલે રોડ, બિલ્ડીંગ-સી, રૂમ નંબર ૭, સેકન્ડ ફલોર, મહાલક્ષ્મી ડેરીની સામે, મુલુન્ડ (ઈસ્ટ), મુંબઈ | ૬/૨/૨૦૨૫ |

આજ તા. ૨૯/૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર — સહી/- (જે. કે. ચુડાસમા) આસીસ્ટન્ટ પ્રિન્સીપાલ સીનીસિવીલ કોર્ટ નલીયા-કચ્છ
કોર્ટનો સીક્કો
મુકાબીલ કરનાર — સહી/- (જે. કે. ચુડાસમા) બેન્ચ કલાર્ક પ્રિન્સીપાલ સીનીસિવીલ કોર્ટ નલીયા-કચ્છ
આદેશથી... — સહી/- (જે. કે. ચુડાસમા) ઈ. ચા. રજીસ્ટ્રારશ્રી પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ નલીયા-કચ્છ


# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરા અને ટેરિફની નીતિઓ કેવી હશે તેની અવઢવ વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકંદરે કામકાજો ખપપૂરતા રહેતાં માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને કોપરની વેરાઈટીઓ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૩૫ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર વાયરબાર અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૯૯, રૂ. ૭૯૦, રૂ. ૭૮૧, રૂ. ૮૩૭ અને રૂ. ૧૩૫૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૬૬૫ના મથાળે અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૭૦, રૂ. ૨૫૬ અને રૂ. ૨૬૮ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૮, રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# પાંખાં કામકાજો વચ્ચે, કપાસિયા, સરસવ અને સન તેલમાં પીછેહઠ

## જાન્યુઆરીમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૨.૩ ટકા ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ એક સેન્ટનો સુધારો જોવા મળ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૧ રિંગિટ વધી આવ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી હાજરમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો અને દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન જાન્યુઆરી મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ ગત ડિસેમ્બર મહિનાના ૧૩,૫૯,૫૦૪ ટન સામે ૧૨.૩૦ ટકા ઘટીને ૧૧,૯૨,૩૨૮ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચીના આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૩૧૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નહોતા. જોકે, આજે સેલરિસેલમાં છૂટાછવાયા અને રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૧.૩૫ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૨૭૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૨૫થી ૪૩૦૦માં થયા હતા.

### ટેરિફની ચિંતા વૈશ્વિક સોનું નવી વિક્રમ સપાટીએ

# સ્થાનિકમાં શુદ્ધ સોનાએ ₹ ૭૮૩ની તેજી સાથે ₹ ૮૨,૦૦૦ની પાર, ચાંદીએ ₹ ૯૩,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પુનઃ મેક્સિકો અને કેનેડિયન આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાની શક્યતા વ્યક્ત કરતાં ભવિષ્યમાં વેપાર યુદ્ધ છેડાવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ રહેતાં ભાવ નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૦થી ૭૮૩નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૨,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી સાથે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૪૯ની તેજી સાથે રૂ. ૯૩,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૪૯ની તેજી સાથે રૂ. ૯૩,૫૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહી હતી. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ઉછાળો આવ્યો હતો, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૦ વધીને રૂ. ૮૧,૭૫૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૮૩ વધીને રૂ. ૮૨,૦૮૬ના મથાળે રહ્યા વેરા રહીત ધોરણે હતા. જોકે, તેજીની આ રમઝટમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ટ્રમ્પની કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ઊંચા ટેરિફની ચેતવણી સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં સલામતી માટેની વ્યાપક લેવાલી નીકળતા એક તબક્કે હાજરમાં ભાવ વધીને ઔંસદીઠ ૨૮૦૦.૯૯ ડૉલર સુધી પહોંચ્યા બાદ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૭૯૫.૫૨ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા.

તેમ જ વાયદામાં પણ ભાવ ૨૮૨૦.૧૦ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે આ મહિનામાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં છ ટકાનો અને આ સપ્તાહમાં અત્યાર સુધીમાં એક ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં આજે ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પ દ્વારા ઉચ્ચારવામાં આવી રહેલી ટેરિફની ધમકીઓને કારણે સોનામાં સલામતી માટેની માગમાં વધારો થઈ રહ્યો છે. વધુમાં આજે મોડી સાંજે જાહેર થનારા ફુગાવાના ડેટામાં જો ઘટાડો જોવા મળે તો ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં કાપ મૂકવા માટેનું અનુકૂળ સ્થિતિ નિર્માણ થવાની શક્યતાને ધ્યાનમાં લેતા સોનાની તેજીને વધુ ઈંધણ મળશે, એમ આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરોમ પૉવેલે છેલ્લી નીતિવિષયક બેઠકના અંતે જણાવ્યું હતું કે જો અમેરિકાના આર્થિક ડેટાઓ પ્રોત્સાહક રહેશે તેમ જ ફુગાવો અને બેરોજગારીનો દર લક્ષ્યાંકિત સપાટી આસપાસ રહે તો જ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે વિચારણા કરવામાં આવશે.

તાજેતરમાં ગોલ્ડમેન સાશે જણાવ્યું હતું કે સોનામાં કેન્દ્રવર્તી બૅન્કો તથા એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની લેવાલીને ટેકે ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ જળવાયેલું રહેશે. તાજેતરમાં વૈશ્વિક સ્તરે અમેરિકા દ્વારા ટેરિફનાં ઊંચા દર રાખવામાં આવે તેવી ભીતિ સપાટી પર હોવાથી કોમેક્સ અધિકૃત વેરહાઉસીસમાં સોનામાં ડિલિવરીનું પ્રમાણ વર્ષ ૨૦૦૨ પછીની ઊંચી સપાટીએ પહોંચ્યું છે.

વધુમાં કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું કે ટ્રમ્પની ટેરિફની ચેતવણીઓ જો વાસ્તવિકતામાં પરિણમે તો સોનાના ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડૉલરની સપાટી પાર કરી જાય તેવી શક્યતા નકારી ન શકાય.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ટેન્ડર બીડ નં. | ૨૦૨૫_MCGM_૧૧૪૪૨૫૩_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા, મુંબઈ |
| વિષય | કસ્તુરબા હોસ્પિટલ ખાતે ૬૦A સર્વન્ટ કવાર્ટર્સ ખાતે વૂડન અને AL હેટચવેના સંબંધિત રિનોવેશનનું કામ |
| ટેન્ડર ફી | રૂા. ૬૬૦૦/- (+૧૮.૦% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત ખર્ચ) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૪૯,૯૦૦/- |
| ટેન્ડર ઈશ્યૂ કરવાની તારીખ | ૦૧.૦૨.૨૦૨૫ના ૧૦ ક. |
| બીડ સુરક્ષા ડિપોઝિટની રસીદ માટે છેલ્લી તારીખ અને સમય | ૦૭.૦૨.૨૦૨૫ ૧૬ ક. |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૭.૦૨.૨૦૨૫ ૧૬ ક. |
| પ્રી-બીડ મીટીંગ | લાગુ પડતું નથી |
| પેકેટ A ખુલશે | ૦૮.૦૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. |
| પેકેટ B ખુલશે | ૦૮.૦૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. |
| પેકેટ C ખુલશે | ૧૪.૦૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. |
| સંદેશ વ્યવહારનું સરનામું | ઓફિસઃ- ઈ. ઈ. મીકે. (સાઉથ) BMC, મ્યુનિ. વર્કશોપ, R. S. નીમકર માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૦૮ની ઓફિસ |
| બીડ ખુલવાનું સ્થળ | A. E. મીકે. (સાઉથ)ની ઓફિસમાં ઓનલાઈન |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
PRO/2412/ADV./2024-25 એક્ઝી. એન્જિ. મીકે. (સાઉથ)

પાણી બચાઓ, પાણીનો દુર્વ્યય ટાળો.


# બોટની રિઅલમી એરવૅર પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની માગ

નવી દિલ્હી: બોટ બ્રાન્ડ હેઠળ તેના ઉત્પાદનોનું વેચાણ કરતી સ્માર્ટ વૅરૅબલ ઉત્પાદક ઈમેજિન માર્કેટિંગે સરકારને રિઅલમી એરવૅર પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવા માટે અનુરોધ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે એક માર્કેટ રિસર્ચ કંપનીના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિકગાળામાં ટ્રુ વાયરલેસ સ્ટીરિયો (ટીડબ્લ્યુએસ) ઑડિયો સેગ્મેન્ટમાં બોટ ૩૪ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે રિઅલમી ૬.૪ ટકાના બજાર હિસ્સા સાથે પાંચમો ક્રમાંક ધરાવે છે. સૂત્રોના જણાવ્યાનુસાર બોટે સરકારને રિઅલમી ટીડબ્લ્યુએસ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની રજૂઆત કરી છે. તેમ જ બોટના વરિષ્ઠ અધિકારીએ આ સંદર્ભની રજૂઆત મિનિસ્ટ્રી ઑફ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ આઈટીને કરી છે. જોકે, આ પ્રસ્તાવની આકારણી થઈ રહી હોવાનું સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું. આ બાબતે બોટ અને રિઅલમીને પૂછપરછ માટે ઈ-મેઈલ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનો કોઈ જવાબ નથી, એમ તેમણે ઉમેર્યું હતું.


પબ્લિક નોટિસ

હાર્બરના વિલે પાર્લે મીડલ ફૂટ ઓવર બ્રિજની સીડીની પશ્ચિમ બાજુએ સાઉથ ફેસ બંધ રહેશે

હાર્બરના વિલે પાર્લે (મીડલ) ફૂટ ઓવર બ્રિજની પશ્ચિમ બાજુ સાઉથ ફેસના સીડીની માળખાકીય સ્થિતિ જર્જરિત સ્થિતિમાં છે. સંપૂર્ણ સીડી પુનઃબીલ્ડ કરવા માટે ઓર્ડર. તે જ ૦૫.૦૨.૨૦૨૫ થી ૦૪.૦૩.૨૦૨૫ સુધી બંધ રહેશે. પેસેન્જરોના ઉપયોગ માટે ઉત્તર પશ્ચિમ બાજુએ અન્ય સીડીઓ તેમજ FOB પર ઉપલબ્ધ છે તે ખુલ્લા રહેશે. મુસાફરોને પડતી અસુવિધા માટે ખૂબ જ ખેદ છે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
1029

અમને લાઈક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly

# શિંદે-સેનાના દહાણુના નેતાનો મૃતદેહ અપહરણના ૧૦ દિવસે ભિલાડમાંથી મળ્યો



મુંબઈઃ શિવસેના શિંદે જૂથના દહાણુના પદાધિકારી અશોક ધોડીના અપહરણ કેસમાં આંચકાજનક વળાંક આવ્યો હતો. અપહરણ કરાયાના ૧૦ દિવસ બાદ ધોડીની કાર ગુજરાતના ભિલાડ ખાતે પથ્થરની ખાણ પાસેના તળાવમાંથી મળી આવી હતી. કારમાં ધોડીનો મૃતદેહ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

શિવસેનાના પદાધિકારી અને હોટેલ વ્યાવસાયિક અશોક ધોડી ૨૦ જાન્યુઆરીથી ગુમ હતો. આ પ્રકરણે તેની પત્નીએ ઘોલવડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં ધોડીના ભાઈ અવિનાશ ધોડી સહિત અન્યો વિરુદ્ધ શંકા વ્યક્ત કરાઈ હતી. આ મામલે પોલીસે અવિનાશ સહિત પાંચ જણને તાબામાં લઈ પૂછપરછ શરૂ કરી હતી, પરંતુ અધિકારીને બીજા કામમાં વ્યસ્ત જોઈ અવિનાશ પોલીસ સ્ટેશનમાંથી પસાર થઈ ગયો હતો. પછી તેની કોઈ ભાળ મળી નહોતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે અશોક (જુઓ પાનું ૪) ▸▸

# આવતા અઠવાડિયે મુંબઈના અનેક વિસ્તારોમાં ૩૦ કલાક પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી ૨,૪૦૦ મિલિમીટર વ્યાસની પાઈપલાઈનના કામ માટે આવતા અઠવાડિયે બુધવારથી ગુરુવાર સાંજ સુધી ૩૦ કલાક માટે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના અમુક વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે. આ દરમ્યાન નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની અપીલ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પવઈ ઍકર બ્લોકથી મરોશી વોટરટનલ (ટનલ શાફ્ટ) દરમ્યાન પાલિકા મારફત નવી ૨,૪૦૦ મિલિમીટર વ્યાસની પાણીની પાઈપલાઈનને નાખવાનું કામ પૂરું થયું છે. તેથી ૧,૮૦૦ મિલિમીટર લ્યાસની તાનસા-પૂર્વ અને પશ્ચિમ આ બે પાઈપલાઈન આંશિક રીતે ખંડિત કરીને નવી ૨,૪૦૦ મિલિમીટર ન્યાસની પાઈપલાઈનને ચાલુ કરવામાં આવવાની છે.

આ કામ બુધવાર પાંચ ફેબ્રુઆરી, ૨૦૨૫ના સવારના ૧૧ વાગ્યાથી ગુરુવાર, છ ફેબ્રુઆરી, ૨૦૨૫ના સાંજના પાંચ વાગ્યા સુધી ૩૦ કલાક માટે ઉપનગરના એસ, એલ, કે-પૂર્વ, એચ-પૂર્વ અને જી-ઉત્તર વોર્ડના અમુક વિસ્તારમાં (જુઓ પાનું ૪) ▸▸















# સૈફ પરનો હુમલાખોર શરીફુલ જઃ ફેશિયલ રેકગ્નિશન ટેસ્ટમાં ખાતરી થઈ


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસી બોલીવૂડના સ્ટાર સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરનારો શકમંદ શરીફુલ ફકીર જ હોવાની ખાતરી ફેશિયલ રેકગ્નિશન ટેસ્ટના અહેવાલ પરથી થઈ હતી. સૈફ રહે છે તે બિલ્ડિંગ સહિત વિવિધ સ્થળના સીસીટીવી કેમેરાનાં ફૂટેજમાં ઝડપાયેલા શકમંદનો ચહેરો શરીફુલ સાથે મેળ ખાતો હોવાનું અહેવાલમાં જણાવાયું હતું, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

સૈફ પરના હુમલાના કેસમાં પોલીસે બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ની ધરપકડ કરી હતી. જોકે સૈફ રહે છે તે શતગુરુ (જુઓ પાનું ૪) ▸▸












"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**